

પેજ-08

ટ્રોલર્સના સવાલ પર રાખી સાવંતે ધર્મ બદલવા અંગે મૌન તોડ્યું....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-09

અભિષેક શર્માએ શુભમન ગિલની વિકેટ ઝડપી ચોગ્ગા છગ્ગા વરસાવ્યા....

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 26.00 |
| વડોદરા | 34.00 | 26.00 |
| સુરત | 33.00 | 26.00 |

પેજ 5



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રીમતી સુનેત્રા અજીત પવારે 'ટાટા મુંબઈ....

09 SEPTEMBER-2026 WEDNESDAY

US-ઈરાન સંઘર્ષ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પની મોટી ભવિષ્યવાણી....



પેજ 10

.....સુવિચાર.....

દરેક વખતે મનને મનાવવું, એ જિંદગી જીવી કહેવાય, ક્યારેક મન નું પણ માનવું એ જિંદગી માણી કહેવાય

વર્ષ-15 । અંક-295 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ વદ -13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## 21,000 સુધીનો પગાર મેળવતા કર્મચારીઓને મળશે 20% સુધીનું બોનસ

# નવા લેબર કોડમાં સરકારની મોટી જાહેરાત અને બોનસનો લાભ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા બે નવા નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા છે. આ નોટિફિકેશનમાં સૌથી ખાસ વાત એ છે કે હવે 21,000 રૂપિયા પ્રતિ માસ સુધીનો પગાર મેળવતા તમામ કર્મચારીઓને કેટલીક શરતો હેઠળ બોનસનો લાભ મળશે. નોકરીદાતાએ આ બોનસ આપવું જ પડશે.જ્યારે બીજી તરફ, 21000 રૂપિયા પ્રતિ માસથી વધુ પગાર મેળવતા કર્મચારીઓ માટે આ બોનસ ફરજિયાત નથી. તેનો અર્થ એ છે કે કંપની 21,000 થી વધુ પગારવાળાને બોનસ આપવા માટે બંધાયેલી રહેશે નહીં. ફક્ત 21,000 રૂપિયા સુધીના પગારવાળા જ આ બોનસનો લાભ લઈ શકે છે. નવા વેતન આયોગના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે વેતન સંહિતા, 2019ની કલમ 26(1) અનુસાર, દર મહિને 21000 રૂપિયાથી ઓછો પગાર મેળવનાર કર્મચારી બોનસ મેળવી શકે છે, પરંતુ શરત એ છે કે વર્ષમાં ઓછામાં ઓછા 30 દિવસ કામ કર્યું હોય.



### 21 હજારથી વધુ પગાર ધરાવતા કર્મચારીઓ માટે નિયમ

બીજી તરફ, દર મહિને 21000 રૂપિયાથી વધુ પગાર મેળવતા કર્મચારીઓ માટે આ બોનસ ફરજિયાત નથી. તેનો અર્થ એ છે કે કંપની 21 હજારથી વધુ પગાર ધરાવતા લોકોને બોનસ આપવા માટે બંધાયેલી રહેશે નહીં. માત્ર 21,000 રૂપિયા સુધીનો પગાર ધરાવતા લોકો જ આ બોનસનો લાભ લઈ શકે છે.

### બોનસ મેળવવા માટેની પાત્રતા અને શરતો

નવા પગાર પંચના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે વેતન સંહિતા, 2019ની કલમ 26(1) અનુસાર, દર મહિને 21000 રૂપિયાથી ઓછો પગાર મેળવનાર કર્મચારી બોનસ મેળવી શકે છે, પરંતુ શરત એ છે કે વર્ષમાં ઓછામાં ઓછા 30 દિવસ કામ કરેલું હોવું જોઈએ.

### બોનસ ગણતરીનો આધાર અને લઘુત્તમ વેતનનો નિયમ

કર્મચારીઓને બોનસ કેટલું અને કયા આધારે આપવામાં આવશે? પાત્ર કર્મચારીઓને મળતું વાર્ષિક બોનસ ઓછામાં ઓછું પગારના 8.33 ટકા અને મહત્તમ 20 ટકા રહેશે. આ બોનસની ગણતરી- દર મહિને 7,000 રૂપિયા અથવા લાગુ પડતા લઘુત્તમ વેતનમાંથી, જે પણ વધુ હોય તેના આધારે કરવામાં આવશે. ધારી લો કે તમે દર મહિને 15,000 રૂપિયા કમાઓ છો, પરંતુ એવા રાજ્યમાં કામ કરો છો જ્યાં તમારા દ્વારા કરવામાં આવેલા કામ માટે લઘુત્તમ વેતન 10,000 રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે.

### બોનસ ચુકવણી માટેની સમયસીમા અને નિયમો

કોડ ઓન વેજીસ, 2019' ની કલમ 39 (1) અનુસાર, કર્મચારીને બોનસ તરીકે આપવામાં આવેલી તમામ રકમની ચુકવણી એકાઉન્ટિંગ વર્ષ પૂરું થયાના આઠ મહિનાની અંદર કર્મચારીના બેંક ખાતામાં જમા કરીને કરી દેવી જોઈએ. જો એમ્પ્લોયર સમય લંબાવવા માટે પૂરતું કારણ દર્શાવીને અરજી કરે છે, તો આ સમયગાળો બે વર્ષ સુધી લંબાવી શકાય છે. 'પેમેન્ટ ઓફ બોનસ એક્ટ, 1965' ની કલમ 19 માં પણ એકાઉન્ટિંગ વર્ષ પૂરું થયા પછી 8 મહિનાની સમયસીમા નક્કી કરવામાં આવી હતી.

## દેશનો રૂપિયો લૂંટીને વિદેશ ભાગી જનારાઓ પર કસાશે શિકંજો

### નાણાકીય ગુનેગારોની પરત ફરવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે નવી પદ્ધતિ બનાવશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ભારત આગામી 18મી બ્રિક્સ સમિટમાં આર્થિક ગુનેગારોની પરત ફરવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે નવી પદ્ધતિ રજૂ કરશે. આનાથી સભ્ય દેશો વચ્ચે ગુપ્ત માહિતીની તાત્કાલિક વહેંચણી શક્ય બનશે, જેનાથી પ્રત્યાર્પણ સરળ બનશે. ભારત 12થી13 સપ્ટેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં 18મી બ્રિક્સ સમિટનું આયોજન કરાયુ છે. આ મુખ્ય કાર્યક્રમમાં દેશનું મુખ્ય ધ્યાન કરોડો રૂપિયાની ઉચાપત કરીને વિદેશ ભાગી ગયેલા આર્થિક ગુનેગારો પર ફાંસો કડક બનાવવા પર રહેશે. ભારત સભ્ય દેશો સમક્ષ પ્રસ્તાવ રજૂ કરવા જઈ રહ્યું છે. જે ભાગેડુઓને શોધવા અને સ્વદેશ પરત મોકલવાની પ્રક્રિયાને નોંધપાત્ર રીતે ઝડપી બનાવશે. નવા માળખાનો હેતુ દેશો વચ્ચે ઝડપી ગુપ્ત માહિતી શેરિંગ સુનિશ્ચિત કરવાનો છે. પ્રારંભિક તપાસ દરમિયાન નિર્ધારિત ફોર્મેટમાં ડેટા શેર કરવામાં આવશે.

BRICS INDIA 2026

▪ ભારત આગામી 18મી બ્રિક્સ સમિટમાં આર્થિક ગુનેગારોની પરત ફરવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે નવી પદ્ધતિ રજૂ કરશે

**ડિજિટલ સંપત્તિઓ પર ખાસ ધ્યાન :** આર્થિક ગુનેગારો આજે તપાસથી બચવા માટે ફિનટેક પ્લેટફોર્મ પર વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓનો આશરો લે છે. આ સંપત્તિઓને ટ્રેક કરવી અને ફ્રીઝ કરવી એ એક મોટો પડકાર સાબિત થાય છે. નવું માળખું આ સમસ્યાને ઉકેલવા માટે રચાયેલ છે. અગાઉ, જ્યારે ભારત G20 નું પ્રમુખપદ સંભાળતું હતું, ત્યારે દેશે ક્રિપ્ટો-સંપત્તિઓનું નિયમન કરવા માટે વૈશ્વિક મોડેલની હિમાયત કરી હતી. આ નાણાકીય ગુનાઓ સામે મજબૂત પગલાં લેવાની ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાની ક્ષમતા વધશે

### ₹1.10 લાખ કરોડના પ્રસ્તાવો મંજૂર

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

સરકારે ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાને મજબૂત બનાવવા માટે 1.10 લાખ કરોડના સંરક્ષણ ખરીદીને મંજૂરી આપી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.કેન્દ્ર સરકારે ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાની ક્ષમતાઓ વધારવા માટે સંરક્ષણ ખરીદી અંગે એક મોટો નિર્ણય લીધો છે. 7 સપ્ટેમ્બર, 2026 ના રોજ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી સંરક્ષણ સંપાદન પરિષદ ની બેઠક દરમિયાન આશરે 1.10 લાખ કરોડના સંરક્ષણ ખરીદી માટેના પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી હતી.DAC એ આ દરખાસ્તોને 'જરૂરિયાતની સ્વીકૃતિ' (AoN) - અથવા સૈદ્ધાંતિક વહીવટી મંજૂરી - આપી છે. નોંધનીય છે કે, મંજૂર થયેલી ખરીદીમાંથી લગભગ 98 ટકા ખરીદી ભારતીય ઉદ્યોગમાંથી મેળવવામાં આવશે. આનો અર્થ એ છે કે સ્થાનિક સંરક્ષણ કંપનીઓ અને સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનને પણ આ મુખ્ય સંરક્ષણ પેકેજનો લાભ મળશે.

## MPમાં ભારતની સૌથી ભ્રષ્ટ સરકાર : રાહુલ ગાંધી



નવી દિલ્હી । રાહુલ ગાંધીએ સાગરમાં ઝેરી દારૂથી થયેલા મૃત્યુ બાદ X પર લખ્યું - ભારતના સૌથી ભ્રષ્ટ સરકારવાળા રાજ્ય મધ્યપ્રદેશમાં શાસન નામની કોઈ વસ્તુ બચી જ નથી. દવા ઝેરી. દારૂ ઝેરી. પાણી ઝેરી. નવા કાયદા બનાવી દેવામાં આવે છે, પરંતુ આગામી દુર્ઘટના સુધી તેમને કોઈ ભોંયરામાં નાખી દેવામાં આવે છે. તેમણે લખ્યું - ઝેરી દારૂએ પ્રદેશના સાગરમાં અનેક લોકોનો જીવ લઈને તે તમામ ઘરોમાં શોક ફેલાવી દીધો છે, પરંતુ મધ્યપ્રદેશને ખબર છે કે આગળ શું થશે. કેટલીક ધરપકડો થશે, કેટલાક અધિકારીઓ સસ્પેન્ડ થશે, તપાસના આદેશ થશે, કારણ કે આ પહેલીવાર નથી.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 10 September, 2026 | 6:30 PM | Vadodara |

Venue : Hampton by Hilton Vadodara - 14, Friends Co-op Society, Gujarat 390007

Name : Vrushank Brahmbhatt | Mobile : 8433535141

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.




SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

### 108 તાલુકાઓમાં આવેલા દરેક ગામમાં 'ગામ સત્યાગ્રહ'નું આયોજન થશે: પ્રવીણ રામ

# દુષ્કાળ જાહેર કરવા મુદ્દે આપનો પ્લાન B શરૂ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં ઓછા વરસાદના કારણે દુષ્કાળ જાહેર કરવો પડે એવી પરિસ્થિતિ છે. પરંતુ સરકાર દુષ્કાળ જાહેર કરતી નથી અને એટલા માટે ખંભાળિયા ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા ઈસુદાન ગઢવી દ્વારા પાંચ દિવસના ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું.



**જ્યાં સુધી દુષ્કાળ જાહેર કરવામાં નહીં આવે અને સરકાર ખેડૂતોને રાહત નહીં આપે ત્યાં સુધી આમ આદમી પાર્ટીની લડત ચાલુ રહેશે**

ત્યારબાદ પ્લાન B ની જાહેરાત કરવામાં આવી હતી. એ પ્રમાણે ગુજરાતમાં 10 ઈંચ કરતાં ઓછો વરસાદ અને જ્યાં 28 દિવસ સુધી સતત વરસાદ નથી પડ્યો એવા તાલુકાઓમાં આવેલા દરેક ગામની અંદર 'ગામ સત્યાગ્રહ'નું આયોજન કરવામાં આવશે. આમ આદમી પાર્ટીની 108 ટીમો દરેક ગામડાઓમાં જશે અને ગામે ગામ જઈને દુષ્કાળ જાહેર કરવાની જે અરજી છે એ અરજી ખેડૂતો પાસેથી લેવામાં આવશે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, આ તમામ અરજીઓ ભેગી કરીને બીજી ઓક્ટોબરના રોજ ગાંધીનગર ખાતે હજારોની સંખ્યામાં ખેડૂતો સાથે કૂચ કરવામાં આવશે અને સરકાર પાસે ખેડૂતો પોતાનો હક માંગશે. તો આ પ્લાન B આવતીકાલે તારીખ 9 સપ્ટેમ્બરથી શરૂ થાય છે. કાલથી 108 તાલુકાઓમાં આમ આદમી પાર્ટીની ટીમો જશે અને ગામડે ગામડેથી ખેડૂતો પાસેથી અરજી લેવામાં આવશે. તો આવતીકાલથી મોટા પ્રમાણમાં આંદોલનની શરૂઆત થશે. જ્યાં સુધી દુષ્કાળ જાહેર કરવામાં નહીં આવે અને સરકાર ખેડૂતોને રાહત નહીં આપે ત્યાં સુધી આમ આદમી પાર્ટીની લડાઈ ચાલુ રહેશે. જરૂરત પડી તો આવનારા સમયમાં પ્લાન C ની પણ જાહેરાત કરવામાં આવશે. અને આમ આદમી પાર્ટી ખેડૂતો માટે સતત લડતી રહેશે.

# આપ દ્વારા દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ પાર્ટ-૨ નો ૯ સપ્ટેમ્બરથી પ્રારંભ: ગામડે ગામડે ભરાશે અરજી ફોર્મ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ખંભાળિયા વિધાનસભા સંગઠન મંત્રી આલાભાઈ જામે એક પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલી રહેલા દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહના પાર્ટ-1 બાદ, હવે પાર્ટ-2 ની જાહેરાત મુજબ આગામી તા. 09 સપ્ટેમ્બરથી જિલ્લાના દરેક ગામમાં ખેડૂતો માટે 'દુષ્કાળગ્રસ્ત ખેડૂતની અરજી'નું ફોર્મ ભરાવવાનું અભિયાન શરૂ કરવામાં આવશે. આ સમગ્ર અભિયાન AAP પ્રદેશ પ્રમુખ તથા ખેડૂત નેતા ઈસુદાનભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવશે. જિલ્લામાં વરસાદના અભાવે ખેડૂતો, ખેતમજૂરો અને પશુપાલકોની હાલત અત્યંત કફોડી બની છે ત્યારે ખેડૂતોના હક અને અધિકાર માટે હવે દરેક ગામડેથી અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે.AAP નેતા આલાભાઈ જામે વધુમાં જણાવ્યું હતું કે, આ અરજી ફોર્મ દ્વારા ખેડૂતોની મુખ્ય માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે, પ્રથમ માંગ છે કે વરસાદના અભાવે અસરગ્રસ્ત તમામ વિસ્તારોને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર



કરવા. બીજી માંગ - ખેડૂતોને થયેલા ખેતી ખર્ચનું યોગ્ય વળતર / સહાય આપવી. ત્રીજી માંગ - પશુધન માટે પૂરતો અને નિયમિત ઘાસચારો ઉપલબ્ધ કરાવવો. ચોથી માંગ મુજબ ગ્રામજનો તેમજ પશુઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવી. અન્ય મહત્વપૂર્ણ માંગો છે જેમ કે, સિંચાઈની વૈકલ્પિક વ્યવસ્થા કરવી, ખેડૂતો અને ખેતમજૂરો માટે રોજગારીની વ્યવસ્થા કરવી, ગામમાં પશુચિકિત્સા અને દવાઓની સુવિધા આપવી, દુષ્કાળ અને કુદરતી આફત હેઠળની તમામ સરકારી સહાયનો ઝડપી અને પારદર્શક લાભ આપવો, આગામી ખરીફ સીઝન સુધી ખેડૂત પરિવારો માટે જીવનનિર્વાહ અને રાહત સહાય આપવી. ખેડૂતોને અપીલ કરવામાં આવે છે કે દરેક ખેડૂતે પોતાનું ફોર્મ અચૂક ભરવું અને પોતાના ગામના વધુમાં વધુ ખેડૂતોને આ અભિયાન સાથે જોડવા વિનંતી છે. આ લડાઈ કોઈ એક ખેડૂતની નથી - આ આપણા અન્નદાતા ખેડૂતોના હકની લડાઈ છે. દરેક ગામમાંથી અરજી - દરેક ખેડૂતનો અવાજ - સરકાર સુધી પહોંચાડવાનો સંકલ્પ છે.

# ગુજરાતમાંકોડીનયુક્તદવાઓનાગેરકાયદેવેચાણઅનેગેરઉપયોગ સામે તંત્રની લાલ આંખ:રાજ્યવ્યાપી સ્પેશ્યલ ડ્રાઇવ યોજાઈ

### આરોગ્ય મંત્રીની સૂચનાથી ત્રાટકેલું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર: ₹ 83 લાખથી વધુનો માલ પ્રતિબંધિત (સ્થગિત ), 7 પેઢીઓને નોટિસ અને એકનો પરવાનો રદ કરાયો







અમદાવાદ | આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં મળેલ બેઠક દરમિયાન આપવામાં આવેલ કડક સૂચના અન્વયે, કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદેસર ઉપયોગ,અનધિકૃત સંગ્રહ તથા વેચાણ ઉપર નિયંત્રણ લાવવા માટે ગુજરાત રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ (Special Drive) તા. ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ હાથ ધરવામાં આવી હતી. જેમાં બાલાજી ફાર્માનો 83 લાખથી વધુનો માલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિવિધ 7 પેઢીઓને નોટિસ અને એકનો પરવાનો રદ કરવામાં આવ્યો છે.આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ આ સંદર્ભે કહ્યું હતું કે,તંત્ર દ્વારા કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદેસર સંગ્રહ, અનધિકૃત વેચાણ તથા ગેરઉપયોગ સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ સામે લાગુ કાયદા અને નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં જનતાના આરોગ્યના હિતમાં આવી દવાઓનો ઉપયોગ માત્ર માન્ય તબીબી પ્રિસ્ક્રિપ્શન તથા કાયદેસર માર્ગે જ થાય તે સુનિશ્ચિત કરવા માટે આરોગ્ય તંત્ર દ્વારા આ પ્રકારની તપાસ અને દેખરેખની કાર્યવાહી રાજ્યભરમાં સતત ચાલુ જ રહેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ સ્પેશ્યલ ડ્રાઇવ અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં આવેલ દવાના હોલસેલ તથા રિટેલ વેપારીઓની સઘન તપાસ હાથ ધરી, કોડીન ઘટક ધરાવતી દવાઓના ખરીદ-વેચાણ, સંગ્રહ તથા વિતરણ સંબંધિત રેકોર્ડની ચકાસણી કરવામાં આવી રહી છે. આ અભિયાન દરમિયાન અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ-૧ તથા મહેસાણા જિલ્લામાં હાથ ધરાયેલ તપાસમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવી છે: તપાસ દરમિયાન પેઢીના હાજર સ્ટોકમાંથી કોડીન ઘટક ધરાવતી Rexton-T Syrupની કુલ 37,762 બોટલ, MRP રૂ. 220/- પ્રતિ બોટલ, મળી આવી હતી. આ જથ્થાની અંદાજિત કિંમત રૂ. 83,07,640/- થાય છે. આ જથ્થાને વધુ ઉપયોગ/વેચાણ ન થાય તે માટે પ્રતિબંધિત (Prohibited) કરવામાં આવ્યો છે. વધુમાં, નિયત પ્રક્રિયા મુજબ પૃથ્થકરણ માટે Rexton-T Syrupનો નમૂનો લેવામાં આવ્યો છે. પેઢીના ખરીદ-વેચાણના રેકોર્ડની ચકાસણી કરતાં પેઢી દ્વારા મુખ્યત્વે કોડીન ઘટક ધરાવતી દવાઓનો વેપાર કરવામાં આવતો હોવાનું જણાયું છે. તપાસ દરમિયાન જણાયેલી ક્ષતિઓ અંગે પેઢીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે. તા.31/08/2026ના રોજ હાથ ધરાયેલ તપાસ દરમિયાન તપાસ દરમિયાન જણાયેલી ક્ષતિઓ અંગે કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવેલ હતો. પેઢીનો ખુલાસો સંતોષકારક ન જણાતા પેઢીનો દવા વેચાણનો પરવાનો રદ કરાયો છે.ફાર્માલિન લાઇફસાયન્સિસ, ચાંગોદર,અમદાવાદ ગ્રામ્ય: તપાસ દરમિયાન દવાઓના ખરીદ-વેચાણના બીલો તથા અન્ય ક્ષતિઓ અંગે પેઢીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે.રેઈન રેમેડીઝ,સાંતેજ,અમદાવાદ ગ્રામ્ય-ગાંધીનગર:* પેઢીમાં કોડીન ઘટક ધરાવતી દવાઓના ખરીદ-વેચાણ સંબંધિત બીલો તથા અન્ય રેકોર્ડની ચકાસણી કરવામાં આવી છે.

## News Brief

### શ્રાવણ કૃષ્ણ દ્વાદશીના પવિત્ર દિને સોમનાથ મહાદેવને કરાયો અદભુત 'દ્વાદશ જ્યોતિર્લિંગ' શૃંગાર, દર્શન કરી ભક્તો ધન્ય થયા



નરેન્દ્ર દવે | જૂનાગઢ

પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે ભક્તો માટે દરરોજ નિતનવા અને આકર્ષક શૃંગાર કરવામાં આવે છે. શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની દ્વાદશીના પવિત્ર અવસરે દેવાધિદેવ શિવ સોમનાથ મહાદેવને એક વિશેષ અને દિવ્ય 'દ્વાદશ જ્યોતિર્લિંગ' શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો. આ અલૌકિક શૃંગાર અંતર્ગત મંદિરના પવિત્ર ગર્ભગૃહને સુંદર અને સુગંધિત પુષ્પોથી કલાત્મક રીતે અલંકૃત કરવામાં આવ્યું હતું. ગર્ભગૃહમાં સોમનાથ મહાદેવની સાથે અન્ય ૧૧ શિવલિંગોને પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા. આ તમામ શિવલિંગોને સુંદર રીતે અલંકૃત કરી બાર જ્યોતિર્લિંગનું સ્વરૂપ આપી વિશેષ શૃંગાર કરવામાં આવ્યો હતો. ગર્ભગૃહમાં એકસાથે ભારતવર્ષના બારેય જ્યોતિર્લિંગના દર્શન થતાં એક અદભુત અને ઊર્જાવાન આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ થયું હતું. સોમનાથ દાદાના આ અનોખા 'દ્વાદશ જ્યોતિર્લિંગ' શૃંગારના દર્શનનો લ્હાવો રૂબરૂ તેમજ ઓનલાઈન માધ્યમથી લઈને દેશ-વિદેશના લાખો શિવભક્તો ભાવવિભોર બન્યા હતા અને ભારે ધન્યતા અનુભવી હતી.મહાદેવ ના આ દિવ્ય સ્વરૂપના દર્શન સાથે સમગ્ર મંદિર પરિસર 'જય સોમનાથ' અને 'હર હર મહાદેવ'ના નાદથી શિવમય બની ગયું હતું.

### નિવૃત શિક્ષકને વિશ્વાસમાં લઈ ભત્રીજાએ 28 લાખનું ફુલેકું ફેરવ્યું

mરાંદેસણના પ્રતીક મોલની પાછળ પ્રમુખ પ્રાઈડ ફ્લેટમાં રહેતા અને શિક્ષક તરીકે નિવૃત્ત મુકુન્દરાય ઈશ્વરલાલ મહેતા પોતાના દીકરા અંકુર સાથે નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. તેમના દીકરા અંકુરને કમરની ગંભીર બીમારી અને મોટાપો હોવાથી તેઓ ચાલી શકતા નથી કે કોઈ પ્રવૃત્તિ કરી શકતા નથી. એપ્રિલ 2025માં તેમનો ભત્રીજો વિદેહ મહેતા (ઉં.વ.29) મુશ્કેલીમાં મુકાયો હતો. પુના ખાતે રહેતા વિદેહને પરિવાર સાથે અણબનાવ થતાં ઘર બહાર કાઢી મુકાયો હતો અને તેની સામે ધંધૂકા કોર્ટમાં રોડ અકસ્માતનો કેસ ચાલતો હતો.

આ મુશ્કેલીના સમયે વિદેહે મદદ માટે પોતાના દાદા મુકુન્દરાયને ફોન કર્યો હતો. આથી દાદાની મમતા જાગી હતી અને તેમણે રૂબરૂ જઈને કોર્ટ કેસ તથા વકીલોના ખર્ચ પેટે 3 લાખ ચૂકવી તેને કાનૂની સંકટમાંથી ઉગાર્યો હતો. ત્યારબાદ નિસહાય બનેલા વિદેહને 17 એપ્રિલ 2025ના રોજ પોતાના ઘરમાં રહેવા આશરો પણ આપ્યો હતો.

જેના થોડા દિવસો બાદ વિદેહ મહેતા પોતાની મિત્ર મીનોતી પંડ્યાને ઘરે લાવવા લાગ્યો હતો. મીનોતી માસ ફાઈનાન્સમાં નોકરી કરતી હોવાનું જણાવી બંનેએ ટૂંક સમયમાં લગ્ન કરવાના હોવાની વાત કરી હતી. ત્યારબાદ બંનેએ મુકુન્દરાયને વિશ્વાસમાં લઈ માસ ફાઈનાન્સમાં નાણાં રોકી મોટું વળતર અપાવવાની લાલચ આપી હતી. દાદાએ પણ પોતાના જ ભત્રીજા પર અંધવિશ્વાસ મૂકી પોતાની સર્વિસ અને બચતના ટુકડે-ટુકડે મળીને 15 લાખ રોકડા સોંપી દીધા હતા.

### ધારી શહેરમાં 'બાપા સીતારામ હોન્ડા'ના નવા શોરૂમનો શુભઆરંભ કરાયો ધારાસભ્ય જે. વી.કાકડીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



અશોક મણવર | અમરેલી

અમરેલીના ધારી શહેરમાં બાપા સીતારામ હોન્ડા બાઈક શોરૂમના નવા સોપાનનો ભવ્ય શુભઆરંભ યોજાયો. કાઠી સમાજના યુવાન અને સમાજસેવામાં અગ્રેસર પ્રતાપભાઈ કામળિયા દ્વારા શોરૂમનો શુભઆરંભ ચલાલા નગરપાલિકાના પ્રમુખનું સન્માન કરી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરાયો.કાર્યક્રમમાં પૂજ્ય મહાવીરબાપુ ભગત, કોઠારી સ્વામીજી, ધારાસભ્ય જે.વી. કાકડિયા, ધારી નગરપાલિકા પ્રમુખ જયદીપભાઈ બસિયા સહિત આગેવાનોની ઉપસ્થિતિસંતો-મહંતો, રાજકીય-સામાજિક આગેવાનો, વિવિધ ગામોના સરપંચો અને યુવાનો મોટી સંખ્યામાં રહ્યા ઉપસ્થિત. ધારી શહેરમાં નવા શોરૂમના પ્રારંભ સાથે બાપા સીતારામ હોન્ડાની નવી શરૂઆત કરવામાં આવી.

### શાહુકારોને તાકીદ : વડોદરા જિલ્લા રજિસ્ટ્રારની આખરી નોટિસ

વડોદરા | શાહુકારોના નિબંધક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાની કચેરી દ્વારા જિલ્લામાં નોંધાયેલા તમામ લાયસન્સધારક શાહુકારોને કાયદાકીય જોગવાઈઓના ચુસ્ત પાલન માટે તાકીદ કરવામાં આવે છે. વડોદરા જિલ્લામાં હાલમાં વડોદરા શહેર તથા વડોદરા ગ્રામ્ય હેઠળ ૯૬૪, પાદરા તાલુકામાં ૧૩૨, ડભોઈમાં ૩૦, ડેસરમાં ૨૫, સાવલીમાં ૨૪, કરજણમાં ૧૯, વાઘોડિયામાં ૧૩ અને શિનોરમાં ૧૨ મળીને કુલ ૧,૨૧૯ શાહુકારો નોંધાયેલા છે. આ તમામ લાયસન્સધારક શાહુકારોએ ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અને નિયમો-૨૦૧૩ ની જોગવાઈઓ મુજબ વાર્ષિક ઓડિટ તથા પત્રકોની ઓનલાઈન કામગીરી કરવી ફરજિયાત છે.આ કાયદાકીય જોગવાઈઓને અનુલક્ષીને, ૫૦ લાખથી ઓછું ધિરાણ ધરાવતા શાહુકારોએ તેમના ધીરધારના ધંધાના છેલ્લા ૦૫ વર્ષના હિસાબી પત્રકો અને કુલ ટર્નઓવરની વિગતો આગામી ૧૫ દિવસમાં અત્રેની કચેરી ખાતે અચૂક રજૂ કરવાની રહેશે. જે શાહુકારોના ધંધાનું ટર્નઓવર શૂન્ય હોય, તેઓએ પણ ઉપરોક્ત સમયમર્યાદામાં 'નીલ' પત્રકો રજૂ કરવાના રહેશે.


## પરંપરા ડેરી ડિલાઇટ્સ લિમિટેડ

(અગાઉ એ એન્ડ એમ જંબો બેગ્સ લિમિટેડ તરીકે જાણીતી હતી)
(સીઆઈએન: L25202GJ2011PLC065632)
રજિ. ઓફિસ: B-912, 9th ફ્લોર, સ્વાતિ ટ્રિનિટી, એપલવુડ્સ ટાઉનશિપ, શેલા, અમદાવાદ-380058, ગુજરાત, ભારત | મોબાઈલ: 8980733733
ઈ-મેલ: cs@paramparadairy.com | વેબસાઈટ: www.paramparadairy.com

**વિડિયો કોન્ફરન્સિંગ / અન્ય ઓડિયો વિઝ્યુઅલ દ્વારા યોજાનારી ૧૫મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ની નોટિસ અને બુક ક્લોઝર**

આથી નોટિસ આપવામાં આવે છે કે પરંપરા ડેરી ડિલાઇટ્સ લિમિટેડના સભ્યોની ૧૫મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') AGM ની નોટિસમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવા માટે બુધવાર, September 30, 2026 ના રોજ બપોરે 12:30 વાગ્યે (IST) વિડિયો કોન્ફરન્સિંગ ('VC') સુવિધા / અન્ય ઓડિયો વિઝ્યુઅલ સાધનો ('OAVM') દ્વારા યોજાશે.
MCA પરિપત્રો અને SEBI પરિપત્રોનું પાલન કરીને, ૧૫મી AGM ની નોટિસ વાર્ષિક અહેવાલ (F.Y. 2025-26) સાથે September 8, 2026 ના રોજ ફક્ત તે જ સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી છે જેમના ઈ-મેલ સરનામા કંપની અથવા રજિસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટ અને ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા છે.
કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 108 ની જોગવાઈઓ સાથે વંચાણમાં લેવાયેલ કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન રૂલ્સ), 2014 ના નિયમ 20 અને સમયાંતરે થયેલા સુધારા તથા SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાઈરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ 2015 ના રેગ્યુલેશન 44 અને જનરલ મીટિંગ સંબંધિત સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ્સ (SS-2) અનુસાર, કંપની AGM ની નોટિસમાં જણાવેલ તમામ ઠરાવો પર તેમના મત આપવા માટે તમામ સભ્યોને રિમોટ ઈ-વોટિંગ સુવિધા ('રિમોટ ઈ-વોટિંગ') પ્રદાન કરતાં આનંદ અનુભવે છે. આ ઉપરાંત, કંપની એવા તમામ સભ્યો માટે AGM દરમિયાન ઈ-વોટિંગ (ઈ-વોટિંગ) ની સુવિધા પ્રદાન કરી રહી છે જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાના મત આપ્યા નથી.
આ અંગેની પ્રક્રિયા/સૂચનાઓ AGM ની નોટિસમાં આપવામાં આવી છે.
a.ઈ-વોટિંગ સુવિધા અંગેની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| મતદાન કરવા માટે પાત્ર સભ્યો નક્કી કરવા માટેની કટ ઓફ તારીખ | બુધવાર, 23rd September, 2026 |
| ઈ - વોટિંગ સમયગાળાની શરૂઆત | રવિવાર, 27th September, 2026 ના રોજ સવારે 9:00 A.M. (IST) |
| ઈ - વોટિંગ સમયગાળાની સમાપ્તિ | મંગળવાર, 29th September, 2026 ના રોજ સાંજે 5:00 P.M. (IST) |

CDSL દ્વારા ઈ-વોટિંગ નિષ્ક્રિય કરવામાં આવશે અને સભ્યોને ઉપરોક્ત તારીખ અને સમય પછી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
b. બુધવાર, September 23, 2026 ('કટ-ઓફ તારીખ') ના રોજ કંપનીની ભરપાઈ થયેલ ઈક્વિટી શેર મૂડીના તેમના હિસ્સાના પ્રમાણમાં સભ્યોના મતદાન હકો રહેશે. AGM દરમિયાન પણ ઈ-વોટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે અને AGM માં હાજરી આપનાર સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ મીટિંગ દરમિયાન તેમના અધિકારનો ઉપયોગ કરવા માટે પાત્ર બનશે. કટ-ઓફ તારીખ મુજબ સભ્યોની રજિસ્ટરમાં / ફાયદાકારક માલિકોના રજિસ્ટરમાં જે વ્યક્તિનું નામ નોંધાયેલું છે માત્ર તે જ વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ અથવા AGM માં ઈ-વોટિંગની સુવિધાનો લાભ મેળવવા માટે હકદાર રહેશે.
c. કોઈપણ વ્યક્તિ જે કંપનીના શેર મેળવે છે અને નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ મુજબ શેર ધરાવે છે, તે CDSL દ્વારા પૂરા પાડવામાં આવ્યા મુજબ helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને રિમોટ ઈ-વોટિંગ માટે લોગિન-આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.
d. AGM પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપનાર સભ્યો પણ ઈલેક્ટ્રોનિક માધ્યમથી AGM માં હાજરી આપી શકે છે, પરંતુ તેઓ ફરીથી મત આપવા માટે હકદાર રહેશે નહીં.
આથી વધુ નોટિસ આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 91 અને SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાઈરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ના રેગ્યુલેશન 42 અનુસાર સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર પુસ્તકો ગુરુવાર, September 24, 2026 થી બુધવાર, September 30, 2026 સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.
સભ્યોને વિનંતી છે કે તેઓ AGM ની નોટિસમાં જણાવેલ તમામ નોંધો અને AGM માં જોડાવાની સૂચનાઓ, AGM દરમિયાન રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપવાની રીત કાળજીપૂર્વક વાંચે.
જો તમને CDSL ઈ-વોટિંગ સિસ્ટમમાંથી AGM માં હાજરી આપવા અને ઈ-વોટિંગ અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે helpdesk.evoting@cdslindia.com પર ઈમેઈલ લખી શકો છો અથવા 022-23058738 અને 022-23058542/43 પર સંપર્ક કરી શકો છો.

**પરંપરા ડેરી ડિલાઇટ્સ લિમિટેડ માટે**
**સહી/-**
**સાવનકુમાર એસ શિંગાળા**
**મેનેજિંગ ડિરેક્ટર**
**(DIN: 08548046)**

તારીખ: September 08, 2026
સ્થળ: અમદાવાદ


### નર્મદામાં તિલકવાડાના લીલગઢ ગામે ખેડૂતો માટે કિસાન ગોષ્ઠી યોજાઈ

રાજપીપલા | નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકા સ્થિત લીલગઢ ગામે આત્મા પ્રોજેક્ટ અંતર્ગત કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. આ ગોષ્ઠી દરમિયાન પ્રાકૃતિક કૃષિ અને કઠોળ પાકોના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા મેળવવા અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પાણીની બચત અને તેના કાર્યક્ષમ ઉપયોગ માટે ખેડૂતોને પરંપરાગત પદ્ધતિના બદલે ટપક અને ફુવારા સિંચાઈ પદ્ધતિ અપનાવવા માટે ખાસ અનુરોધ કરાયો હતો.

### કચ્છના છેવાડાના લખપત તાલુકાના ગામોમાં જન્માષ્ટમીની શાનદાર ઉજવણી કરાઈ

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છના સરહદી અને છેવાડાના લખપત તાલુકાના ગામોમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની અતિ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વતનથી દૂર દેશ-પરદેશમાં વસતા ગ્રામજનો સાતમ-આઠમ નિમિત્તે પોતાની જન્મભૂમિમાં આવી પહોંચ્યા હતા, જેના કારણે ગામોમાં અનેરો ઉત્સવનો માહોલ છવાયો હતો.દયાપર : લખપત તાલુકાના મુખ્ય મથક દયાપરના સ્વામિનારાયણ નારાયણ મંદિર ખાતે જન્માષ્ટમીની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. મંદિરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ પ્રસંગે મટકી ફોડનું વિશેષ આયોજન રાખવામાં આવ્યું હતું, જેમાં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આરતીના યજમાન તરીકે ધનજીભાઈ ઠાકરાણી પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે મંદિરના પ્રમુખશ્રી, ટ્રસ્ટીગણ સહિત સમગ્ર ગ્રામજનો જોડાયા હતા. યુવક મંડળ દ્વારા ભારે જહેમત ઉઠાવી સુંદર



વ્યવસ્થા કરવામાં આવી હતી. સાતમ-આઠમ નિમિત્તે બહારથી મોટી સંખ્યામાં ગ્રામજનો વતનમાં આવ્યા હતા.દયાપર નજીક આવેલા દોલતપર ગામે લક્ષ્મીનારાયણ અને સ્વામિનારાયણ મંદિર ખાતે જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. મંદિર પરિસરમાં ભજન-કીર્તન અને કૃષ્ણ જન્મોત્સવની ઝાંખી રજૂ કરવામાં આવી હતી. યુવક મંડળ અને યુવતી મંડળ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. સમગ્ર ગામમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.તો તાલુકાના છેવાડાના સિયોત ગામમાં પણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સિયોત એ કડવા પાટીદાર સમાજનું છેલ્લું ગામ ગણાય છે. અહીં સાતમ-આઠમ નિમિત્તે બહાર વસતા પાટીદાર સમાજના સેંકડો પરિવારો પોતાની જન્મભૂમિમાં આવી પહોંચ્યા હતા. અહીં તમામ સમાજના લોકો સાથે મળીને એકતા અને ભાઈચારાથી ઉજવણી કરે છે, જે કચ્છની સંસ્કૃતિની સાચી ઓળખ છે.

### બનાવનું કારણ જાણવા વાલીએ શાળાએ ગયા તો CCTV બંધ મળ્યા,DEOએ રિપોર્ટ માગ્યો

# શારદા વિદ્યામંદિરમાં વિદ્યાર્થીને તીક્ષ્ણ હથિયારનો ઘા વાગતા 15 ટાંકા લેવા પડ્યા

અમદાવાદ | ભૂયંગદેવ વિસ્તારમાં આવેલી શારદા વિદ્યામંદિર સ્કૂલ વિવાદમાં આવે છે. 31 તારીખે સ્કૂલ છુટયા પછી વિદ્યાર્થીને હાથમાં ગંભીર ઈજા થતા 15 ટાંકા લેવા પડ્યા હતા. ધોરણ 8ના વિદ્યાર્થીને હાથ પર તીક્ષ્ણ ઘા વાગ્યો કે કોઈએ માર્યો તે જાણવા માટે વાલીએ પ્રિન્સિપાલને રજૂઆત કરી હતી. તે સમયે ઘટના જાણવા માટે શાળા દ્વારા CCTV ની ચકાસણી પણ કરવામાં ન આવી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને ઘટના મુદ્દે જાણ પણ કરવામાં આવી નહતી. જો કે હવે શાળાએ તે સમયના જ CCTVનું રેકોર્ડિંગ ન થયું હોવાનું કારણ આગળ ધરી પોતાનો બચાવ કર્યો છે. તેમજ પ્રિન્સીપાલ દ્વારા ઘટનાના 6 દિવસ બાદ શાળા મેનેજમેન્ટને જાણ ન કરી ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થીને કોઈએ માર માર્યો છે કે વાગ્યું છે તે જાણતા તપાસ શરૂ કરવામાં આવી છે.ભૂયંગદેવ વિસ્તારમાં આવેલી શારદા વિદ્યામંદિર સ્કૂલમાં ધોરણ 8માં અભ્યાસ કરતો વિદ્યાર્થી 31 ઓગસ્ટ શાળા છૂટી ત્યારે બહાર આવ્યો હતો. જ્યારે વાનમાં બેસવા ગયો ત્યારે અન્ય વિદ્યાર્થીએ તેના હાથ પર લોહી નીકળતું જોયું હતું. શાળા છૂટ્યા બાદ તરત જ વાનમાં બેસવા આવેલા વિદ્યાર્થીના હાથ પર ગંભીર તીક્ષ્ણ ઘા વાગ્યો હતો. જેના કારણે લોહી પણ ખૂબ નીકળી રહ્યું હોવાથી વાન ચાલકે તેને પાટો બાંધી પ્રાથમિક સારવાર કરી હતી. ગંભીર ઈજા પહોંચી હોવાથી સ્કૂલ વાન ચાલક વિદ્યાર્થીને તેના ઘરે ઉતારી ગયો હતો. જો કે બાળકને ગંભીર રીતે ઈજા થતા માતા પિતા તેને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ગંભીર ઈજા થઈ હોવાથી તેને 15 જેટલા ટાંકા આવ્યા હતા.હાથ પર ગંભીર ઘા કઈ રીતે વિદ્યાર્થીને ગંભીર રીતે વાગ્યો તે જાણવા માટે ધોરણ 8ના વિદ્યાર્થીના વાલીએ શાળામાં રજૂઆત કરી હતી. સેવનથ ડે બાદ પણ ઘટનાની ગંભીરતાને ન સમજી શાળાએ તે સમયે CCTV તપસ્યા જ નહીં. તેમજ વાલીને સોમવારે CCTV જોવા આવવા કહ્યું હતું. પરંતુ સોમવારે દિવ્ય ભાસ્કરની ટીમ પહોંચી ત્યારે તે સમયના CCTV બંધ હોવાનું કહી પોતાનો બચાવ કર્યો છે. આખો દિવસ CCTV ચાલુ હતા અને તે સમયે જ CCTV ટેક્નિકલ કારણસર બંધ થયા હોવાનું કારણ આગળ ધરતા અનેક સવાલ ઊભા થયા છે. વિદ્યાર્થીને તીક્ષ્ણ ઘા કઈ રીતે વાગ્યો તે જાણવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ સમગ્ર ઘટનાનો રિપોર્ટ અને CCTV રજૂ કરવા માટે સૂચના આપી છે.મારા દીકરાને શાળામાં હાથ પર કંઈક લાગ્યું હતું. શું લાગ્યું હતું તેની દીકરાને પણ કોઈ જાણ નથી. જેથી અમે શાળાના CCTV બતાવવા માટે શિક્ષકને કહ્યું છે. આજે અમને CCTV ચેક કરવા બોલાવવામાં આવ્યા હતા. જેથી જો CCTV બતાવે તો ખ્યાલ આવે કે કઈ રીતે લાગ્યું છે.વિદ્યાર્થીઓ શાળામાંથી છૂટીને સીધો જ મારી વાનમાં બેસી ગયો છે. જે દરમિયાન અન્ય એક વિદ્યાર્થીએ તેના હાથમાંથી લોહી નીકળતું જોયું હતું. જેથી મને તેની જાણ થતા મેં તેને હાથ પર પાટો બાંધી આપ્યો છે. કઈ રીતે હાથ પર લાગ્યું છે તેની જાણ પણ વિદ્યાર્થીને નહતી. ઘા ખૂબ મોટો હતો એટલે લોહી પણ નીકળ્યું હતું. જો કે તે બાદ તેને પાટો બાંધીને વાનમાં બેસાડી તેના ઘરે ઉતારીને નીકળી ગયો હતો.શારદા વિદ્યામંદિરના ટ્રસ્ટી સુરેશ બારોટે જણાવ્યું હતું કે, આજે સવારે જ મને પણ સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. જેથી પ્રિન્સિપાલને બોલાવીને તપાસ કરતા એવું જાણવા મળ્યું કે, સ્કૂલમાં વિદ્યાર્થીને લાગ્યું નથી. જ્યારે વિદ્યાર્થી સ્કૂલમાંથી બહાર નીકળીને વાનમાં બેઠો ત્યારે તેને બીજા વિદ્યાર્થીએ કીધું તને લાગ્યું છે ત્યારે તેને ખબર પડી હતી. મને જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસમાંથી જાણ થઈ ત્યારે આવી ઘટના બની હોવાનો ખ્યાલ આવ્યો છે. વાલી જ્યારે પ્રિન્સિપાલને મળ્યા ત્યારે તેમને તપાસ કરીને જાણ કરવા કહેવામાં આવ્યું હતું. જેથી હવે સમગ્ર ઘટનાની તપાસ પણ કરવા સૂચના આપી છે. વધુમાં સુરેશ બારોટએ જણાવ્યું હતું કે, જો કે CCTV ચેક કર્યા તો આખા દિવસનું ફૂટેજ મળ્યું છે પરંતુ તે સમયના જ ત્રણથી ચાર કલાકના ફૂટેજ મળ્યા નથી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ કાર્યોની પ્રશંસા કરી, વડોદરાવાસીઓએ સ્વચ્છતા અને વૃક્ષારોપણથી આવકાર્યા

# વડાપ્રધાન મોદીના પ્રવાસથી ગુજરાતનો વિકાસ વેગવંતો બન્યો

(એજન્સી) વડોદરા I તા. 08

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશેષ વડોદરા પ્રવાસ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના નેતૃત્વમાં થયેલા અદ્ભુત અને અભૂતપૂર્વ વિકાસ કાર્યોની ભરપૂર સરાહના કરી હતી, જ્યાં સ્થાનિક નાગરિકો અને વડોદરાવાસીઓએ સ્વચ્છતા અભિયાન તથા વ્યાપક વૃક્ષારોપણ કરીને વડાપ્રધાનનું ભવ્ય અને હાર્દિક સ્વાગત કર્યું હતું અને ગુજરાતની પ્રગતિની યશગાથાને વધુ એકવાર વિશ્વ સમક્ષ ઉજાગર કરી હતી.



વડોદરા ખાતે યોજાયેલા ભવ્ય જનસમારોહ અને કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરતા જણાવ્યું હતું કે યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત નેતૃત્વ અને દૂરદર્શિતાને કારણે આજે વૈશ્વિક સ્તરે ભારત દેશની અદભૂત શક્તિનો પરિચય થઈ રહ્યો છે. દેશની સાથે સાથે આપણા ગુજરાત રાજ્યમાં પણ રેલવે નેટવર્ક, અત્યાધુનિક રસ્તાઓ, રમતગમતની સવલતો અને અન્ય મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓમાં અત્યંત ઝડપી અને સંતોષકારક વિકાસ જોવા મળી રહ્યો છે. અગાઉના સમયમાં જે લક્ષ્યો કે વિઝનને તદ્દન અશક્ય અને કલ્પના બહારના માનવામાં આવતા હતા, તે તમામ પડકારોને વડાપ્રધાને પોતાની દ્રઢ ઈચ્છાશક્તિથી તદ્દન શક્ય અને સાકાર કરીને બતાવ્યા છે, જેનાથી સમગ્ર રાજ્ય વિકાસના પંથે સતત સૌથી આગળ અગ્રેસર રહેલું છે.

સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા પરિવર્તનના કાર્યોની વિગતો આપતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે રેલવે અને માર્ગોના વ્યાપક વિસ્તરણ થવાથી કૃષિ ક્ષેત્ર તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે માલસામાનની અવરજવર અને પરિવહન ખૂબ જ સરળ બનશે. આના પરિણામે રાજ્યના મહેનતુ ખેડૂતો તેમજ મોટા અને મધ્યમ ઉદ્યોગોને અવરજવર માટે ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે, જે આવનારા સમયમાં આર્થિક વિકાસને વધુ તેજીથી વેગ આપશે. આ ઉપરાંત સરકારની મહત્વાકાંક્ષી આવાસ યોજનાઓની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારો માટે સુંદર પાકા મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યારે રાજ્યની પ્રજાને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે વિશેષ અભિયાનો ચલાવવામાં આવ્યા છે.

વડોદરાવાસીઓએ વડાપ્રધાનના સ્વાગતમાં જે અનોખી પહેલ કરી છે તેની પ્રશંસા કરતા મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે શહેરીજનોએ સ્વચ્છતા જાળવીને અને મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણની રક્ષાનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. આ પ્રકારના લોકઉપયોગી કાર્યોથી માત્ર નાગરિકોમાં જાગૃતિ જ નથી આવતી, પરંતુ શહેરની સુંદરતામાં પણ ચાર ચાંદ લાગી જાય છે. મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર વડાપ્રધાનના આ પ્રવાસથી સ્થાનિક વહીવટી તંત્ર પણ પૂરતી તૈયારીઓ સાથે સજ્જ રહ્યું હતું અને સમગ્ર કાર્યક્રમ દરમિયાન નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. માળખાકીય સુવિધાઓના સર્વાંગી વિકાસ અને લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓના માધ્યમથી ગુજરાત ભવિષ્યમાં પણ પ્રગતિના નવા શિખરો સર કરતું રહેશે તેવો વિશ્વાસ આ અવસરે વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વડોદરામાં પવિત્ર પર્યુષણ પર્વનો પ્રારંભ, દાદા પાર્શ્વનાથ દેરાસરનો પ્રાચીન ઈતિહાસ



વડોદરા | જૈન ધર્મના સૌથી પવિત્ર અને આરાધનાના મહાપર્વ એવા પર્યુષણ પર્વનો મંગળવારથી શહેરભરમાં મંગલ પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે શહેરના મુખ્ય માર્ગ પર આવેલા ઐતિહાસિક નરસિંહજીની પોળ સ્થિત ચારસો વર્ષ જૂના શ્રી દાદા પાર્શ્વનાથ દેરાસરની પાંચ હજાર પાંચસો વર્ષ જૂની દરિયાઈ રેતીમાંથી નિર્મિત દિવ્ય મૂર્તિ અને તેના ઈતિહાસને લઈને ભાવિક ભક્તોમાં અદભૂત શ્રદ્ધા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના એમ.જી. રોડ પર આવેલા આ પ્રાચીન જૈન ધર્મસ્થળના ઈતિહાસ પર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર દ્વારા મહત્વપૂર્ણ સંશોધન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સત્તરસો છન્નુંમાં પૂજ્ય મુનિશ્રીને વડોદરા પધારવા માટે લખાયેલા સચિત્ર વિનંતીપત્ર અથવા વિજ્ઞાપ્તિપત્રમાં આ દેરાસર અને ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાનું ખૂબ જ સુંદર અને આબેહૂબ વર્ણન જોવા મળે છે. કાગળ કે કાપડના વિંટા પર લખાતી આ પ્રાચીન પ્રથા તે સમયની સંસ્કૃતિ અને વડોદરાના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરે છે.

## નર્મદા જિલ્લામાં સેવા સેતુ કેમ્પનું ભવ્ય આયોજન, સેવા સેતુ કાર્યક્રમથી નાગરિકોને ઘર આંગણે લાભ

(એજન્સી) રાજપીપલા I તા. 08

નર્મદા જિલ્લામાં સ્થાનિક નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ અત્યંત સરળતાથી, ઝડપથી અને પોતાના નજીકના સ્થળે જ મળી રહે તેવા મહાન ઉદ્દેશ્ય સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી એકવીસ સપ્ટેમ્બરથી નવ ઓક્ટોબર દરમિયાન 'સેવા સેતુ' ના બીજા તબક્કા અંતર્ગત ભવ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોના જરૂરિયાતમંદ લોકોને દસ્તાવેજી કામગીરી અને માર્ગદર્શન માટે સરકારી કચેરીઓના લાંબા ધક્કા ખાવામાંથી મોટી રાહત મળશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચૌત્રીસ અને શહેરી વિસ્તારોમાં બે મળીને કુલ છત્રીસ મહત્વપૂર્ણ ક્લસ્ટર બનાવીને આ વિશેષ કેમ્પોનું સંચાલન કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત આશરે આઠથી દસ ગામોને એક જ ક્લસ્ટરમાં આવરી લઈને દરેક ક્લસ્ટર દીઠ એક સુવિધાજનક સેવા સેતુ કેમ્પ યોજવામાં આવશે. આગામી એકવીસ સપ્ટેમ્બરથી શરૂ થઈને નવ ઓક્ટોબર સુધી ચાલનાર આ અભિયાનમાં સમગ્ર તાલુકા વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે, જેથી પ્રત્યેક નાગરિક પોતાના વિસ્તારમાં જ રહીને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ પ્રાપ્ત કરી શકે. નાંદોદ તાલુકામાં એકવીસ સપ્ટેમ્બરે ભદામથી શરૂઆત થઈને ક્રમશઃ ગાડીત, પ્રતાપનગર, મોટા લીમટવાડા, લાછરસ અને રાજપરા ખાતે કેમ્પ યોજાશે. ગરુડેશ્વર તાલુકામાં વવીયાલા, ગડોદ, બોરીયા, ગોરા, અકતેશ્વર તથા હરીપુરા ખાતે કેમ્પોનું આયોજન કરાયું છે. તિલકવાડા તાલુકામાં બંદરપુરા, આલમપુરા, વઘેલી, ભાદરવા, હાફીસપુરા અને જલોદરાનો સમાવેશ થાય છે. દેડિયાપાડા તાલુકામાં ફુલસર, નિવાલ્દા, બંટાવાડી, સગાઈ અને સેજપુર ખાતે નાગરિકો માટે વ્યવસ્થા કરાઈ છે. સાગબારા તાલુકામાં પરોઢી, ગોટપાડા, દેવમોગરા, પાટલામહુ અને નાના કાકડીઆંબામાં કેમ્પ યોજાશે. ચીકદા તાલુકામાં બાબદા, કુંડીઆંબા, કેવડી, ચીકદા, ગોપાલિયા અને નાની બેડવાણના પ્રાથમિક શાળા પરિસરમાં નાગરિકોને સેવાઓ મળશે.

## વડોદરામાં સાયબર ઠગોએ નિવૃત્ત વડીલ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી

(એજન્સી) વડોદરા I તા. 08

શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાંથી નિવૃત્ત થયેલા નંદકિશોર અગ્રવાલને ગત દમી જુલાઈએ એક વોટ્સએપ ગ્રુપમાં જોડીને ઓનલાઈન રોકાણના નામે નકલી દસ્તાવેજો બતાવી વિશ્વાસમાં લઈને તબક્કાવાર છત્તર લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યા બાદ સામે દસ કરોડથી વધુનું નકલી બેલેન્સ બતાવીને માત્ર છ લાખ રૂપિયા પરત આપી બાકીની રકમ ન આપી શકાતા આખરે છેતરાયા હોવાનું જણાતા સાયબર સેલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આજના ડિજિટલ યુગમાં સાયબર ઠગો દ્વારા લોકો સાથે છેતરપિંડી કરવા માટે નવા નવા કીમિયા અપનાવવામાં આવી રહ્યા છે. વડોદરા શહેરમાં પણ આવા જ એક ગંભીર કિસ્સામાં ગોત્રી વિસ્તારના તીર્થ ડુપ્લેક્સમાં રહેતા નિવૃત્ત નાગરિક શિકાર બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ ઠગોએ તેમને પહેલા એક સામાન્ય ગ્રુપમાં અને પછી વીઆઈપી ગ્રુપમાં ઉમેરીને લોભામણી સ્કીમો બતાવી હતી. શરૂઆતમાં નાની રકમનું રોકાણ કરીને પરત મેળવ્યા બાદ વડીલનો વિશ્વાસ સંપૂર્ણપણે જીતી લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ મોટું રોકાણ કરાવવામાં આવ્યું હતું. ઠગોએ ભોળા નાગરિકને પોતાની જાળમાં ફસાવવા માટે સક્ષમ સત્તામંડળના નકલી દસ્તાવેજો રજૂ કર્યા હતા, જેના કારણે નિવૃત્ત વડીલને સાચા હોવાનો પૂરેપૂરો ભ્રમ થયો હતો. તેમણે પોતાની બચતના કુલ છત્તર લાખ રૂપિયા અલગ અલગ તબક્કે ઓનલાઈન માધ્યમથી રોકાણ કર્યા હતા. સાયબર ઠગોની ચાલાકી એવી હતી કે તેઓએ ઓનલાઈન પોર્ટલ પર નિવૃત્ત નાગરિકના ખાતામાં દસ કરોડ રૂપિયાથી વધુનું જંગી બેલેન્સ દેખાડ્યું હતું, પરંતુ જ્યારે આ રકમ બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે તે શક્ય બન્યું ન હતું.

જ્યારે ઓનલાઈન ખાતામાં દેખાતી રકમ ઉપાડી શકાતી ન હતી ત્યારે નિવૃત્ત નાગરિકને પોતાની સાથે મોટું વરવું પ્રકરણ આચરવામાં આવ્યું હોવાની શંકા ગઈ હતી. આ બાબતે તાત્કાલિક ધોરણે સાયબર સેલનો સંપર્ક કરીને સત્તાવાર ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

## નર્મદા જિલ્લામાં સેવાસેતુ કેમ્પથી ઘરઆંગણે મળશે સરકારી યોજનાઓનો લાભ

(એજન્સી) રાજપીપલા I તા. 08

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે પાયાના દસ્તાવેજો ખૂબ જ જરૂરી હોય છે, ત્યારે નર્મદા જિલ્લામાં પ્રજાજનોને આવા દસ્તાવેજો તથા વિવિધ સરકારી સેવાઓનો લાભ તેમના રહેઠાણની નજીકના સ્થળે અને શક્ય તેટલી સરળતાથી મળી રહે તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેના અંતર્ગત છેલ્લા એક માસમાં તેર હજારથી વધુ લાભાર્થીઓને આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે.

સેવાસેતુ કાર્યક્રમના પ્રથમ તબક્કા હેઠળ તારીખ છ ઓગસ્ટથી ઓગણીસ સપ્ટેમ્બર સુધી તાલુકા કક્ષાએ વિવિધ સેવાઓ અને દસ્તાવેજોને લગતી મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોને જરૂરી પાયાના દસ્તાવેજો તૈયાર કરાવવામાં મદદરૂપ થવાનો તેમજ વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવવાની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવાનો છે. આ કેમ્પ દરમિયાન નાગરિકોને આધારકાર્ડ નોંધણી, રાશનકાર્ડ સુધારા, આવકના દાખલા, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, મહેસૂલી રેકર્ડમાં વારસાઈ નોંધ, પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના, બેન્કિંગ સેવાઓ, કિસાન ક્રેડિટ કાર્ડ અને માતૃશક્તિ યોજના સહિતની અનેકવિધ સેવાઓનો સીધો લાભ મળી રહ્યો છે. નર્મદા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં ચોત્રીસ અને શહેરી વિસ્તારમાં બે મળીને કુલ છત્રીસ ક્લસ્ટર બનાવીને કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સેવાસેતુના બીજા તબક્કા હેઠળ તારીખ એકવીસ સપ્ટેમ્બરથી નવ ઓક્ટોબર દરમિયાન સમગ્ર તાલુકાનો વિસ્તાર આવરી લેવાય તે રીતે આયોજન કરાયું છે. આ તબક્કામાં આશરે આઠથી દસ ગામોનું એક ક્લસ્ટર બનાવી દરેક ક્લસ્ટર દીઠ એક વિશેષ કેમ્પ યોજાશે, જેમાં વિવિધ વિભાગોના અધિકારીઓની હાજરીમાં લાભાર્થીઓને સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન અને યોજનાકીય લાભ આપવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે કે તેઓ આ કાર્યક્રમમાં સહભાગી બની જરૂરી પાયાના દસ્તાવેજો તૈયાર કરાવે અને સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ મેળવે.

## દર્દીઓને ભારે હાલાકી થતા સયાજી હોસ્પિટલમાં ટોકન સિસ્ટમને સ્થગિત કરી દેવાઇ

વડોદરા | વડોદરાની સયાજી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા માટે શરૂ કરાયેલી ટોકન સિસ્ટમ જ હવે હેરાનગતિનું કારણ બની છે. દરરોજ 1,700 થી 2,000 દર્દીઓ આવે છે, પરંતુ લાંબી કતારોને કારણે સિસ્ટમ સ્થગિત કરાઈ છે. ટોકન, OPD ચેકઅપ અને દવા માટે ત્રણ વખત લાઈનમાં ઊભા રહેવું પડે છે, જેનાથી દર્દીઓ પરેશાન છે. હોસ્પિટલ સત્તાધીશોએ નવી સિસ્ટમ ગોઠવીને જ ફરી ટોકન સિસ્ટમ શરૂ કરવાનું નક્કી કર્યું છે.સયાજી હોસ્પિટલમાં દર્દીઓને સારવારમાં સરળતા રહે તે માટે શરૃ કરાયેલી સિસ્ટમ જ હવે દર્દીઓ માટે હેરાગતિનું કારણ બની ગઈ છે. ટોકન લેવા, ઓ.પી.ડી.માં ચેકઅપ કરાવવા તથા દવાની બારી પર એમ ત્રણ સ્થળે દર્દીઓને લાંબી લાઇનમાં ઊભા રહેવાનો વારો આવે છે. જેના પગલે ટોકન સિસ્ટમ સ્થગિત કરી દેવામાં આવી છે.સયાજી હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને સરળતા રહે તે માટે શરૃ કરાયેલી ટોકન સિસ્ટમ નિષ્ફળ રહી છે. દર્દીઓ માટે આ સિસ્ટમ સુવિધાને બદલે મુશ્કેલી વધારનારી સાબિત થઈ રહી છે. સયાજી હોસ્પિટલની ઓપીડીમાં રોજના અંદાજે ૧,૭૦૦ થી ૨,૦૦૦ દર્દીઓ સારવાર માટે આવે છે.

## મહીસાગર જિલ્લામાં 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' વિષય પર જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા પંચાયતના આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા રાષ્ટ્રીય પોષણ માહ (૯ સપ્ટેમ્બર - ૮ ઓક્ટોબર, ૨૦૨૬) ના સંદર્ભમાં જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થની અધ્યક્ષતામાં તમામ સંલગ્ન શાખાના નોડલ ઓફિસરશ્રીઓ સાથે એક મહત્વની બેઠક યોજાઈ હતી. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કુપોષણ અને એનિમિયાના નિવારણ માટે 'મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦' હેઠળ આ પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ



પોષણ માસ ના મુખ્ય ઉદ્દેશ્ય પોષણ સૂચકાંકોમાં સુધારો કરવા માટે દેશભરમાં પોષણ-કેન્દ્રિત સંવેદનશીલતા વધારવાનો છે.આ વર્ષના રાષ્ટ્રીય પોષણ માહની મુખ્ય થીમ 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા અન્ય પાંચ પેટા-થીમ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, આંગણવાડી કેન્દ્રો પર તાજું ગરમ રાંધેલું ભોજન , સામુદાયિક માલિકીપણું અને જવાબદારી, બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન, તથા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે રોકડ સહાયનો સમાવેશ થાય છે.
આ થીમ્સ અંતર્ગત આંગણવાડી સ્તરે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે, જેવી કે પોષણ રેલી, સ્વસ્થ અને વૈવિધ્યસભર રેસીપી નિદર્શન, સાપ્તાહિક મેનુ રોટેશન, આંગણવાડી વ્યવસ્થાપન સમિતિઓનું સક્રિયકરણ, અને પીએમએમવીવાય માટે ૧૦૦% નોંધણી ઝુંબેશ અને નાગરિક જાગૃતિ અભિયાન. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તમામ સંબંધિત વિભાગોને આ કાર્યક્રમોને જન આંદોલન સ્વરૂપે સફળ બનાવવા અને યોગ્ય સંકલન સાધીને કામગીરી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી, જેથી મહીસાગર જિલ્લામાં મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં હકારાત્મક પરિવર્તન લાવી શકાય. આ બેઠક માં ડીઆરડીએ ડાયરેક્ટરશ્રી ચંદ્રિકાબેન ભાભોર, ઈન્ચાર્જ સીડીપીઓશ્રી તેમજ અધિકારીશ્રીઓ અને આઈસીડીએસ શાખાના કર્મચારી ઉપસ્થિત રહ્યાં હતા.

### શાળાકીય માળખાકીય સુવિધાઓની ગંભીર બેદરકારી

## વડોદરામાં શૌચાલય વગરની શાળાઓ વડોદરામાં શિક્ષણ વ્યવસ્થાઓ

(એજન્સી) વડોદરા I તા. 08

શહેરથી પંદર કિલોમીટર દૂર આવેલા સિંધરોટ ગામ સહિત વડોદરા આસપાસની કુલ આઠ સરકારી પ્રાથમિક શાળાઓમાં છેલ્લા છ મહિનાથી શૌચાલયની પાયાની સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે અઢીસો જેટલા માસૂમ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને બાળકો ખુલ્લામાં શૌચક્રિયા કરવા માટે મજબૂર બન્યા છે.

દેશભરમાં અને રાજ્યભરમાં સ્વચ્છતા અભિયાન તેમજ સર્વ શિક્ષા અભિયાનના મોટા મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. પ્રાપ્ત અહેવાલો મુજબ, વડોદરા જિલ્લા પંચાયત હસ્તક ચાલતી કેટલીક શાળાઓ અતિશય જર્જરિત થઈ જવાના કારણે તંત્ર દ્વારા તે ઓરડાઓ તોડી પાડવામાં આવ્યા છે અને નવી ઈમારતોનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.

આ બાંધકામની પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ તો કરવામાં આવી છે, પરંતુ તે જગ્યાઓ પર શૌચાલય જેવી અત્યંત આવશ્યક સુવિધા ઊભી કરવામાં તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું છે. ડભોઈ, કરજણ, પાદરા, સાવલી, વાઘોડિયા અને વડોદરા તાલુકાની આઠ જેટલી શાળાઓમાં આ સમસ્યા વિકટ સ્વરૂપ ધારણ કરી ચૂકી છે.

## ભારતના રાષ્ટ્રપતિ 22 સપ્ટેમ્બરે એકતા નગર, કેવડિયા, ગુજરાત ખાતે 72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ એનાયત કરશે

(એજન્સી) વડોદરા I તા. 08

72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 22 સપ્ટેમ્બર 2026ના રોજ એકતા નગર (કેવડિયા), ગુજરાત ખાતે એનાયત કરવામાં આવશે. આ સમારોહ વર્ષ 2024 માટે ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ સદ્ધિઓની ઉજવણી કરવા માટે દેશભરના ફિલ્મ નિર્માતાઓ, કલાકારો, ટેકનિશિયનો અને અન્ય કલાકારોને એકસાથે લાવશે.1954માં સ્થપાયેલ, નેશનલ ફિલ્મ એવોર્ડ્સ એ સિનેમામાં ઉત્કૃષ્ટતા માટે દેશનું સૌથી પ્રતિષ્ઠિત સન્માન છે. સાત દાયકાઓથી, એવોર્ડ્સે ભારતીય ફિલ્મ નિર્માણની સમૃદ્ધ ભાષાકીય, સાંસ્કૃતિક અને પ્રાદેશિક વિવિધતાને પ્રતિબિંબિત કરવાની સાથે ફીચર ફિલ્મો, નોન-ફીચર ફિલ્મો અને સિનેમા પરના લેખનમાં ઉત્કૃષ્ટ રચનાત્મક અને તકનીકી સિદ્ધિઓને માન્યતા આપી છે.એક મોટી નીતિગત પહેલમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય રાજધાનીથી આગળ વધીને દેશના વિવિધ ભાગોમાં નેશનલ ફિલ્મ એવોર્ડ્સ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વર્ષે એકતા નગર ખાતેનો સમારોહ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને મૂર્તિમંત કરતા, ભારતભરની સિનેમેટિક પ્રતિભાઓને એકસાથે લાવશે.72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ વિવિધ ભાષાઓ, શૈલીઓ અને સિનેમેટિક સ્વરૂપોમાં આ વિવિધતાની ઉજવણી કરે છે. 'આર્ટિકલ 370'ને સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવશે. 'ભંગાર' ને સર્વશ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ તરીકે અને 'રામ-નામી' ને જ્યુરી દ્વારા સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી તરીકે પસંદ કરવામાં આવી છે. 'બ્રહ્મયુગ્મ' માટે મામૂટી અને 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને મુખ્ય ભૂમિકામાં સર્વશ્રેષ્ઠ અભિનેતાના એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે, જ્યારે યામી ગૌતમને 'આર્ટિકલ 370' માટે મુખ્ય ભૂમિકામાં સર્વશ્રેષ્ઠ અભિનેત્રી તરીકે સન્માનિત કરવામાં આવશે. રણદીપ હૂડાને 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' માટે સર્વશ્રેષ્ઠ ડેબ્યૂ ડિરેક્ટરનો એવોર્ડ મળશે.આ એવોર્ડ્સ મરાઠી, સંથાલી, તમિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, તુલુ અને ગઢવાલી સહિત અન્ય ભાષાઓ અને સ્વરૂપોની ફિલ્મોમાં ઉત્કૃષ્ટતાને પણ માન્યતા આપે છે. 'કલ્કી 2898 એડી', 'આમરન', ''અમરન', 'પુષ્પા: ધ રૂલ ભાગ-02'', 'ભૂલ ભુલૈયા 3' અને 'સ્ત્રી 2' સહિતની કેટલીક ફિલ્મોને પણ વિવિધ શ્રેણીઓમાં સન્માન મળશે.

### વાંકાનેર પ્રકરણમાં પિયર અને સાસરી પક્ષ બાખડ્યા

## વડોદરા જીલ્લામાં પરિવાર સમાધાનવેળાએહિંસકઅથડામણ

(એજન્સી) વડોદરા I તા. 08

સાવલી તાલુકાના વાંકાનેર ગામે લગ્નના થોડા જ મહિનાઓમાં સર્જાયેલા પારિવારિક અણબનાવને ઉકેલવા અને પરિણીતાને પરત લાવવા માટે એકત્ર થયેલા પિયર તથા સાસરી પક્ષના સભ્યો વચ્ચે સમાધાનની વાતો દરમિયાન અચાનક મામલો બિચકતા લોહિયાળ અથડામણ થઈ હતી અને બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ થયેલા હુમલામાં અડધો ડઝન જેટલા લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થાનિક પોલીસ મથકે સામસામે ગુના નોંધાવવામાં આવ્યા છે.

આજના સમયમાં નાની નાની બાબતોને લઈને પારિવારિક સંબંધોમાં તિરાડ પડવાના બનાવો વધી રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વાંકાનેર ગામના રણાવાસમાં રહેતી મુસ્કાન નામની પરિણીતાના લગ્ન અઝરુદ્દીન સાથે થયા હતા, પરંતુ લગ્નના માત્ર ત્રણ જ મહિનામાં પતિ સાથે ગંભીર અણબનાવ ઊભો થતા તે પોતાના પિયરમાં રહેવા માટે ચાલી ગઈ હતી. આ મામલો વણસતાં બંને પરિવારો વચ્ચે સમાધાન કરાવવા માટે ગત છઠ્ઠી તારીખની રાત્રે સાસરિયા પક્ષના લોકો મુસ્કાનના ઘરે પહોંચ્યા હતા. શરૂઆતમાં બંને પક્ષો શાંતિપૂર્વક વાતચીત કરીને મામલો થાળે પાડવા માટે બેઠા હતા, પરંતુ વાતચીત આગળ વધતા જ જૂના મુદ્દાઓ સપાટી પર આવ્યા હતા. મુસ્કાનના પિતાએ આક્ષેપ કર્યો હતો કે જમાઈ દ્વારા સોશિયલ મીડિયા પર પુત્રીના ફોટા ખોટી રીતે મૂકવામાં આવ્યા છે, જેના કારણે રોષે ભરાયેલા સાસરિયાઓએ અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. જોકે બાદમાં વાતચીત થાળે પડતા પતિએ પોતાની ભૂલ સ્વીકારી હતી, પરંતુ જ્યારે પરિણીતાએ જાહેરમાં માફી માંગતો વિડિયો અપલોડ કરવાની શરત મૂકી ત્યારે મામલો ઉગ્ર બની ગયો હતો.

### સુરક્ષા ચૂક અને કર્મચારીઓનું જોખમ

## વડોદરા જીએસએફસી યુરિયા પ્લાન્ટ ગેસ લિકેજ દુર્ઘટના

(એજન્સી) વડોદરા I તા. 08

શહેરના જાણીતા ઔદ્યોગિક એકમમાં અચાનક ઝેરી ગેસનું ગળતર થવાથી એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે, જેમાં કામદારને બચાવવા માટે મેદાનમાં ઉતરેલા સુપરવાઈઝરનું કરુણ મૃત્યુ નીપજ્યું છે અને અન્ય એક કર્મચારીની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

આજના સમયમાં ઔદ્યોગિક એકમોમાં સુરક્ષાના ધોરણોને લઈને અનેક પ્રકારના સવાલો ઉભા થઈ રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા સ્થિત અતિ મહત્વની કંપનીના યુરિયા પ્લાન્ટની અંદર આવેલી વિશાળ ટેન્કમાં કાર્બન ડાયોક્સાઈડ ગેસનું જોખમી લિકેજ થયું હતું. આ લિકેજને અટકાવવા માટે જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના ભાગરૂપે ટેન્ક અંદર કર્મચારી ઉતર્યા હતા. પરંતુ ગેસની તીવ્ર અસરના કારણે સ્થિતિ અચાનક બેકાબૂ બની ગઈ હતી. ઘટનાસ્થળેથી પ્રાપ્ત અહેવાલો મુજબ, ટેન્કમાં ઉતરેલા કામદાર કેયૂર પરમારને અચાનક ગેસની ગંભીર અસર થવા લાગી હતી અને તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને બચાવવા માટે સુપરવાઈઝર ઘનશ્યામભાઈ ગોહિલ તાત્કાલિક અંદર દોડી ગયા હતા, પરંતુ તેઓ પણ આ ઝેરી ગેસની ઝપેટમાં આવી ગયા હતા. આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટી લાપરવાહી એ સામે આવી છે કે અંદર ઉતરતી વખતે બંનેમાંથી કોઈએ પણ જરૂરી માસ્ક કે સેફ્ટીના સાધનો પહેર્યા નહોતા, જેના કારણે આ ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી.

આ બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચીને બંને કર્મચારીઓને બહાર કાઢ્યા હતા અને પ્રાથમિક સારવાર આપવાનો પ્રયાસ કર્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન સુપરવાઈઝરનું દુઃખદ અવસાન થયું હતું. બીજી બાજુ, સારવાર હેઠળ રહેલા યુવકની હાલત હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### અકસ્માતની ઘટનાઓનો સિલસિલો

## વડોદરામાં હાઈવે અને વાઘોડિયા રોડ પર અકસ્માત બે ના મોત

(એજન્સી) વડોદરા I તા. 08

શહેરમાં તાજેતરમાં બનેલી જુદી જુદી અકસ્માતની કરુણ ઘટનાઓમાં એક વૃદ્ધા સહિત બે વ્યક્તિના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય એક ગંભીર બનાવમાં યુવકનો પગ કપાઈ જવાની દુર્ઘટના ઘટતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને સ્થાનિક વહીવટી તંત્ર તેમજ પોલીસ દ્વારા કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

વડોદરા શહેરમાં અલગ અલગ સ્થળો પર બનેલા માર્ગ અકસ્માતના ત્રણ ગંભીર બનાવો સામે આવ્યા છે. પ્રથમ ઘટના વાઘોડિયા રોડ વિસ્તારમાં કલાદર્શન ચાર રસ્તા પાસે બની હતી, જ્યાં એક ખાનગી કામ અર્થે આવેલા વ્યક્તિને બેફામ દોડતા મોટરસાઈકલ ચાલકે અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલા શ્યામ બિસંભર ગીરી નામના વ્યક્તિના કાનમાંથી લોહી વહેવા લાગતા તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું દુઃખદ અવસાન થયું હતું.

બીજી એક હૃદયદ્રાવક ઘટના અમદાવાદથી સુરત તરફ જતા હાઈવે પર કપુરાઈ બ્રિજ નજીક બની હતી, જ્યાં રસ્તો ઓળંગી રહેલી એક વૃદ્ધ મહિલાને પુરઝડપે આવી રહેલી કારના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના કાચ પણ તૂટી ગયા હતા અને ઈજા પામેલી મહિલાનું ઘટનાસ્થળ પર જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ બનાવ અંગે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને આગળની ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. શહેરમાં જ બનેલી ત્રીજી દુર્ઘટના કારેલીબાગ વુડા સર્કલ પાસે સામે આવી છે, જ્યાં પંચમહાલ જિલ્લાના શેહરા તાલુકાના ખટકપુર ગામે રહેતા ત્રીસ વર્ષીય રાજેશ અર્જુનભાઈ ખાંટ રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે એસ.ટી. બસના ચાલકે તેમને ટક્કર મારી હતી. બસના તોતિંગ વ્હીલ ફરી વળવાના કારણે યુવકનો પગ ગંભીર રીતે કપાઈ ગયો હતો અને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો.

**કર્ક : ડ. હ.**

સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી.

**સિંહ : મ. ટ.**

ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

**તુલા : ર. ત.**

સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો.

**વૃશ્ચિક : ન. ય.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**મકર : ખ. જ.**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂ મૂલ્ય સમજાશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષય આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

# કુબેરનગર ITI ખાતેથી મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાના હસ્તે રાજ્યની સરકારી ITI માટે 'ગણવેશ સહાય યોજના'નો પ્રારંભ

અમદાવાદ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમદાવાદની કુબેરનગર ITI ખાતેથી રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના તાલીમાર્થીઓ માટે 'ગણવેશ સહાય યોજના'નો' ભવ્ય શુભારંભ કાર્યક્રમ કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયા તથા ધારાસભ્ય ડૉ. પાયલ કૂકરાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, આજે રાજ્યની 289 સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) ના તાલીમાર્થીઓ માટે કુબેરનગર ITI ખાતેથી 'ગણવેશ સહાય યોજના'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માત્ર એકરૂપતા લાવવાનો નથી, પરંતુ તેમનામાં શિસ્ત, વ્યાવસાયિકતા, આત્મવિશ્વાસ અને એક આગવી ઓળખ ઊભી કરવાનો છે. ITI માં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી રહેલા યુવાનોનું વ્યક્તિત્વ ખીલે અને તેઓ ગૌરવ સાથે આગળ વધે તે રાજ્ય સરકારની નેમ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલી આ યોજના અન્વયે



નાણાકીય વર્ષ 2026-27ના બજેટમાં આશરે રૂ. 30 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યના અંદાજે 1.5 લાખ તાલીમાર્થીઓને વર્ષમાં બે જોડી ગણવેશ પેટે પ્રત્યેક વિદ્યાર્થીના બેંક ખાતામાં DBT મારફતે સીધા રૂ. 2,000 જમા કરાવવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ રાજ્યમાં સ્કીલ એજ્યુકેશનના ક્ષેત્રમાં આવેલા સકારાત્મક પરિવર્તનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આજે ITI માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે અને આ વર્ષે 90 થી 95 ટકા જેટલી બેઠકો ભરાઈ ચૂકી છે. આધુનિક સમયની માંગ મુજબના અભ્યાસક્રમો વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કૌશલ્યા ધી સ્કીલ યુનિવર્સિટી (KSU) ખાતે કાર્યરત એડવાન્સ્ડ ડ્રોન ટેકનોલોજીની તાલીમ લઈ રહેલા 35 જેટલા વિદ્યાર્થીઓમાંથી લગભગ 50 ટકા વિદ્યાર્થીઓ માત્ર ITI બેકગ્રાઉન્ડ ધરાવે છે. રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 2047ના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતની ITI સંસ્થાઓને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવાનો છે, જેથી આપણા યુવાનો માત્ર રાજ્ય કે દેશમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ જઈને રોજગારી મેળવી શકે અને પોતાની સ્કીલ ડેવલપ કરી શકે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ. પાયલ કૂકરાણીએ યુવાનોને પ્રોત્સાહિત કરતા તાજેતરના રોજગાર મેળાઓની સફળતા વર્ણવી કહ્યું કે, અગાઉ ITI માંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ આજે ઈન્ટરવ્યુઅર તરીકે પાછા ફરી રહ્યા છે. તેમણે આજના 'જનરેશન ઝેડ' (Gen Z) યુવાનોને ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુના 23 વર્ષની વયના ઐતિહાસિક બલિદાનનું સ્મરણ કરાવીને પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી 'વિકસિત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. નોંધનીય છે કે, રાજ્યની ITI માં પ્રવેશ મેળવતી વિદ્યાર્થીનીઓને 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' હેઠળ પ્રથમ વર્ષે રૂ. 15,000 અને બીજા વર્ષે રૂ. 9,000 એમ કુલ રૂ. 24,000ની આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે.

# જૂનાગઢમાં બહાઉદ્દીન કોલેજ ખાતે NCC ARMY વિદ્યાર્થીઓનું સિલેક્શન કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ , તા.08,

જૂનાગઢમાં સ્થિત બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે પ્રથમ વર્ષ બી.એ. માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે NCC આર્મી કેડેટની પસંદગી તાજેતરમાં કરવામાં આવી હતી. જેમના માટે આઠ ગુજરાત બટાલિયન એનસીસી જૂનાગઢથી કર્નલ મનદીપ સર તેમજ પી.આઈ. સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.આ તકે કોલેજના એનસીસી ઓફિસર લેફ્ટનન્ટશ્રી ડૉ.રાજીવ ડાંગર દ્વારા માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે પ્રથમ વર્ષ બી.એ. માં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ એનસીસીમાં જોડાવા માટે અરજી કરી હતી. તેમાંથી કુલ ૩ર વિદ્યાર્થીઓને NCC આર્મી માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમની પસંદગી માટે શારીરિક ક્ષમતા, લેખિત પરીક્ષા, ઈન્ટરવ્યુ અને પર્સનાલિટી ટેસ્ટ વગેરે જોવામાં આવે છે. એનસીસી માં બી અને સી સર્ટિફિકેટ મેળવનાર કેડેટ ને આર્મી, વન વિભાગ, પોલીસ અને અર્ધસૈનિક દળ વગેરેમાં અલગથી માર્કસ આપવામાં આવતા હોવાની સાથે શિસ્ત, સમય પાલન, પર્સનાલિટી ડેવલપમેન્ટ, નેતૃત્વ, એડવેન્ચર એક્ટિવિટી, સામાજિક સેવા વગેરે બાબતોની વિશેષ તાલીમ મળવાના કારણે વિદ્યાર્થીઓમાં NCC નું વિશેષ આકર્ષણ હોય છે. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ.જે.આર. વાંઝા, પ્રાધ્યાપકશ્રી ડૉ.પી.વી.બારસિયા, એનસીસી નેવલ ઓફિસર લેફ્ટનન્ટશ્રી ડૉ.દિનાબેન લોઢિયાએ સમગ્ર પસંદગી પ્રકિયાનું નિરીક્ષણ કર્યુ હતું અને આ તકે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

**એડવેન્ચર**

# રાજ્યના ૦૮ થી ૧૩ વર્ષનાં બાળકો માટે સાત દિવસીય ખડક ચઢાણ એડવેન્ચર કોર્સમાં જોડાવવા માટે ઉમદા તક

નરેન્દ્ર દવે જૂનાગઢ તા,08,

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજિત તથા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સનું આયોજન તા. ૦૧/૧૧/૨૦૨૬ થી તા. ૦૭/૧૧/૨૦૨૬ દરમિયાન જૂનાગઢ ખાતે થનાર છે. આ સાત દિવસીય એડવેન્ચર કોર્સમાં ૦૮ થી ૧૩ વર્ષની વયના બાળકો ભાગ લઈ શકશે. કોર્સ દરમિયાન તાલીમ, નિવાસ અને ભોજનની સુવિધા તેમજ આવવા-જવાનો પ્રવાસ ખર્ચ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ આપવામાં આવશે. ઈચ્છુક અરજદારો માટેનું નિયત અરજી ફોર્મ Facebook પેજ “SVIM ADMINISTRATION” પરથી ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજી ફોર્મ જરૂરી આધાર-પુરાવા સાથે ભરીને તા. ૦૧/૧૦/૨૦૨૬ સુધીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ-૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મળી જાય તે રીતે મોકલવાનું રહેશે. આ અંગેની વધુ માહિતી માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢના ફોન નં. ૦૨૮૫-૨૬૨૭૨૨૮ પર સંપર્ક કરી શકાશે.

**કારચાલક બેકાબૂ**

# જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર નાઘેડી નજીક કારનો અકસ્માત

જામનગર : જામનગર-ખંભાળિયા હાઈવે પર નાઘેડીના લહેર તળાવ પાસે આજે સવારે એક કારચાલકે કાબૂ ગુમાવતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતી કાર રેલિંગ સાથે અથડાઈ પલટી મારી ઊંધી થઈ ગઈ હતી. કારચાલકને ઈજા થતાં તેને તાત્કાલિક જામનગરની G.G. હોસ્પિટલમાં ખસેડાયો હતો. અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર નાઘેડી નજીક આવેલા લહેર તળાવ પાસે આજે સવારે એક કારચાલક બેકાબૂ બનતાં અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલી કાર અચાનક કાબૂ ગુમાવી લહેર તળાવ નજીકની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં કાર રેલિંગ સાથે અથડાયા બાદ પલટી મારીને ઊંધી થઈ ગઈ હતી. અકસ્માતની તીવ્રતાને પગલે તળાવની રેલિંગને પણ નુકસાન થયું હતું.આ બનાવમાં કારચાલકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.દરમિયાન, અકસ્માત બાદ ત્યાંથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલક કે વ્યક્તિએ પોતાના મોબાઈલ ફોનમાં પલટી ખાઈને ઊંધી પડેલી કારનો વીડિયો ઉતાર્યો હતો.

**૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે**

# જૂનાગઢ જિલ્લામાં દરિયા તટે માચ્છીમારી કરતા માચ્છીમાર ભાઈઓએ સલામતી અને સુરક્ષા માટે તેમની વિગતો રજૂ કરવાની રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.08,

જૂનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટો દરિયામાં માચ્છીમારી માટે જાય છે. અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ત્યારે અગાઉના બનાવોને ધ્યાને રાખી રાષ્ટ્રીય સલામતીને સ્પર્શથી બાબતોને વિચારીને વહાણ ગુમ થવા સંબધે વહાણના માલિક દ્વારા કોઈ સરકારી એજન્સી અધિકારી સમક્ષ વહાણ ગુમ થયાની જાહેરાત ન થાય તે બાબતે સખત વાંધાજનક બાબતો ધ્યાને આવી છે. જે સમયગાળા દરમિયાન વહાણ ગુમ રહ્યું હોય તે સમયે ગાળા દરમિયાન વહાણ કે વહાણના ક્રૂ મેમ્બરોનો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ માં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહીં. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલિકે ત્યારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણોસર/ચાંચીયાઓ દ્વારા અપહરણ થવાના સમાચાર કે અન્ય કોઈ પણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે બોટ/વહાણ સાથેનો તેનો માલિક નો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ થયો ન હોય તો તે બાબતોને જાણ સંબંધિત સરકારની તમામ સરકારી એજન્સીને ફરજિયાત કરવી તે બાબતનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી દરખાસ્ત કરેલ હોય તે મુજબ બોટ/વહાણ દરિયામાં જાય ત્યારે સલામતી અને સુરક્ષા માટે તકેદારીના પગલાં લેવા આવશ્યક જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ તેમને મળેલી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ (BNSS) ની કલમ ૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલિકોએ જ્યારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરિયામાં જાય ત્યારે વાતાવરણીય કારણસર કે અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ કારણસર વહાણ બોટનો ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમય માટે ન થતો હોય તો આઠ મુદ્દાના પત્રક સાથેની વિગતો બોટ માલિકોએ સરકારી એજન્સીને જાણ કરવાની રહેશે.

જેમાં વહાણ બોટનું નામ, નંબર, વહાણ બોટ માલીકનું નામ સરનામુ અને નંબર, વહાણ બોટમાં રહેલ ટંડેલ ખલાસીના નામ સરનામાની વિગત, રવાના થયા તારીખ, પરત આવવાની સંભવીત તારીખ, અન્ય જુરુી વિગતો સામેલ છે. આ જાહેરનામું પ્રસિદ્ધ થયાથી ૦૨/૧૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS,૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**તા.૨૩ સપ્ટેમ્બર અને તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ તા.૨૨ સપ્ટેમ્બર ના રોજ યોજાશે**

# જૂનાગઢ જિલ્લા કક્ષાનો સ્વાગત નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ

નરેન્દ્ર દવે જૂનાગઢ, તા.08

નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ બુધવારના બપોરે ૩.૩૦ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે. તેમજ તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા તેમજ ગ્રામ્ય મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની તા.૧૦ તારીખ સુધીમાં રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને સીધા પણ રજૂ કરી શકશે. નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઇન અરજી દર માસની તા.૧૦ તારીખ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરુરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. જે પ્રશ્ન, રજૂઆતનો નિકાલ તાલુકા કક્ષા એ થતો હોય તે અરજી તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે કરવી. તાલુકા કક્ષા એ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લા કક્ષાના કાર્યક્રમ માં સમાવેશ થશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆતો કરી શકાશે નહી. અરજદારે HTTP://SWAGAT.GUJARAT.GOV.IN/CITIZEN_ENTRY_DS.ASPX?FRM=WS પર ઓનલાઇન અરજી કરવી, તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢ જિલ્લામાં તા.૧૮ સપ્ટેમ્બર સુધી મંજુરી વગર સભા સરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ : જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કોઈ સભા સરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ. બારડે તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભા સરઘસ યોજી શકાશે નહીં તેવો મનાઈ હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસર થી તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકશે નહીં.

# બેંક ઓફ ઈન્ડિયાના 121મા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદ અંચલની 98મી શાખાનું ભવ્ય ઉદ્ઘાટન

| તેજસ મહેતા |

બેંક ઓફ ઈન્ડિયાના *121મા સ્થાપના દિવસના ગૌરવપૂર્ણ અવસરને યાદગાર બનાવતાં બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ અંચલની **98મી શાખા - ગોદરેજ ગાર્ડન સિટી રોડ શાખા*નું આજે ભવ્ય અને ગરિમામય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.નવી શાખાનું ઉદ્ઘાટન *અમદાવાદ ફીલ્ડના જનરલ મેનેજર શ્રી અજય કુમાર ત્રિપાઠી* દ્વારા ફીતું કાપીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે *અમદાવાદ અંચલના આંચલિક પ્રબંધક શ્રી સુબ્રત કુમાર બેહેરા*ની ગરિમામયી ઉપસ્થિતિ રહી હતી.ઉદ્ઘાટન સમારોહમાં *ઉપાંચલિક પ્રબંધક શ્રી નરેન્દ્ર ચૌરસિયા* તથા** રાજેશ ઝા** વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ *બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ એસોસિએશન, ગુજરાત યુનિટના જનરલ સેક્રેટરી શ્રી શ્વેતંગ ત્રિવેદી*ની પણ ગરિમામયી ઉપસ્થિતિ રહી હતી.કાર્યક્રમમાં *બેંક ઓફ ઈન્ડિયા,



અમદાવાદ અંચલ કચેરીના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ, નવસ્થાપિત શાખાના **શાખા પ્રબંધક શ્રી આશુતોષ કુમાર*બેંક ઓફ ઈન્ડિયાના *121મા સ્થાપના દિવસ* તથા અમદાવાદ અંચલની *98મી શાખાના શુભ પ્રારંભ*નો આ બેવડો અવસર બેંકની ગૌરવપૂર્ણ વિરાસત, સતત વિસ્તરણ અને ગ્રાહકકેન્દ્રિત બેંકિંગ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બન્યો હતો.

**જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક'**

# માળીયા હાટીના તાલુકાની શ્રી વિસણવેલ પ્રાથમિક શાળાના શિક્ષક પરેશગિરિ મેઘનાથી ને 'જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક' પારિતોષિક એનાયત

નરેન્દ્ર દવે જૂનાગઢ, તા.08

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકોને પ્રોત્સાહિત કરવા દર વર્ષે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટે માળીયા હાટીના તાલુકાની શ્રી વિસણવેલ પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી પરેશગિરિ દુર્લભગિરિ મેઘનાથીની જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી. શિક્ષણક્ષેત્રે નવાચારી અભિગમ, વિદ્યાર્થીકેન્દ્રિત શિક્ષણ પ્રવૃત્તિઓ, સતત વ્યાવસાયિક વિકાસ તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરેલી નોંધપાત્ર કામગીરીને ધ્યાને લઈ તેમને આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરવામાં આવ્યું. શિક્ષકશ્રી પરેશભાઈ દ્વારા શાળામાં 'V NEWS' તથા 'રૂબરૂ - મુલાકાતથી મંઝીલ તરફ' જેવી નવીન શૈક્ષણિક પ્રવૃત્તિઓ શાળાની યુટ્યુબ ચેનલના માધ્યમથી ચલાવવામાં આવે છે. તેમની આ પ્રવૃત્તિઓને રાષ્ટ્રીય કક્ષાએ કરવામાં આવી હતી. આ ઉપરાંત તેમના પરેશ કી પાઠશાળા બ્લોગના માધ્યમથી રમતાં રમતાં શીખો... શીર્ષક હેઠળ અભ્યાસક્રમ આધારિત વિવિધ શૈક્ષણિક રમતો પણ બનાવી છે. આ રમતો નેશનલ ટોય ફેરમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે. આ ઉપરાંત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ NISHTHA તાલીમ, DIKSHA પ્લેટફોર્મ માટે ઈ-કન્ટેન્ટ નિર્માણ, રાજ્ય કક્ષાએ ગુજરાતી વિષયના મોડ્યુલ, પ્રશ્નબેંક, સ્વ-અધ્યયન પોથી અને પાઠ્યપુસ્તક સમીક્ષામાં તજજ્ઞ તરીકે મહત્વનું યોગદાન આપ્યું છે. સાથો સાથ કે.આર.પી. અને આર.પી. તરીકે શિક્ષકોને ઘણી તાલીમ પણ આપી છે. તેમની આ ઉત્કૃષ્ટ કામગીરી અને શિક્ષણક્ષેત્રે આપેલા નોંધપાત્ર યોગદાનને ધ્યાનમાં રાખી ૦૫ સપ્ટેમ્બરના રોજ સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ જૂનાગઢ ખાતે યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યો હતો.

**કુલ ૫૧ કિલો ફળો ધરવામાં આવેલ**

# સિનિયર સિટીઝન બ્રહ્મ ગ્રુપ, જુનાગઢ દ્વારા ભવનાથ મહાદેવને શ્રાવણ માસ નિમિત્તે અલગ અલગ ફળોનો ભોગ ધરવામાં આવ્યો





(એજન્સી) જૂનાગઢ | તા.08

સિનિયર સિટીઝન બ્રહ્મ ગ્રુપ, જુનાગઢ દ્વારા ગિરનાર તળેટીમાં આવેલ પૌરાણિક પ્રસિદ્ધ ભવનાથ મહાદેવ મંદિર ખાતે વિશ્વ કલ્યાણની ભાવના સાથે તા. 6-9-2026 ને રવિવારના રોજ સવારે 8 કલાકે ભવનાથ મહાદેવનુ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અર્ચન સાથે હર હર મહાદેવનાં નાદ સાથે મહાદેવને શ્રાવણ માસ નિમિત્તે અલગ અલગ પ્રકારના ફળો મળીને ૫૧ કિલોનો ભોગ ધરવામાં આવ્યો હતો જેમાં કેળા, પપૈયા, મોસંબી, સફરજન, પેરૂ વિગેરે મળીને કુલ ૫૧ કિલો ફળો ધરવામાં આવેલ, આ તકે બહોળી સંખ્યામાં સિનિયર સિટીઝન બ્રહ્મ ગૃપના ભાઈઓ તથા બહેનોએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ માં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. આ પહેલા પણ આ ગૃપ દ્વારા ભવનાથ મહાદેવ મંદિર ઉપર ધજા ચઢાવવામાં આવી હતી ત્યારબાદ શ્રાવણ માસ દરમિયાન વિશ્વ કલ્યાણ અર્થે ગંગાજળાભિષેક કરવામાં આવ્યા બાદ ગત રવિવારે વિવિધ ફળોનો ભોગ ધરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી યોગેશભાઈ વ્યાસ, રાજુભાઈ વ્યાસ, બીપીનભાઈ ભટ્ટ, નરેન્દ્રભાઈ દવે તથા શૈલેષભાઈ પંડ્યા એ જહેમત ઉઠાવી હતી.

# મોટી પિંડાખાઇ પ્રાથમિક શાળાના શિક્ષિકા જાગૃતીબેન હરિયાણી તાલુકાના 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે સન્માનિત

નરેન્દ્ર દવે જૂનાગઢ , તા.08

વિસાવદર તાલુકાની મોટી પીંડાખાઈ પ્રાથમિક શાળાના શિક્ષિકા જાગૃતીબેન સુરેશભાઈ હરિયાણી નું શિક્ષક દિન નિમિત્તે તાલુકા કક્ષાના 'શ્રેષ્ઠ શિક્ષિકા' તરીકે ભવ્ય સન્માન કરવામાં આવ્યું છે. જાગૃતીબેન સાવરકુંડલાના પ્રખ્યાત કથાકાર સંતશ્રી સુરેશબાપુ હરિયાણીના સુપુત્રી છે.શિક્ષણ ક્ષેત્રે પોતાના અનોખા પ્રદાન માટે જાણીતા આ શિક્ષિકાએ ગુજરાતમાં સૌપ્રથમ વાર 'માતૃભાષા મેળા'નું આયોજન કરીને એક નવતર પ્રયોગ કર્યો હતો. તેઓ વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને માતૃભાષાનું ગૌરવ કરાવી રહ્યા છે. માતૃભાષા ઉપરાંત અંગ્રેજી અને સંસ્કૃત જેવી ભાષાઓ પણ રસપ્રદ પ્રયુક્તિઓ દ્વારા સરળતાથી શીખવી રહ્યા છે. તેમની આ શિક્ષણલક્ષી પ્રવૃત્તિઓ શાળાના ફેસબુક પેજ (Moti Pindakhai Primary School) પર પણ જોઈ શકાય છે. ઉદાહરણીય નિષ્ઠા દાખવતા જાગૃતીબેને આ એવોર્ડ સાથે મળેલી 5,000 ની પુરસ્કાર રકમ પોતાની જ શાળાના બાળકોના શૈક્ષણિક વિકાસ અર્થે સમર્પિત કરી દીધી છે. તેમના આ સન્માન અને ઉમદા કાર્ય બદલ ગ્રામજનો, શિક્ષણજગત અને સ્નેહીજનો તરફથી હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી.

## લાખો દુકાનદારો માટે ચિંતાનો વિષય બની

# 15 સપ્ટેમ્બર સુધી આ કામ પતાવો, નહીંતર દુકાનો પર બંધ થઈ શકે છે QR કોડ! આરબીઆઇનો નિયમ

(એજન્સી) નવી દિલ્હી | તા 08

UPI પેમેન્ટ કરતા વેપારીઓ માટે RBI એ Re-KYC ફરજિયાત કર્યું છે. 15 સપ્ટેમ્બર સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ ન કરનાર દુકાનદારોના QR કોડ બંધ થઈ શકે છે. આ નિયમથી નાના વેપારીઓ અને ગ્રાહકોને મુશ્કેલી પડી શકે છે. વેપારીઓ સમયમર્યાદા લંબાવવાની માંગ કરી રહ્યા છે, જેથી ડિજિટલ વ્યવહારોમાં અવરોધ ન આવે. દેશમાં યુપીઆઈ(UPI) પેમેન્ટ લોકોની રોજિંદી જિંદગીનો અભિન્ન હિસ્સો બની ચૂક્યું છે. કોઈપણ પ્રકારની ખરીદી માટે આજે દરેક જગ્યાએ ક્યૂઆર (QR) કોડ સરળતાથી મળી જાય છે, પછી તે શાકભાજીની દુકાન હોય કે દૂધ અને ચાની હોટલ. જોકે, હવે સામે આવેલી એક માહિતી લાખો દુકાનદારો માટે ચિંતાનો વિષય બની છે, કારણ કે તેના માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ડેડલાઇન પણ જાહેર કરવામાં આવી છે. ભારતીય રિઝર્વ બેંકના નિયમો અનુસાર તમામ મર્ચન્ટ્સ માટે રી-કેવાયસી(Re-KYC) ની પ્રક્રિયા પૂર્ણ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. જો વેપારીઓ દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં આ પ્રક્રિયા પૂરી કરવામાં નહીં આવે, તો તેમના ક્યૂઆર કોડ આધારિત ડિજિટલ પેમેન્ટ ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે.

આરબીઆઈના નિયમ મુજબ મર્ચન્ટ્સે સમયાંતરે પોતાની કેવાયસી(KYC) માહિતી અપડેટ કરવાની રહે છે. આ પ્રક્રિયા માટે 15 સપ્ટેમ્બર સુધીની ડેડલાઇન નક્કી કરવામાં આવી છે. એટલે કે આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે હવે ખૂબ જ ઓછો સમય બાકી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વેપારીઓ અને ઉદ્યોગ જગત દ્વારા આરબીઆઇ સમક્ષ આ સમયસીમા લંબાવવાની માંગ કરવામાં આવી રહી છે, જેથી વધુમાં વધુ નાના કારોબારીઓ સરળતાથી પોતાનું સત્યાપન કરાવી શકે. જો નાના દુકાનદારો દ્વારા સમયસર રી-કેવાયસી પૂર્ણ કરવામાં નહીં આવે, તો તેનાથી તેમનો ક્યૂઆર કોડ કાયમ માટે બંધ થઈ શકે છે, જેના કારણે ગ્રાહકોને ડિજિટલ ચૂકવણી કરવામાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. વર્તમાન સમયમાં મોટાભાગના લોકો સાથે રોકડ (કેશ) રાખવાનું ટાળે છે અથવા બહુ ઓછી માત્રામાં રાખે છે. જો ચા, શાકભાજી કે દૂધ જેવી રોજિંદી જરૂરિયાતોની દુકાનો પર ક્યૂઆર પેમેન્ટની સુવિધા નહીં મળે, તો ગ્રાહકોએ નાછૂટકે દુકાનદારોના બેંક ખાતામાં સીધા નાણાં મોકલવા પડશે અથવા ભારે હાલાકી વેઠવી પડશે. આ સમસ્યાની સૌથી વધુ અસર લારી-ગલ્લા અને નાના વેપારીઓ પર પડવાની પૂરી સંભાવના છે.ઘણા વેપારીઓમાં એવો ડર છે કે શું તેમનો ક્યૂઆર કોડ કાયમી ધોરણે બંધ થઈ જશે? રી-કેવાયસી એ એક નિયમિત પ્રક્રિયા છે જે તમામ વેપારીઓએ કરવાની રહે છે. આ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી જ ક્યૂઆર કોડ કામ કરતો અટકે છે. જેવું વેપારી પોતાની રી-કેવાયસી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી દેશે, તરત જ તેમનો ક્યૂઆર કોડ ફરીથી સક્રિય થઈ જશે. મોટા વેપારીઓ પર આનો પ્રભાવ નહિવત્ રહે છે, પરંતુ નાના વ્યવસાયો અને ગ્રાહકોએ થોડી સાવચેતી તરીકે કેટલાક અંશે રોકડ રકમ સાથે રાખવી પડી શકે છે જેથી દૈનિક વ્યવહારોમાં કોઈ અડચણ ન આવે.



Image - Envato

## મારુતી સુઝુકીનો ગ્રાહકોને મોટો ઝટકો, 2026 માં ત્રીજી વખત ગાડીઓની કિંમત વધારવાની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા 08

મારુતિ સુઝુકીએ ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો છે. કંપનીએ સપ્ટેમ્બર 2026થી કેટલીક પસંદગીની કારના મોડલ્સની કિંમતમાં 20,000 રૂપિયા સુધીનો વધારો કરવાની જાહેરાત કરી છે. સતત વધતી ઉત્પાદન કિંમત અને મોંઘવારીના કારણે આ નિર્ણય લેવાયો છે. કંપનીએ કઈ કારમાં ભાવવધારો થશે તે સ્પષ્ટ કર્યું નથી.મારુતિ સુઝુકીએ ગ્રાહકોને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. કંપનીએ સપ્ટેમ્બર 2026થી કેટલીક સિલેક્ટેડ કારના મોડલ્સની કિંમતોમાં 20 હજાર રૂપિયા સુધીનો વધારો કરવાની જાહેરાત કરી છે. કંપનીનું કહેવું છે કે, સતત વધતી પ્રોડક્શન કોસ્ટ અને મોંઘવારીને કારણે આ નિર્ણય લેવો પડ્યો છે. મારુતિ સુઝુકીએ આ પહેલાં મે અને ઓગસ્ટમાં પણ ભાવવધારાની જાહેરાત કરી હતી. જો કે, પહેલાં કરેલો ભાવવધારો લગભગ સમગ્ર વ્હિકલ પોર્ટફોલિયો માટે લાગુ હતી, જ્યારે આ મહિનામાં થનારો ભાવવધારો માત્ર સિલેક્ટેડ મોડલ્સ માટે હતી.મારુતિ સુઝુકીએ હાલ એ સ્પષ્ટતા નથી કરી કે, 20 હજાર રૂપિયા સુધીનો વધારો કઈ કઈ કાર પર લાગુ થશે. કંપનીના હાલના કાર પોર્ટફોલિયોમાં ઓલ્ટો K10, S-પ્રેસો, સેલેરિયો, વેગનઆર, ઈકો, સ્વિફ્ટ ડિઝાયર, બ્રેઝા, અર્ટિગા અને વિક્ટોરિસ જેવી કાર સામેલ છે. તો નેક્સા સિરિઝ અંતર્ગત કંપનીની વિટારા, ઈનવિક્ટો, જિમ્ની, XL6, ગ્રેન્ડ વિટારા, ફ્રોન્ક્સ અને બલેનો સેલ છે.

# વાહનોના રિટેલ વેચાણમાં ૧૮ ટકા વધારો

મુંબઈ : વર્તમાન વર્ષના ઓગસ્ટમાં દેશમાં વાહનોના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૮ ટકા નોંધપાત્ર વધારો થયો છે. ઊતારૂ વાહનો, ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ તથા કમર્સિઅલ વાહનોની આગેવાની હેઠળ વાહનોના એકંદર રિટેલ વેચાણમાં વધારો જોવા મળ્યો છે. ૨૪,૨૩,૨૦૧ સાથે કોઈ ઓગસ્ટ મહિનાનું આ સૌથી ઊંચો વેચાણ આંક છે. જો કે વર્તમાન વર્ષના જુલાઈની સરખામણીએ ઓગસ્ટનું વેચાણ ૬.૫૦ ટકા જેટલુ નીચુ રહ્યું છે. આગામી તહેવારોની મોસમના ત્રણ મહિનામાં વેચાણમાં વધારો જોવા મળવાની ૮૦ ટકા ડીલરો આશા રાખી રહ્યા છે.વ્હીલ્ડ કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટના વેચાણમાં ૩૧.૪૫ ટકા વધારો થયો છે જ્યારે ટુ વ્હલિર્સનું વેચાણ ૧૯.૭૦ ટકા વધુ રહ્યું છે. ઊતારૂ વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૪.૪૫ ટકા તથા થ્રી વ્હીલર્સનું વેચાણ ૮.૬૫ ટકા ઊંચુ રહ્યું છે. ટ્રેક્ટર્સનું વેચાણ લગભગ સ્થિર રહ્યાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ (ફાડા) દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયું હતું.

ભારતના ઓટો વેચાણ ઈતિહાસમાં વૈકલ્પિક ઈંધણો જેમ કે સીએનજી, હાઈબ્રિડ તથા વીજ સંચાલિત ઊતારૂ વાહનોના સંયુકત વેચાણ હિસ્સામાં પેટ્રોલ પર ચાલતા ઊતારૂ વાહનોની સરખામણીએ વધારો જોવા મળ્યો છે. પેટ્રોલ પર ચાલતા ઊતારૂ વાહનોનો હિસ્સો ૪૦.૮૫ ટકા રહ્યો છે જ્યારે વૈકલ્પિક ઈંધણો સાથેના પેસેન્જર વ્હીકલનો હિસ્સો ૪૧.૯૫ ટકા રહેવા પામ્યો છે.ગયા વર્ષના ઓગસ્ટમાં પેટ્રોલ ઊતારૂ વાહનોનો હિસ્સો હાલના કરતા ૧૧ ટકા વધુ હતો. પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે દેશમાં પેટ્રોલ તથા ડીઝલ મોંઘા થતા વાહન ખરીદનારાની પસંદગીમાં બદલાવ આવ્યો હોવાનું માની શકાય એમ છે. ઊતારૂ વાહનોનું એકંદર માસિક વેચાણ પહેલી જ વખત ચાર લાખને પાર કરીને ૪૦૨૩૯૮ રહ્યું છે જે વાર્ષિક ધોરણે ૧૬.૧૫ ટકા વૃદ્ધિ દર્શાવે છે.

## નિયોએ IFSCA (ગિફ્ટ સિટી)માંથી PSP લાઇસન્સ મેળવ્યું; આંતરરાષ્ટ્રીય વૃદ્ધિના આગામી તબક્કામાં આગેકૂચ કરવા ભારતના વૈશ્વિક ઉપભોક્તાઓ પર દાવ

મુંબઈ : ભારતના અગ્રણી ટ્રાવેલ ફિન્ટેક પ્લેટફોર્મ પૈકીના એક નિયોએ આજે પોતાના આંતરરાષ્ટ્રીય ફાઈનાન્શિયલ સર્વિસ બિઝનેસને મોટા પાયે વધારવાની યોજના જાહેર કરી હતી. હવે કંપની ટ્રાવેલ ફોરેક્સથી આગળ વધીને આંતરરાષ્ટ્રીય મની સોલ્યુશનની મોટી રેન્જ પ્રસ્તુત કરી રહી છે. ગિફ્ટ સિટીમાં કામ કરવા માટે પ્રાપ્ત પેમેન્ટ સર્વિસ પ્રોવિડર (PSP) લાઇસન્સ એ નિયોની આંતરરાષ્ટ્રીય ક્ષમતાઓનું વ્યૂહાત્મક વિસ્તરણ દર્શાવે છે. એનાથી ભારતના આંતરરાષ્ટ્રીય ફાઈનાન્શિયલ સોલ્યુશન બનાવવા અને તેને મોટા પાયે ફેલાવવાની એની ક્ષમતામાં વધારો થશે. ફિટ સિટીનું લાઇસન્સ મળ્યું એ અગાઉ નિયોએ ઝડપથી પાયાના સ્તરે પોતાની કામગીરીનું વિસ્તરણ કર્યું છે. કંપનીએ તાજેતરમાં રેમિટX બ્રાન્ડ અંતર્ગત કાર્યરત કેપિટલ ઈન્ડિયા ફાઈનાન્સ લિમિટેડના ફોરેક્સ વ્યવસાયને ખરીદી લીધો છે, જેથી તેનું બ્રાન્ચ નેટવર્ચ ચાર ગણાથી વધારે વધી ગયું છે. આ અધિગ્રહણ નિયોની સંપૂર્ણ ભારતમાં ફિઝિકલ હાજરીને મજબૂત કરે છે. સાથે સાથે, કંપની પોતાના ડિજિટલ અને ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ વધારી રહી છે, જેથી ગ્રાહકોને દેશવિદેશમાં નાણાં મોકલવા હાઈબ્રિડ મૉડલ (બ્રાંચ અને એપ બંને) મળે છે. ગિફ્ટ સિટી લાઈસન્સ અને બ્રાન્ચ નેટવર્કમાં વધારો સંયુક્તપણે નિયોના લક્ષ્યાંકોમાં એક મોટું પરિવર્તન લાવે છે - એક એવું આંતરરાષ્ટ્રીય ફિન્ટેક પ્લેટફોર્મ બનાવે છે, જે પોતાની કેટેગરીમાં ખાસ હોય, પબ્લિક માર્કેટમાં લિસ્ટ હોવા તૈયાર હોય અને જેની વિતરણ અને નિયમનકારક પહોંચ વધારે હોય, કારણ કે હવે કંપની વિકાસના આગામી તબક્કામાં પ્રવેશ કરી રહી છે.નિયો ફોરેક્સના સીબીઓ સાઈ શંકરે કહ્યું હતું : "ભારતના વૈશ્વિક ઉપભોક્તાઓની ઓળખ હવે ફક્ત સફર પૂરતી મર્યાદિત નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય શિક્ષણ, રોજગારી, ખર્ચ અને રૂપિયાની લેવડદેવડ જેવી કામગીરીઓ ઉપભોક્તાઓનાં નાણાકીય જીવનનો ઝડપથી મહત્વપૂર્ણ ભાગ બને છે. અમારું લક્ષ્યાંક એ બદલાતી જરૂરિયાતોના હિસાબે સમાધાન તૈયાર કરવાનું અને આંતરરાષ્ટ્રીય સફરમાં સરળ અનુભવ આપવાનું છે. ગિફ્ટ સિટીનું લાઈસન્સ આ તકનો લાભ મેળવવા અને વિકાસના આગામી તબક્કાની તૈયારી કરવાની અમારી ક્ષમતાઓને વધારે મજબૂત કરે છે."

# 1 વર્ષમાં બેન્ક ખાતામાં કેટલી રોકડ જમા કરાવી શકાય? ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટના કડક નિયમો

(એજન્સી) નવી દિલ્હી | તા 08

બેંક ખાતામાં મોટી રોકડ જમા કરાવવા પર આવકવેરા વિભાગની નજર રહે છે. 10 લાખથી વધુ કેશ જમા થતાં બેંકો તેની જાણ IT વિભાગને કરે છે. જોકે, કાયદેસર સ્ત્રોત અને યોગ્ય હિસાબ હોય તો ચિંતા નથી. 50,000થી વધુ જમા પર PAN ફરજિયાત છે. એક દિવસમાં 2 લાખથી વધુ રોકડ સ્વીકારવા પર 100% દંડ લાગી શકે છે.સામાન્ય રીતે લોકો બચત ખાતામાં રોકડ રકમ જમા કરાવતા હોય છે, પરંતુ શું તમે જાણો છો કે બેંક ખાતામાં મોટા પ્રમાણમાં થતી કેશ ડિપોઝિટ પર આવકવેરા વિભાગની સીધી નજર હોય છે? સરકાર અને ટેક્સ વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય અઘોષિત આવક, ટેક્સ ચોરી અને મની લોન્ડરિંગ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવાનો છે. જો તમે પણ તમારા બચત ખાતામાં વારંવાર કે મોટી રકમમાં રોકડ જમા કરાવો છો, તો ટેક્સ અને બેંકિંગના નિયમો જાણી લેવા અનિવાર્ય છે.હાલના આવકવેરા નિયમો અનુસાર, જો કોઈ વ્યક્તિ એક નાણાકીય વર્ષ દરમિયાન પોતાના એક અથવા એકથી વધુ સેવિંગ્સ એકાઉન્ટ્સમાં કુલ મળીને 10 લાખ કે તેથી વધુ કેશ જમા કરાવે છે, તો બેંકો માટે તેની માહિતી સીધી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને મોકલવી ફરજિયાત બને છે.આ લિમિટ કોઈ એક ટ્રાન્ઝેક્શન પર નહીં, પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન કરાયેલા તમામ રોકડ જમાના સરવાળા પર લાગુ પડે છે.10 લાખથી વધુ કેશ જમા કરાવવાનો અર્થ એવો બિલકુલ નથી કે તમને સીધી ટેક્સ નોટિસ આવી જશે. જો તમારી પાસે તે નાણાંનો કાયદેસર સ્ત્રોત અને યોગ્ય હિસાબ હોય, તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી. બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરાવવા પર પોતાનામાં કોઈ સીધો ટેક્સ લાગતો નથી. પરંતુ જો તમારું કેશ ડિપોઝિટ 10 લાખની મર્યાદા વટાવી જાય, તો આવકવેરા વિભાગ તરફથી તમને તે નાણાંના સોર્સ અંગે પૂછપરછ થઈ શકે છે. જો આ નાણાં તમારા પગાર, બિઝનેસ પ્રોફિટ, ભાડાની આવક કે ખેતીની આવકમાંથી આવ્યા હોય અને તમે તેને તમારા ઈન્કમ ટેક્સ રિટર્ન(ITR)માં યોગ્ય રીતે દર્શાવ્યા હોય, તો કોઈ મુશ્કેલી ઊભી થતી નથી.

# ૩૨ લાખના ઉમેરા સાથે નવા ડીમેટ ખાતાની સંખ્યા સાત મહિનાની ટોચે

મુંબઈ : દેશની પ્રાઈમરી માર્કેટમાં તેજીને પરિણામે ગત મહિને નવા ડીમેટ ખાતા ખોલાવવાની સંખ્યા સાત મહિનાની ટોચે રહી હતી. જાન્યુઆરીથી મેના ગાળામાં દર મહિને સતત ઘટાડો જોવાયા બાદ જૂનથી નવા ડીમેટ ખાતામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. એનએસડીએલ તથા સીડીએસએલના ડેટા પ્રમાણે ઓગસ્ટમાં દેશમાં ૩૨.૭૦ લાખ નવા ડીમેટ ખાતા ખૂલ્યા છે. આ ઉમેરા સાથે ડીમેટ ખાતાની એકંદર સંખ્યા ૨૩.૭૭ કરોડ પર પહોંચી ગઈ છે.

આ આંક એકંદર ડીમેટ ખાતાના છે જેમાં એક કરતા વધુ એકાઉન્ટ ધરાવતા રોકાણકારોનો પણ સમાવેશ થાય છે.પેન કાર્ડ દીઠ ડીમેટ ખાતાની સંખ્યા (યુનિક ઈન્વેસ્ટર્સ) ૧૩.૫૦ કરોડ જેટલી છે. તાજેતરના મહિનાઓમાં ડીમેટ ખાતાની સંખ્યામાં થઈ રહેલા વધારા પાછળ પ્રાઈમરી માર્કેટમાં આવેલી રેલી રહ્યું છે. જાહેર ભરણામાં ફરી પાછા સારા વળતર મળવા લાગતા રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારો આઈપીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે.ઓગસ્ટમાં ૨૩ આઈપીઓ મારફત કંપનીઓએ રૂપિયા ૨૨૪૫૦ કરોડ જેટલુ ભંડોળ ઊભુ કર્યું હતું.આ ઉપરાંત જાહેર ભરણાં લાવવા માટે મંજુરી પ્રાપ્ત કરી ચૂકેલી અંદાજે ૩૦ જેટલી કંપનીઓ વર્તમાન મહિનામાં આઈપીઓ લાવવા માટે કતારમાં છે. આ કંપનીઓની મુદત વર્તમાન મહિનાના અંતે સમાપ્ત થઈ રહી હોવાથી વર્તમાન મહિનામાં આઈપીઓ માટે ભારે ધસારો જોવા મળવાના સંકેત મળી રહ્યા છે.વર્તમાન મહિનો દેશના પ્રાઈમરી માર્કેટમાં એકદમ વ્યસ્ત રહેવાની વિશ્લેષકો શકયતા જોઈ રહ્યા છે. ૨૦૨૬નું કેલેન્ડર વર્ષ પ્રાઈમરી માર્કેટ માટે ભંડોળ ઊભા કરવાની દ્રષ્ટિએ ઐતિહાસિક બની રહેવાની પણ શકયતા જોવાઈ રહી છે.વર્તમાન સપ્તાહમાં જ ૧૨ મેઈન બોર્ડ તથા ચાર એસએમઈ મળી કુલ ૧૬ કંપનીઓ રૂપિયા ૭૧૯૦ કરોડથી વધુનું ભંડોળ ઊભુ કરવા યોજના ધરાવે છે.

# News Brief

## સ્ટીમહાઉસ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે

અમદાવાદ | સ્ટીમહાઉસ ઈન્ડિયા લિમિટેડ (the "Company") તેના પ્રત્યેક રૂ. 2ના ઈક્વિટી શેરનો આઈપીઓ ("Offer") બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખોલવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક અગાઉ એટલે કે મંગળવાર, 8 સપ્ટેમ્બર, 2026 છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026 રહેશે. ઓફર માટે પ્રાઇઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. 77થી રૂ. 81 નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 185 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 185 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. આ ઓફરમાં રૂ. 353 કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") અને વેચાણકર્તા શેરધારક દ્વારા રૂ. 61 કરોડ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (the "Offer for Sale", અને ફ્રેશ ઈશ્યૂ સાથે મળીને, the "Offer") સામેલ છે. કુલ ઓફરનું કદ રૂ. 414 કરોડ થાય છે.

## કરમતારા એન્જિનિયરિંગ લિમિટેડનો ઈક્વિટી શેરનો આઈપીઓ બુધવાર, 9 સપ્ટેમ્બર 2026ના રોજ ખુલશે

અમદાવાદ | કરમતારા એન્જિનિયરિંગ લિમિટેડ (the "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓના સંદર્ભમાં બિડ/ઓફર બુધવાર, 9 સપ્ટેમ્બર 2026ના રોજ ખોલશે. બિડ/ઓફર શુક્રવાર, 11 સપ્ટેમ્બર 2026ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગની તારીખ મંગળવાર, 8 સપ્ટેમ્બર 2026 રહેશે.બિડ ઓછામાં ઓછા 59 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 59 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઈક્વિટી શેર માટે પ્રાઇઝ બેન્ડ રૂ. 241થી રૂ. 254 નક્કી કરવામાં આવી છે. આ ઓફરનું કુલ કદ રૂ. 10 ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 3,63,07,052 ઈક્વિટી શેરનું છે, જેની કુલ કિંમત રૂ. 8,750.00 મિલિયન સુધીની છે.આ ઓફરમાં રૂ. 10 ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ [] ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેની કુલ કિંમત રૂ. 6,750.00 મિલિયન સુધીની છે. આ ઉપરાંત, વધુમાં વધુ [] ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ પણ સામેલ છે, જેની કુલ કિંમત રૂ. 2,000.00 મિલિયન સુધીની છે. ઓફર ફોર સેલમાં તનવીર સિંહ દ્વારા રૂ. 10 ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ [] ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. 1,000.00 મિલિયન સુધીની છે. જ્યારે રાજીવ સિંહ દ્વારા રૂ. 10 ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ [] ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. 1,000.00 મિલિયન સુધીની છે.

## એલસીસી પ્રોજેક્ટ્સે આઈપીઓ માટે રૂ. 139-146નો પ્રાઇઝ બેન્ડ નક્કી કર્યો, ઈશ્યૂ 9 સપ્ટેમ્બરે ખુલશે

અમદાવાદ | એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડે શુક્રવાર, 4 સપ્ટેમ્બર, 2026ના રોજ તેના આગામી આઈપીઓ માટે પ્રતિ ઈક્વિટી શેર રૂ. 139-146નો પ્રાઇઝ બેન્ડ નક્કી કર્યો છે. રૂ. 427 કરોડનો આઈપીઓ 9 સપ્ટેમ્બરે સબસ્ક્રીપ્શન માટે ખુલશે અને 11 સપ્ટેમ્બરે બંધ થશે. જાહેર કરાયેલી માહિતી અનુસાર, એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીગ 8 સપ્ટેમ્બરે યોજાશે. ઈપીસી કંપનીના આઈપીઓમાં રૂ. 258 કરોડ સુધીના ફ્રેશ ઈશ્યૂ અને 1,15,85,000 શેર સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ)નો સમાવેશ થાય છે. પ્રાઇઝ બેન્ડના અપર એન્ડ પર ઈશ્યૂનું કદ આશરે રૂ. 427 કરોડ અને લૉઅર એન્ડ પર આશરે રૂ. 419 કરોડ રહેશે. ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી રકમનો ઉપયોગ સાધનોની ખરીદી, દેવાની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એલસીસી પ્રોજેક્ટ્સ વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (ઈપીસી) કંપની છે. છેલ્લા બે દાયકાથી વધુ સમયગાળા દરમિયાન કંપનીએ સિંચાઈ અને પાણી પુરવઠાના ક્ષેત્રમાં વિવિધ પ્રકારના પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે. તેમાં બંધ, બેરેજ, વીયર, હાઈડ્રોલિક માળખાં, નહેરો, પાઈપ વિતરણ નેટવર્ક, લિફ્ટ સિંચાઈના કામો, પાણી પુરવઠાની યોજનાઓ તેમજ અન્ય ઈપીસી પ્રોજેક્ટ્સના નિર્માણનો સમાવેશ થાય છે.

## મનિકા પ્લાસ્ટેક લિમિટેડનો આઈપીઓ શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026 ના રોજ ખુલશે

અમદાવાદ | મનિકા પ્લાસ્ટેક (The "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026ના રોજ ખોલશે. ઓફર માટે ઈક્વિટી શેર દીઠ પ્રાઇઝ બેન્ડ રૂ. 40થી રૂ. 43 નક્કી કરવામાં આવ્યો છે ("Price Band"). ઓછામાં ઓછા 348 ઈક્વિટી શેર માટે બિડ કરી શકાશે અને ત્યારબાદ 348 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે ("Minimum Bid Lot"). એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ ગુરુવાર, 10 સપ્ટેમ્બર, 2026 રહેશે. બિડ/ઓફર શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને બુધવાર, 16 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે. આ ઓફરમાં કુલ રૂ. 92.5 કરોડ સુધીનો ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") અને કુલ 76,74,418 ઈક્વિટી શેર સુધીની ઓફર ફોર સેલ ("Offer for Sale") સામેલ છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 2 છે. કંપની ઓફરમાંથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ નીચેના હેતુઓ માટે કરવાની દરખાસ્ત ધરાવે છે: (1) પ્લાન્ટ અને મશીનરીની ખરીદી માટેના મૂડી ખર્ચને ભંડોળ પૂરું પાડવા;(2) કંપની દ્વારા લેવામાં આવેલી કેટલીક લોન અને અન્ય ઋણની આંશિક અથવા સંપૂર્ણ ચુકવણી અને/અથવા સમય પહેલાં ચુકવણી કરવા માટે અને(3) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે. આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE" and together with BSE, the "Stock Exchanges") પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. ઓફરના હેતુ માટે બીએસઈને નિયુક્ત સ્ટોક એક્સચેન્જ તરીકે નક્કી કરવામાં આવ્યું છે.

## મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રીમતી સુનેત્રા અજીત પવારે 'ટાટા મુંબઈ મેરેથોન 2026'ના ઈકોનોમી અને હેલ્થ ઈમ્પેક્ટ રિપોર્ટ જાહેર કર્યો

(એજન્સી) અમદાવાદ | તા 08

પ્રોકેમ ઈન્ટરનેશનલ દ્વારા આયોજિત ટાટા મુંબઈ મેરેથોન (TMM), વર્લ્ડ એથ્લેટિક્સ ગોલ્ડ લેબલ રેસ અને એશિયાની સૌથી મોટી મેરેથોન ઈવેન્ટ્સમાંની એક છે, જે પોતાની 21 વર્ષની સફરમાં રેસના દિવસથી પણ ઘણી આગળ સુધી અસર પહોંચાડતી એક ચળવળ તરીકે વિકસિત થઈ છે. તેની 2026ની આવૃત્તિએ 663.23 કરોડની સામાજિક-આર્થિક-આરોગ્ય અસર પેદા કરી છે, જે ભાગીદારી, આરોગ્ય અને ફિટનેસ, અર્થતંત્ર, સમુદાયો અને ટકાઉપણાના ક્ષેત્રોમાં આ રમતગમતની ચળવળ દ્વારા સર્જાયેલા પરિવર્તનના અસાધારણ વ્યાપને દર્શાવે છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા ટાટા મુંબઈ મેરેથોનને સતત મળતું સમર્થન, તંદુરસ્ત જીવનશૈલીને પ્રેરિત કરવા, નાગરિક ગૌરવને પ્રોત્સાહન આપવા અને દોડવાની ભાવના દ્વારા સમુદાયોને એકસાથે લાવવા માટેની ઈવેન્ટના કાયમી વારસાને વધુ મજબૂત બનાવે છે. ટાટા મુંબઈ મેરેથોન આગામી પાંચ વર્ષ માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રાયોજિત થનારી એકમાત્ર રમતગમતની ઈવેન્ટ છે, જે રાજ્ય અને શહેર માટે ઈવેન્ટના મહત્વને વધુ રેખાંકિત કરે છે.શ્રીમતી સુનેત્રા અજિત પવાર, માનનીય નાયબ મુખ્યમંત્રી અને રમતગમત તથા યુવા કલ્યાણ મંત્રી, મહારાષ્ટ્ર સરકાર, એ જણાવ્યું હતું કે, "મહારાષ્ટ્ર સરકારના રમતગમત અને યુવા કલ્યાણ વિભાગની જવાબદારી સંભાળતી વખતે મારું એક સ્વપ્ન છે કે મહારાષ્ટ્રમાં રમતગમત હવે માત્ર સ્પર્ધાનો વિષય ન રહે, પરંતુ દરેક વ્યક્તિની જીવનશૈલીનો એક ભાગ બને. તેથી, અમારો સંદેશ એકદમ સ્પષ્ટ છે: 'ફિટ મહારાષ્ટ્ર, કેપેબલ મહારાષ્ટ્ર', અને TMM જેવી પહેલો આ સંદેશને દરેક ઘર સુધી પહોંચાડવામાં ખૂબ મદદરૂપ થશે.આ મેરેથોનની અસર માત્ર રમતગમતના ક્ષેત્ર સુધી મર્યાદિત નથી - આ મેરેથોનના કારણે પ્રવાસન, મુસાફરી, ફિટનેસ અને રમતગમત જેવા ઉદ્યોગોએ અંદાજિત 650 કરોડની આવક પેદા કરી છે. આ એક બાબત સ્પષ્ટ કરે છે: આ માત્ર રમતગમતના ક્ષેત્ર પૂરતી મર્યાદિત પ્રવૃત્તિ નથી, પરંતુ તે તકોનું સર્જન કરતું અને મોટા અર્થતંત્રમાં નવી ઊર્જા અને ગતિ લાવતું એક બળ છે. મને પોતે ડ્રિમ રનમાં ભાગ લેવાનો આનંદ છે, કારણ કે મારા માટે તે માત્ર કિલોમીટરમાં માપવામાં આવતી દોડ નથી; પરંતુ તે આપણા સપનાઓની દિશામાં ભરવામાં આવેલું પ્રથમ પગલું છે. તમારું સ્વપ્ન ગમે તે હોય, તેને પૂર્ણ કરવાની દિશામાં પ્રથમ પગલું ભરવું એ સૌથી મહત્વપૂર્ણ બાબત છે."શ્રી છગન ભુજબળ, મહારાષ્ટ્રના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સંરક્ષણ મંત્રી, એ જણાવ્યું હતું કે, "ટાટા મુંબઈ મેરેથોન એક રમતગમતની ઈવેન્ટમાંથી આગળ વધીને એક ચળવળ અને મુંબઈની ઓળખનો અભિન્ન ભાગ બની છે. વહીવટીતંત્ર, મહાનગરપાલિકા અને પોલીસને એકસાથે લાવતી ઈવેન્ટ તરીકે જેની શરૂઆત થઈ હતી, તે આજે વૈશ્વિક સ્તરે ઓળખાતી મેરેથોન બની ગઈ છે, જે સમાજના તમામ વર્ગોના લોકોને એકસાથે લાવે છે. તેની અસર રેસથી આગળ સુધી વિસ્તરે છે, ફિટનેસ અને સક્રિય જીવનશૈલી અંગે વધુ જાગૃતિને પ્રેરિત કરે છે, જ્યારે મુંબઈની ઊર્જા, ઉત્સાહ અને ભાવનાને વિશ્વભરના પ્રેક્ષકો સમક્ષ રજૂ કરે છે. ટાટા મુંબઈ મેરેથોન ખરેખર એક એવું પ્લેટફોર્મ છે જે શહેરને એક કરે છે અને મુંબઈને વૈશ્વિક રમતગમતના નકશા પર સ્થાન અપાવે છે."



# એમેઝોન બઝારે 3 કરોડ પ્રોડક્ટ્સ સુધી વિસ્તરણ કર્યું

## ગુજરાત 3X વાર્ષિક વૃદ્ધિ સાથે ઓર્ડર્સની સંખ્યામાં અગ્રણી પ્રદેશ તરીકે ઉભરી આવ્યું છે

(એજન્સી) અમદાવાદ | તા 08

Amazon.inએ આજે જાહેરાત કરી છે કે એમેઝોન બઝારે તેના પ્રોડક્ટ્સના સિલેક્શનને ઝડપથી વિસ્તારીને 3 કરોડથી વધુ પ્રોડક્ટ્સ સુધી પહોંચાડ્યું છે, જેમાં 80%થી વધુ પ્રોડક્ટ્સની કિંમત રૂ. 300થી ઓછી છે. આ વિસ્તરણ ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અને સમગ્ર ભારતમાં વાજબી કિંમતે ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સની વધી રહેલી માંગને પહોંચી વળવા માટે કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્તરે, 2024માં બઝારના લોન્ચ બાદથી ટિયર 2 અને ટિયર 3 શહેરોના ખરીદદારોની સંખ્યામાં 8X વૃદ્ધિ જોવા મળી છે અને હાલમાં બઝારના કુલ ઓર્ડરમાંથી 65%થી વધુ ઓર્ડર આ શહેરોમાંથી આવે છે. એમેઝોન બઝારે ગુજરાતમાં પણ મજબૂત વૃદ્ધિ નોંધાવી છે, જ્યાં રાજ્યમાં ઓર્ડર્સમાં ગત વર્ષની સરખામણીએ 3X વૃદ્ધિ થઈ છે. 500થી ઓછી કિંમત ધરાવતી દરેક પ્રોડક્ટ, ફ્રી ડિલિવરી અને કેશબેક ઑફર્સ સાથે એમેઝોન બઝાર સમગ્ર રાજ્ય અને તેનાથી આગળ પણ વાજબી કિંમતે ખરીદી સુલભ બનાવી રહ્યું છે.આ જાહેરાત અંગે માહિતી આપતાં, એમેઝોન ઈન્ડિયાના એમેઝોન બઝારના હેડ સમીર લાલવાણીએ જણાવ્યું હતું કે, "એમેઝોન બઝારની શરૂઆતથી જ અમારું ધ્યાન એવા સિલેક્શનનું નિર્માણ કરવા પર રહ્યું છે જે મૂલ્ય પ્રત્યે જાગૃત ગ્રાહકોની વાસ્તવિક જરૂરિયાતોને પૂર્ણ કરે. અમે ગ્રાહકો શું ઈચ્છે છે તે ધ્યાનપૂર્વક સાંભળીએ છીએ અને તે અનુસાર વિવિધ પ્રોડક્ટ કેટેગરીઝમાં યોગ્ય પ્રોડક્ટ્સ ઉમેરીએ છીએ. ગુજરાતમાં આ અભિગમે મજબૂત પરિણામો આપ્યાં છે, જ્યાં સુરત, અમદાવાદ અને વડોદરા જેવા શહેરોના ગ્રાહકો ફેશન અને હોમ ડેકોરથી લઈને કિચન ટૂલ્સ અને ઈલેક્ટ્રોનિક એક્સેસરીઝ સુધીની રોજિંદી જરૂરિયાતો માટે વધુને વધુ બઝાર તરફ વળી રહ્યા છે. જ્યારે યોગ્ય કિંમતે યોગ્ય પ્રોડક્ટ્સ મળે છે, ત્યારે ગ્રાહકો સ્વાભાવિક રીતે પ્રતિસાદ આપે છે. અમે ગુજરાતના વધુ સ્થાનિક વિક્રેતાઓને તેમની પ્રોડક્ટ્સ ઓનલાઈન લાવવા અને બઝાર મારફતે દેશભરના ગ્રાહકો સુધી પહોંચવામાં સક્ષમ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ."ગુજરાતમાં ગ્રાહકો વિવિધ કેટેગરીઝમાં પ્રોડક્ટ્સનો લાભ લઈ રહ્યા છે. શહેરમાં હોમ એન્ડ કિચન કેટેગરીમાં 4X YoY વૃદ્ધિ નોંધાઈ છે, જેમાં વેજિટેબલ ચોપર્સ, કિચન એસેસરીઝ અને હોમ ડેકોરની વસ્તુઓની સૌથી વધુ માંગ જોવા મળી છે. વુમન્સ ફેશનમાં 3X YoY વૃદ્ધિ થઈ છે, જેમાં સાડીઓ, કુર્તીઓ, જીન્સ અને ટોપ્સની માંગ આગળ રહી છે, જ્યારે ઈલેક્ટ્રોનિક્સમાં 4X YoY વૃદ્ધિ નોંધાઈ છે, જે મુખ્યત્વે ફોન કવર, હેડફોન અને સેલ્ફી સ્ટિક્સ દ્વારા સંચાલિત છે.તહેવારોની સિઝન નજીક આવતાં, ગ્રાહકોમાં પ્રી-ડ્રેપ્ડ સાડીઓ, બાંધણી પોટલીઓ, મિરર-વર્ક જૂતીઓ અને LED લાઈટ્સ જેવી વસ્તુઓની માંગમાં પણ વધારો જોવા મળી રહ્યો છે, જે સુલભ કિંમતોમાં પ્રદેશની તહેવારી પરંપરાઓને પ્રતિબિંબિત કરે છે. ગુજરાતમાં Amazon.in પર 2,50,000થી વધુ વિક્રેતાઓ છે અને રાજ્યમાં બઝારના વિક્રેતા આધારનો ગત વર્ષની સરખામણીએ લગભગ 2.5X વધારો થયો છે, જે એમેઝોન બઝારના વિસ્તરતા સિલેક્શન અને અત્યંત ઓછી વિક્રેતા-આધારિત કિંમતોને વેગ આપી રહ્યો છે. આ વૃદ્ધિને ઝડપી અને વિશ્વસનીય ડિલિવરી સાથે ટેકો આપવા માટે એમેઝોને ગુજરાતમાં તેના ઓપરેશન્સ નેટવર્કને વધુ મજબૂત બનાવ્યું છે, જેમાં 2 ફુલફિલમેન્ટ સેન્ટર્સ, 2 સોર્ટેશન સેન્ટર્સ, લગભગ 760 Hub ડિલિવરી પાર્ટનર્સ અને 90 ડિલિવરી સ્ટેશન્સનો સમાવેશ થાય છે. આ નેટવર્ક નાના શહેરો અને નગરોમાં પણ સરળ લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે. એમેઝોન બઝાર ગુજરાતમાં તેના સેલર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે સતત રોકાણ કરી રહ્યું છે, જેમાં સુરત જેવા શહેરો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. 0% કમિશન અને સરળ લિસ્ટિંગ પ્રક્રિયા સાથે, જેમાં મોબાઈલથી ક્લિક કરવામાં આવેલી લાઈફસ્ટાઈલ ઈમેજિસનો પણ સમાવેશ થાય છે, બઝારે નાના અને પ્રથમ વખત ઓનલાઈન વેચાણ શરૂ કરનારા વિક્રેતાઓ માટે ઓનલાઈન આવવું વધુ સરળ બનાવ્યું છે.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -13

# બોલીવૂડની ભ્રામક આભા પર હનુમાન અંશની ગદાના ફટકા

ખરેખર, બોલીવૂડની આભા પર હનુમાન અંશ ફિલ્મે ગદાથી ફટકા માર્યા છે. ઘેર ઘેર હનુમાન અંશની વાતો થઈ રહી છે. નો સેક્સી સીન અને નો ફાઈટ સીન વાળી આ ફિલ્મમાં કોઈ મોટા કલાકારો નહોતા છતાં ફિલ્મ પડદે તેના પર હીટનું લેબલ વાગી ગયું છે.પૌરાણીક કથાઓ બાળકને દાદીમા પાસેથી સાંભળવા મળતી હોય છે. બાળક મોટું થયા પછી અને શિક્ષણ ક્ષેત્રે આગળ વધ્યા પછી પૌરાણીક કથા સમજાવનાર કોઈ નથી હોતું. યુવાનોના માનસ પર બોલીવૂડે એટલો સખ્ત ભરડો જમાવ્યો છે કે તેના વિચારે નવી નેગેટીવ સંસ્કૃતિ ઉભી થઈ રહી છે. તેને દૂર કરવી શક્ય નહોતી.

જોકે હનુમાન અંશે ચમત્કાર બતાવ્યો છે. લોકો બે બે વાર આ ફિલ્મ જોઈ રહ્યા છે. દોઢ -બે કરોડમાં બનેલી ફિલ્મ માત્ર ૩૦ દિવસમાં ૧૦૦ કરોડને સ્પર્શી રહી છે. લોકોના માનસ પર હીલીંગનો લેપ લગાવતી ફિલ્મે બોલીવૂડને હચમચાવી દીધું છે. લોકોના માનસને જે શ્રધ્ધા ભરેલી વાતો જોવાનું મન હતું તે બહુ સરળ રીતે હનુમાન અંશમાં સમજાવાયું છે.

૧૯૭૫-૭૬ દરમ્યાન આવેલી ફિલ્મ જય સંતોષીમાં જોવા લોકો ચંપલ બહાર ઉતારીને થિયેટરમાં જતા હતા એવુંજ હનુમાન અંશમાં જોવા મળી રહ્યું છે. જય સંતોષીમાનું વ્રત પણ ફિલ્મ જોયા બાદ અનેક લોકો કરતા થયા હતા. પ્રજા આવી ફિલ્મોનો પ્રચાર હોંશે હોંશે કરતી હોય છે. દર્શકોના મનને શાંતિ મળતી હોય એવી ફિલ્મો આપવાનું ગજું બોલીવૂડમાં નથી.

હિન્દુ દેવી દેવતાઓનું અપમાન હવે ફિલ્મોમાં, ઓટીટી પ્લેટફોર્મ અને સ્ટેન્ડીંગ કોમેડી કરનારા માટે સામાન્ય થઈ ગયું છે. તેમના પર ફરિયાદ થાય એટલે તેમના ભાવ વધી જતા હતા.

હનુમાન અંશના આઇડ્યા પાછળ ૨૧ વર્ષની યુવતી અનુપ્રિયા નાગર છે. તે મુંબઈની છે અને એક એસાઈનમેન્ટના ભાગ રૂપે તે નીમ કરોલી બાબાના આશ્રમમાં ગઈ હતી. સ્ટીવ જોબે આશ્રમની મુલાકાત લીધા બાદ તેની જિજ્ઞાસા નિમ કરોલી બાબા વિશે વધુ જાણવાની થઈ હતી. તેમાંથી એક આધ્યાત્મિક સફર કરાવતી ફિલ્મ બની હતી. એપલના કો ફાઉન્ડર અને નિમ કરોલી બાબા વચ્ચેનું આધ્યાત્મિક કનેક્શન જાણવાના પ્રયાસમાંથી ફિલ્મનો જન્મ થયો હતો.

ફિલ્મ મેકર વિશાલ ચતુર્વેદી સાથે રહીને લો બજેટ વાળી ફિલ્મ બનાવાઈ હતી. ફિલ્મ અને અનુપ્રિયાની કેરીયરના એસાઈનમેન્ટ સાથે કોઈ લેવાદેવા નહોતી. યુકેમાં ઈકોનોમિક્સની ડિગ્રી લઈ ને ત્યાં ત્રણ વર્ષ રહી હતી. ફિલ્મ બનાવવાનો કે ભારત પરત ફરવાનો વિચાર પણ તેને ક્યારેય નહોતો આવ્યો. એપલના સ્ટિવ જોબ જ્યારે નિમ કરોલી બાબાના આશ્રમમાં આશિર્વાદ લેવા ગયા ત્યારે ત્યારે તે દરેક અખબારના ફ્રન્ટ પેજ ન્યૂઝ બન્યા હતા.

અનુપ્રિયા પહેલાં નિમ કરોલી બાબા પર બુક લખવા માંગતા હતા. પરંતુ બાદમાં તે એકેડેમીક પ્રોજેક્ટ સિનેમેટીક સાહસ બની ગયું હતું. મહારાજજી તરીકે લોકપ્રિય બનેલા નિમ કરોલી બાબાને મળવા માર્ક ઝુકરબર્ગ પણ ગયા હતા. અભિનેત્રી જુલિયા રોબર્ટે પણ કહ્યું હતું કે મારી આધ્યાત્મિક યાત્રા પર નિમ કરોલી બાબાનો પ્રભાવ છે.

બોલીવૂડની ફિલ્મોમાં આઈટમ સોંગ જોવા ટેવાયેલા પ્રેક્ષકો જ્યારે હનુમાન અંશનું

'જબ જીદ પે આ ગઈ પાર્વતી,પાર્વતી, પાર્વતી
જબ સમજાને પહુંચે સપ્તઋષિ, સપ્તઋષિ,સપ્તઋષિ..'

સોંગ વાગે છે ત્યારે આખું ઓડિયન્સ એક તાળી સાથે સૂરમાં સૂર મિલાવે છે.

તાજેતરમાં આવેલી ટોક્સિક ફિલ્મ નેગેટીવીટીથી ભરેલી છે જ્યારે જે હનુમાન અંશ જુવે છે તે પોઝિટિવીટીથી છલકાય છે. બે ફિલ્મો ધુરંધર અને હનુમાન અંશે બોલીવૂડ પર રાજ કરતાં લોકોને હચમચાવી નાખ્યા છે. જે લોકો ભારતની સંસ્કૃતિ વિરૂધ્ધની ફિલ્મો બનાવીને સમાજમાં નેગેટીવ દૂષણો ફેલાવવાનું ષડયંત્ર ચલાવતા હતા એવા લોકો હનુમાન અંશ છાને છૂપે જોઈ આવ્યા છે.

પ્રેક્ષકો જ્યારે ફિલ્મ જોવા આવી ત્રણ કલાક ફાળવે છે ત્યારે તેના માનસ પર નેગેટિવિટી ઈન્સ્ટોલ થાય છે પરંતુ હનુમાન અંશ જોનારા આધ્યાત્મિક હીલીંગ ઈન્સ્ટોલ થતું અનુભવે છે.

કહે છેકે દેશમાં પોલિટીકલ ક્ષેત્રે આવેલી જાગૃતિ બાદ હવે ફિલ્મોના પ્રેક્ષકોમાં પણ જાગૃતિ આવી છે. દેશને સર્વાંગી જાગૃતિની જરૂર છે. હનુમાન અંશે તેની શરૂઆત કરી છે.

# સત્યમ સેવા યુવક મંડળ, જૂનાગઢ દ્વારા 26મો સરસ્વતી સન્માન સાથે બ્લડ ડોનેશન કેમ્પનું જૂનાગઢમાં આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ 26મા સર્વ જ્ઞાતીય સરસ્વતી વિદ્યાર્થી સન્માન સમારોહનું ભવ્ય આયોજન તા.૧૩-૯-૨૬ ને રવિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે લોહિયા વાડી,જલારામ સોસાયટી, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યુ છે. આ વર્ષે સરસ્વતી સન્માન સમારોહમાં જૂનાગઢ શહેર તથા આસપાસના ૬૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. ધોરણ ૭ થી 12માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી મેરિટમાં સ્થાન મેળવનાર પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને દાતાશ્રીઓના સહયોગથી શિલ્ડ, સન્માનપત્ર, સ્કૂલબેગ તથા શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરવામાં આવશે. ઉપરાંત અરજી કરનાર તમામ વિદ્યાર્થીઓને પણ સન્માનપત્ર અને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. વિદ્યાર્થીઓ એ દેશનું ઉજ્જવળ ભવિષ્ય છે. તેમની મહેનત, લગન અને સિદ્ધિઓને સમાજ દ્વારા પ્રોત્સાહન મળે તે ખૂબ જ જરૂરી છે. સરસ્વતી સન્માન સમારોહનો મુખ્ય ઉદ્દેશ માત્ર વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો નથી, પરંતુ તેમની અંદર રહેલી પ્રતિભાને ઓળખી તેમને વધુ મહેનત કરવા, ઉચ્ચ શિક્ષણ મેળવવા અને જીવનમાં સફળતાના શિખરો સર કરવા માટે પ્રેરણા આપવાનો છે. આવા



સન્માનથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને અન્ય વિદ્યાર્થીઓને પણ અભ્યાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની પ્રેરણા મળે છે.વધુમાં "રક્તદાન એટલે જીવનદાન" ને લક્ષમાં લઈને આ પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેથી યુવાનો તથા સેવાભાવી નાગરિકોને મોટી સંખ્યામાં રક્તદાન કરી માનવસેવાના આ મહાયજ્ઞમાં જોડાવા સંસ્થાએ અપીલ કરી છે. એક યુનિટ રક્ત જરૂરિયાતમંદ વ્યક્તિના જીવન માટે અમૂલ્ય સાબિત થઈ શકે છે. કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી પ્રવીણાબેન ચોકસી, કિરીટભાઈ રાણીંગા તેમજ મંગલમૂર્તિ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ધીરુભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે જ્યારે આ સમારોહના અધ્યક્ષસ્થાને જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રી ઈન્દ્રજીતસિંહ આર. વાળા ઉપસ્થિત રહેશે. જ્યારે મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા, સિવિલ હોસ્પિટલના અધિક્ષકશ્રી ડો. હર્તાભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે. આ ઉપરાંત શ્રી જી.પી. કાઠી, શ્રી કે.ડી. પંડ્યા, શ્રી ભાવિનભાઈ છત્રાળા, ડો. પિયુષભાઈ બોરખતરિયા, ડો. કેતનભાઈ ગઢવી, ડીવાયએસપી શ્રી હિતેશભાઈ ધાંધલીયા, ઈકબાલભાઈ મારફતિયા, બાબુભાઈ લાઠિયા, પલવીબેન ઠાકર, વિજયાબેન લોઢિયા, દયાબેન માલેક, મીનાબેન ગોહેલ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારશે.

# સતર્કતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ: ભાવનગર મંડળના લોકો પાઇલટોએ એશિયન સિંહને સુરક્ષિત બચાવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભાવનગર મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા એશિયન સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સંવેદનશીલ વન્યજીવ વિસ્તારોમાં ટ્રેનોનું સંચાલન અત્યંત સાવચેતી અને નિર્ધારિત ગતિ મર્યાદા સાથે કરવામાં આવી રહ્યું છે. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન તથા વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર (ટ્રેક્શન) શ્રી વિજેન્દ્ર કુમાર મીણાના નેતૃત્વ હેઠળ લોકો પાઈલટોને વન્યજીવ વિસ્તારોમાં વિશેષ સાવચેતી રાખવા માટે સતત જાગૃત અને માર્ગદર્શિત કરવામાં આવે છે. આ જ સતર્કતાનું એક પ્રશંસનીય ઉદાહરણ 08 સપ્ટેમ્બર 2026ના રોજ સામે આવ્યું, જ્યારે રાજુલા સિટી-રાજુલા જંક્શન રેલખંડ પર એક એશિયન સિંહ રેલવે ટ્રેક પાર કરતો જોવા મળ્યો. માલગાડીનું સંચાલન કરી રહેલા લોકો પાઈલટ શ્રી રિકેશ કુમાર ભાટિયા તથા વરિષ્ઠ સહાયક લોકો પાઈલટ શ્રી કૈલાશ કુમાવતએ કિલોમીટર નંબર 04/16-15 નજીક ટ્રેક પર સિંહને જોતા જ તાત્કાલિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી. તેમની ત્વરિત કાર્યવાહી અને સતર્કતાના કારણે એશિયન સિંહ સંભવિત રેલ અકસ્માતનો ભોગ બનવાથી બચી ગયો. ઘટનાના તુરંત બાદ લોકો પાઈલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) તથા રાજુલા સિટીના ઉપ સ્ટેશન અધિક્ષકને જાણ કરવામાં આવી. માહિતી મળતાં જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર શ્રી ભરતભાઈ ઘટનાસ્થળે પહોંચ્યા અને સિંહને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કર્યો. પરિસ્થિતિ સામાન્ય થયા બાદ માલગાડીને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.ભાવનગર મંડળમાં રેલવે તથા વન વિભાગ વચ્ચેના અસરકારક સંકલન અને લોકો પાઈલટોની સતર્કતાના પરિણામે અનેક એશિયન સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી બચાવવામાં આવ્યા છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 તથા વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધી 65 એશિયન સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.મંડળ રેલ પ્રબંધકશ્રી દિનેશ વર્મા તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓએ લોકો પાઈલટોની સતર્કતા, ત્વરિત નિર્ણય ક્ષમતા, સંવેદનશીલતા અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરતાં તેમને અભિનંદન પાઠવ્યા છે. ભાવનગર મંડળ, પશ્ચિમ રેલવે, વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને સતત વધુ મજબૂત બનાવતાં રેલવે અને વન વિભાગના સંકલિત પ્રયાસો દ્વારા એશિયન સિંહો સહિત અન્ય વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માંથી સંસ્કૃત વિષયે પીએચ.ડીની ડિગ્રી હાંસલ કરતા પંકજકુમાર જ્હા

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે આયોજીત પીએચ.ડી વાઈવામાં સંસ્કૃત વિભાગમાં વ્યાકરણ શાસ્ત્રીય નિપાતાનાં સમીક્ષણમ વિષયે પંકજકુમાર સદાશીવ જહાએ પોતાનું શોધપત્ર આખરી વાઈવા દરમ્યાન પોતાનાં માર્ગદર્શક માધવાણી કોલેજ પોરબંદરનાં ડો.સ્નેહલ હર્ષદરાય જોષીની ઉપસ્થિતીમાં બાહ્ય રેફરી તરીકે વિશેષ ઉપસ્થિત ગોધરાથી શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનાં એશોસીયેટ પ્રોફેસર ડો.રાજેશ વ્યાસ સમક્ષ સફળતા પુર્વક પ્રસ્તુત કરતાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કૂલપતિ પ્રો. ડો.પ્રતાપસિંહજી ચૌહાણે એ જ સમયે પંકજકુમાર જહાને પ્રોવિઝનલ પ્રમાણપત્ર સાથે નોટીફિકેશન એનાયત કર્યુ હતુ. પ્રોવિજનલ ડીગ્રી પ્રમાણપત્ર મેળવનાર જહા પંકકુમારને કુલપતિ પ્રો.ડો.પ્રતાપસિંહજીએ ઉજ્જવળ ભાવીની શુભકામના પાઠવતા જણાવ્યુ હતુ કે આજે આપણી વસુદૈવકુટુંમબક્કમ વ્યવસ્થાનું સ્થાન વિભક્ત પરિવારની વ્યવસ્થાએ લીધુ છે, આજે અમુક યુવાઓ દ્વારા માવતરનો



મલજો જળવાતો નથી, પશ્ચિમી સંસ્કૃતિના અનુસરણ સામે આપણી ભારતિ સંસ્કાર સભર સંસ્કૃતિનું જો આપણે આપણી ભવ્ય ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનું રક્ષણ કરવું હશે, તો નવી પેઢીમાં સંસ્કૃત ભાષાના અભ્યાસને વેગ આપવો જ પડશે. સંસ્કૃત એ માત્ર એક ભાષા નથી, પરંતુ ભારતના ભવ્ય વારસા, વિજ્ઞાન, ગણિત અને અધ્યાત્મનો અમૂલ્ય ખજાનો છે. વેદ, ઉપનિષદ અને ભગવદ ગીતા જેવા મહાન ગ્રંથો સંસ્કૃતમાં રચાયેલા છે. જ્યારે કોઈ વિદ્યાર્થી સંસ્કૃત શીખે છે, ત્યારે તે આપોઆપ પોતાની સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોની નજીક આવે છે. આજના આધુનિક યુગમાં પણ સંસ્કૃત ભાષાની પ્રાસંગિકતા એટલી જ છે. કમ્પ્યુટર સાયન્સ થી લઈને સ્પેસ સાયન્સ સુધી સંસ્કૃતની વૈજ્ઞાનિકતા સ્વીકારાઈ છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) માં પણ સંસ્કૃતના પ્રચાર-પ્રસાર પર આવકારદાયી રીતે ભાર મૂકવામાં આવ્યો છે,ત્યારે આજે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય દ્વારા જે પદવી એનાયત થઈ છે તે સમાજોત્કર્ષમાં લાભપ્રદ બની રહો એ જ અભિલાષા.

# બગસરા શહેરમાં બેંક ઓફ ઈન્ડિયાના 121મા સ્થાપના દિવસની ઉજવણી કરી બેંકની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી

અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં બેંક ઓફ ઈન્ડિયાની શાખા ખાતે 121 મા સ્થાપના દિવસની કેક કાપીને ભવ્ય ઉજવણી કરવામાં આવી બેંક ઓફ ઈન્ડિયાના 120 વર્ષ પૂર્ણ થતાં 121મા સ્થાપના દિવસ નિમિત્તે બગસરા બેંક ઓફ ઈન્ડિયા શાખા ખાતે ગ્રાહકો માટે વિશેષ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું.આ પ્રસંગે ગ્રાહકો અને આગેવાનોને બેંકની વિવિધ યોજનાઓ અંગે શાખા મેનેજર શ્રી કાર્તિક ત્રિવેદી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તકે પ્રગજીભાઈ હીરાણી,



અનિલભાઈ શેખ, હરેશભાઈ પટણી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ દલસુખભાઈ પાનસુરીયા, વિવેકભાઈ મારુ, અતુલભાઈ લાધાણી, મનીષભાઈ નાકરાણી, બાધુભાઈ પરમાર સાથે જ બેંકના ભાર્ગવભાઈ બોરડ, પિયુષભાઈ કાછડીયા મુકેશભાઈ મકવાણા સહિતના કર્મચારીઓ ઉપસ્થિતિમાં બેંક ઓફ ઈન્ડિયાના સ્થાપના દિવસની ઉજવણી કરી ગ્રાહકોને બેંકની વિવિધ સેવાઓ અને યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા.

# તંત્રનું જાહેરનામું ઝાંપા સુધી ,કાગળ પર અને સ્થળ પર લગાવાયેલા ઝાંપા-બોર્ડ પૂરતુ જ સીમિત

## ડાંગની જોખમી નદીઓમાં પ્રવાસીઓ બેફામ બન્યા:-સુરક્ષાના નામે તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલો

સુશીલ પવાર ડાંગ

ચોમાસાની ઋતુમાં ડાંગ જિલ્લાની નદીઓ, ધોધ, ચેકડેમો અને જળાશયો જોખમી બની જતા હોવા છતા પ્રવાસીઓની સુરક્ષાને લઈને વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. એક તરફ તંત્ર દ્વારા જોખમી સ્થળોએ પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવે છે, જ્યારે બીજી તરફ જવાની ગંભીર શક્યતા રહે છે.આવા સંજોગોમાં પ્રવાસીઓ માટે નદીમાં ઉતરવુ જીવલેણ સાબિત થઈ શકે છે.તેમ છતાં પ્રતિબંધની અવગણના કરીને પરિવાર સાથે ફરવા આવતા કેટલાક પ્રવાસીઓ ધસમસતા પાણીમાં ઉતરી સ્નાન કરતા જોવા મળી રહ્યા છે.જેના લીધે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાનો અમલ ક્યાં છે તે અંગે પ્રશ્ન ઉભા થયા છે?સૌથી



પ્રતિબંધનો અસરકારક અમલ કરાવવા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા કે સતત દેખરેખનો અભાવ જોવા મળી રહ્યો છે.પરિણામે તંત્રનું જાહેરનામું માત્ર કાગળ પર અને સ્થળ પર લગાવાયેલા ઝાંપા-બોર્ડ પૂરતુ જ સીમિત રહી ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાજેતરમાં નદી, તળાવ, ધોધ અને ચેકડેમ સહિતના જોખમી સ્થળોએ પ્રવાસીઓએ પ્રવેશ ન કરવો તે અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં વઘઈ-સાપુતારા માર્ગ પર રંભાસ ફાર્મ, સાકરપાતળ કુંડા ફાટક તેમજ ચીખલદા પુલ નજીક અંબિકા નદીના ધસમસતા પ્રવાહમાં પ્રવાસીઓ જોખમ ખેડીને સ્નાન કરતા હોવાના દૃશ્યો સામે આવી રહ્યા છે.ચોમાસા દરમિયાન અંબિકા નદીનો પ્રવાહ અચાનક વધી જવાની સંભાવના રહે છે.નદીના પટમાં શેવાળના કારણે પથ્થરો તથા સપાટી અત્યંત ચીકણી બની જતા પગ લપસી ગંભીર પ્રશ્ન એ છે કે જ્યારે તંત્રને જોખમી સ્થળોની જાણ છે અને ત્યાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે, ત્યારે પ્રતિબંધનો અમલ કરાવવા માટે જવાબદાર અધિકારીઓ, પોલીસ, હોમગાર્ડ અથવા સુરક્ષા કર્મચારીઓની સતત હાજરી કેમ જોવા મળતી નથી?માત્ર જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવું અને સ્થળ પર ચેતવણીના બોર્ડ લગાવી દેવા માત્રથી પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકતી નથી. પ્રતિબંધિત સ્થળોએ પ્રવાસીઓ ખુલ્લેઆમ પ્રવેશી રહ્યા હોય અને નદીના જીવલેણ પ્રવાહમાં ઉતરી રહ્યા હોય ત્યારે તંત્રની દેખરેખ અને અમલવારી વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા થવા સ્વાભાવિક છે.પ્રવાસન માટે જાણીતા ડાંગ જિલ્લામાં ચોમાસા દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટે છે. ખાસ કરીને સાપુતારા તરફ જતા માર્ગો પર આવેલા નદી-ધોધ અને કુદરતી સ્થળોએ પ્રવાસીઓની ભારે અવરજવર રહે છે. આવા સંજોગોમાં જોખમી સ્થળોએ બેરિકેડિંગ, સ્પષ્ટ ચેતવણી બોર્ડ, સુરક્ષા કર્મચારીઓની તૈનાતી, પોલીસ-હોમગાર્ડની હાજરી તથા સતત પેટ્રોલિંગ જેવી વ્યવસ્થા કરવી તંત્રની પ્રાથમિક જવાબદારી બની જાય છે.પરંતુ દુર્ઘટના સર્જાય અને કોઈનો જીવ જોખમાય ત્યારબાદ તંત્ર દોડતું થાય તેના બદલે દુર્ઘટના પહેલાં જ સાવચેતીના પગલાં લેવામાં આવે તે વધુ જરૂરી છે. પ્રવાસીઓ જોખમ ખેડતા હોય ત્યારે આંખ આડા કાન કરીને માત્ર જાહેરનામાનો હવાલો આપવાથી તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહી.જેથી જોખમી સ્થળોએ પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું માત્ર કાગળ પૂરતું ન રહે અને તેનો કડક અમલ થાય તે માટે નક્કર વ્યવસ્થા ઊભી કરવાની માંગ સ્થાનિકોમાંથી ઉઠી છે.સાથે જ ડાંગ જિલ્લામાં પ્રતિબંધિત સ્થળો પર જવાબદાર કર્મચારીઓની તૈનાતી કરવામાં આવે, નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને પ્રવાસીઓની સુરક્ષા માટે સતત દેખરેખ રાખવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી રહી છે. ડાંગના જોખમી નદી-ધોધ વિસ્તારોમાં માત્ર પ્રતિબંધના બોર્ડ લગાવી દેવા કે ઝાંપા ઊભા કરી દેવાથી તંત્રની જવાબદારી પૂર્ણ થતી નથી. જ્યાં સુધી પ્રતિબંધનો અસરકારક અમલ ન થાય ત્યાં સુધી જવાબદાર તંત્રની સતત નજર અને સુરક્ષા વ્યવસ્થા જરૂરી છે. અન્યથા કાગળ પરના પ્રતિબંધો વચ્ચે પ્રવાસીઓ ઘાતક પાણીના પ્રવાહમાં જીવ જોખમમાં મૂકતા રહેશે અને કોઈ મોટી દુર્ઘટના સર્જાયા બાદ જવાબદારી નક્કી કરવાની કવાયત શરૂ થશે.હાલમાં સ્થાનિકોનો સવાલ સ્પષ્ટ છે તંત્રને જોખમની જાણ છે, પ્રતિબંધનું જાહેરનામું પણ છે, તો પછી સ્થળ પર કડક અમલ કરાવવાની જવાબદારી કોણ નિભાવશે? તે આવનાર સમય જ બતાવશે.

# નોબલ પબ્લિક સ્કૂલના વાહન પર ઓવરલોડિંગનો આક્ષેપ: વિદ્યાર્થીઓના જીવ જોખમે મુકાયા





રિપોર્ટર | કમલેશ પટેલ

હબીપુરા ગામ પાસે આવેલી નોબલ પબ્લિક સ્કૂલના વાહન પર ઓવરલોડિંગનો આક્ષેપ થયો છે. રતનપુરના સરપંચ મોતીભાઈએ દાવો કર્યો છે કે સ્કૂલના વાહનમાં ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓને લઈ જવાય છે.સરપંચ મોતીભાઈના જણાવ્યા મુજબ, રતનપુરથી વિદ્યાર્થીઓને લઈ જતા વાહનની પાર્સિંગ ક્ષમતા 10 વિદ્યાર્થીઓની છે. તેમ છતાં, તેમાં 15 વિદ્યાર્થીઓને ભરીને લઈ જવાય છે.તેમણે વધુમાં જણાવ્યું કે, એડમિશન સમયે વાલીઓને સારી ટ્રાન્સપોર્ટ સુવિધા આપવાનું વચન અપાય છે. જોકે, હકીકતમાં વિદ્યાર્થીઓને જીવના જોખમે લઈ જવાય છે.મોતીભાઈએ સવાલ ઉઠાવ્યો કે જો કોઈ અકસ્માત થાય તો તેની જવાબદારી કોની રહેશે? તેમણે તંત્ર પાસે સ્કૂલ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.નોબલ સ્કૂલના કર્મચારી ચિરાગભાઈ પટેલને પત્રકાર દ્વારા મોબાઈલ પર આ વિશે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, આ વાહન સ્કૂલનું છે અને ગાડીનું 10 વિદ્યાર્થીનું પાર્સિંગ છે. જોકે, રતનપુર તરફથી 15 જેટલા વિદ્યાર્થીઓ આવે છે, જેના માટે મોટી બસ ન મૂકી શકાય.

# પ્રોડક્ટ પર નવી મેન્યુફેક્ચરિંગ અને એક્સપાયરી ડેટના સ્ટીકર લગાવવા "ડી-માર્ટ"ને ભારે પડ્યા

સુરતના ગ્રાહક જાગૃતિબેન પટેલ દ્વારા, ડી-માર્ટ (એવન્યુ સુપરમાર્કેટ્સ લિ.) સુરત સામે જિલ્લા ગ્રાહક કમિશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે, ડી-માર્ટ દ્વારા 'ઈન્દુલેખા ઓઈલ'ના પેકિંગ પર અસલ વિગતો છુપાવીને નવી મેન્યુફેક્ચરિંગ અને એક્સપાયરી તારીખનું નવું સ્ટીકર લગાવી, ગ્રાહકો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. સુરત જિલ્લા ગ્રાહક કમિશને આ કૃત્યને 'અનફેર ટ્રેડ પ્રેક્ટિસ' (ગેરવાજબી વેપાર નીતિ) ઠેરવી ગ્રાહકની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, જેની સામે ડી-માર્ટે ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ અપીલ દાખલ કરી હતી. ડી-માર્ટે બચાવ કર્યો હતો કે કોવિડ-૧૯ દરમિયાન સરકારે ૨૮.૧૨.૨૦૨૦ના પરિપત્ર મુજબ નવી તારીખોના સ્ટીકર લગાવવાની છૂટ આપી હતી. આ કેસમાં મૂળ ફરિયાદી/ગ્રાહક તરફે ધર્મ કલ્પેશકુમાર રાવલ, એડવોકેટ, (ગુજરાત હાઈકોર્ટ ) તથા એડવોકેટ દિશાંત દવે હાજર રહીને ધારદાર દલીલો કરી હતી કે, સરકારનો રાહત આપતો પરિપત્ર માત્ર ઉત્પાદક (મેન્યુફેક્ચરર) કંપનીઓ માટે હતો, જ્યારે ડી-માર્ટ માત્ર એક ડીલર/રિટેલર હોવાથી આવું કોઈ સ્ટીકર લગાવી શકે નહીં. ગુજરાત રાજ્ય ગ્રાહક કમિશને ઈન્ચાર્જ પ્રમુખ આઈ. ડી. પટેલ અને સભ્ય ડૉ. જે. જી. મેકવાન, ધર્મ કલ્પેશકુમાર રાવલ, એડવોકેટ, (ગુજરાત હાઈકોર્ટ ) તથા એડવોકેટ દિશાંત દવેની દલીલોને ગ્રાહ્ય રાખી ઠેરવ્યું કે, રિટેલર દ્વારા આવી નવી તારીખોનું સ્ટીકર લગાવવું એ ગંભીર અનફેર ટ્રેડ પ્રેક્ટિસ છે. પરિણામે કમિશને સુરત જિલ્લા કમિશનનો આદેશ યથાવત રાખી ડી-માર્ટની અપીલ દાખલ થવાના તબક્કે જ રદ કરી દીધી છે.

# નખત્રાણામાં આરોગ્ય ક્ષેત્રે વિકાસની નવી દિશા : ₹૩૫ કરોડની ૧૦૦ બેડની હોસ્પિટલનું ખાતમુહૂર્ત

## સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ અને ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં વિકાસકાર્યનો પ્રારંભ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે પશ્ચિમ કચ્છના નાગરિકોને વધુ સુવિધાસભર અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે દિશામાં આજે મહત્વપૂર્ણ વિકાસકાર્યનો પ્રારંભ થયો હતો. નખત્રાણા ખાતે અંદાજે ૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૧૦૦ બેડની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ખાતમુહૂર્ત સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રભાબેન હુણ તથા ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના વિવિધ હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નવી હોસ્પિટલના નિર્માણથી નખત્રાણા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને સ્થાનિક સ્તરે વધુ સારી અને આધુનિક આરોગ્ય સુવિધાઓ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.આ પ્રસંગે તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી હરિસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, નખત્રાણા ખાતે ૧૦૦ બેડની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું નિર્માણ પશ્ચિમ કચ્છના આરોગ્ય ક્ષેત્ર માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ સાબિત થશે. તેમણે જણાવ્યું કે, આ હોસ્પિટલ કાર્યરત થયા બાદ નખત્રાણા તાલુકા તેમજ આસપાસના વિસ્તારોના લોકોને સારવાર માટે દૂરના શહેરો તરફ જવાની મુશ્કેલીમાં ઘટાડો થશે અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે.૩૫ કરોડના આ મહત્વપૂર્ણ વિકાસકાર્યને નખત્રાણા વિસ્તારના સર્વાંગી વિકાસ સાથે જોડાયેલું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# કેશોદમાં સિંધી સમાજ દ્વારા ભગવાન શ્રી ઝૂલેલાલની પ્રતિમાનું ભવ્ય અનાવરણ



નરેન્દ્ર દવે જૂનાગઢ

સમસ્ત સિંધી સમાજ, કેશોદ દ્વારા સિંધી સમાજના આરાધ્ય દેવ, જળના દેવતા, વરૂણ અવતાર ભગવાન શ્રી ઝૂલેલાલજીની પ્રતિમાનું ભવ્ય અનાવરણ અને સ્થાપન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું . સિંધી સમાજની અસ્મિતા, એકતા અને સંસ્કૃતિ ના પ્રતીક સમાન આ કાર્યક્રમને લઈને સમગ્ર સમાજમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો, કેશોદના જુના ગામમાં આવેલાં ઝુલેલાલ મંદિરથી ભવ્ય શોભા યાત્રા બેન્ડવાજા સાથે વાજતેગાજતે નીકળી હતી. કેશોદ શહેરમાં વસતાં સિંધી સમાજના ભાઈઓ બહેનો રાસની રમઝટ સાથે આયોલાલ ઝુલેલાલ ના નાદ સાથે નાચગાન કરતાં નવદુર્ગા મંદિર સુધી શહેરના આગેવાનો પદાધિકારીઓ જનપ્રતિનિધિઓ સાથે શોભાયાત્રા પહોંચતા જ અનાવરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ભગવાન શ્રી ઝૂલેલાલની પ્રતિમાનું વૈદિક મંત્રોચ્ચાર સાથે અનાવરણ કરવામાં આવ્યું હતું. ભગવાન ઝુલેલાલ પ્રતિમા અનાવરણ કાર્યક્રમમાં ઉપસ્થિત પદાધિકારીઓ આગેવાનોનો સિંધી સમાજના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ઝુલેલાલ ભગવાન ની પ્રતિમા અનાવરણ કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય દેવાભાઈ માલમ નગરપાલિકાના પ્રમુખ પ્રતિમાબેન કેયુરભાઈ દેવળીયા નગરપાલિકા ના પૂર્વપ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા સહિત આગેવાનો એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભગવાન ઝુલેલાલ સિંધી સમાજના ઈષ્ટદેવ છે. તેઓ એકતા, સત્ય અને પ્રેમનો સંદેશ આપે છે. કેશોદ જેવા વેપારી નગરમાં સિંધી સમાજ વર્ષોથી વસે છે અને સમાજ સેવામાં અગ્રેસર રહ્યો છે. આ પ્રતિમા સ્થાપનાથી કેશોદમાં સિંધી સમાજની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને નવું બળ મળશે. આ પાવન અવસરે સૌ નગરજનો, ધર્મપ્રેમીઓ અને સમાજબંધુઓ સમસ્ત સિંધી સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડૉ.ભુપેન્દ્રભાઈ જોષીએ કર્યું હતું.

# કેશોદ SBI શાખા દ્વારા પેન્શનરો માટે સંવાદ બેઠકનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારતીય સ્ટેટ બેન્ક, કેશોદ શાખા દ્વારા પેન્શનરો સાથે સંવાદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેશોદ શાખાના મેનેજર અખિલ પ્રકાશ સિંહ રૌઠાણ દ્વારા શાખા સાથે વર્ષોથી જોડાયેલા પેન્શનરોને બેઠકમાં આમંત્રિત કરી બેંકની સેવાઓ અંગે તેમના ફીડબેક, સૂચનો અને રજૂઆતો જાણવામાં આવી હતી.બેઠક દરમિયાન મેનેજર દ્વારા પેન્શનરોને ભારતીય સ્ટેટ બેન્કની કેશોદ શાખા તરફથી કોઈ અગવડતા પડતી હોય, બેંકની કામગીરી અંગે કોઈ સલાહ-સૂચન હોય અથવા સેવાઓમાં સુધારા માટે કોઈ રજૂઆત હોય તો નિઃસંકોચ જણાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત પેન્શનરોને બેંક દ્વારા આપવામાં આવતી વિવિધ યોજનાઓ અને સુવિધાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને YONO SBI એપ મારફતે ઓનલાઈન બેંકિંગ અને વિવિધ ટ્રાન્ઝેક્શન કરી શકાય છે તેની જાણકારી આપવામાં આવી હતી. તેમજ SBI WhatsApp બેંકિંગ સેવા દ્વારા ટ્રાન્ઝેક્શન કર્યા વિના પણ ખાતા સંબંધિત જરૂરી માહિતી મેળવી શકાય છે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું



હતું. મેનેજર અખિલ પ્રકાશ સિંહ રૌઠાણે જણાવ્યું હતું કે, બેંકની સેવાઓનો લાભ લેતા પેન્શનરોને કોઈપણ પ્રકારની અગવડતા હોય તો તેઓ ગમે ત્યારે શાખામાં આવી મેનેજરની કચેરીમાં પોતાની રજૂઆત કરી શકે છે. પેન્શનરોની સમસ્યાઓ અને સૂચનોને પ્રાથમિકતા આપી યોગ્ય સહકાર આપવાની ખાતરી પણ આપવામાં આવી હતી. બેઠક દરમિયાન પેન્શનરો દ્વારા પણ પોતાના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા. પેન્શનર ભાઈ-બહેનોએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં તેમના માટે આ પ્રથમ પ્રસંગ છે કે શાખાના મેનેજર દ્વારા ખાસ પેન્શનરોની બેઠક યોજી તેમની સુવિધા અને સમસ્યાઓ અંગે સીધો સંવાદ કરવામાં આવ્યો છે. પેન્શનરોએ આ પહેલને આવકારી મેનેજર અને SBI કેશોદ શાખાનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર બેઠક ભાવપૂર્ણ અને આત્મીય વાતાવરણમાં યોજાઈ હતી. બેઠકમાં ઉપસ્થિત પેન્શનરો માટે ચા-નાસ્તા અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે સાથે દરેક પેન્શનરને ભેટ પણ આપવામાં આવી હતી. પેન્શનરો સાથે સીધો સંવાદ કરી તેમની જરૂરિયાતો અને સૂચનો જાણવાની આ પહેલની ઉપસ્થિત સૌએ પ્રશંસા કરી હતી.

# ડેડીયાપાડા ની સગાઈ રેન્જમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન સાગી લાકડાનો જથ્થો ઝડપાયો

સત્યવલંબ બારોટ

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાની સગાઈ રેન્જમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન વન વિભાગના સ્ટાફે અંગત બાતમીના આધારે કાર્યવાહી કરી સાગી લાકડાનો જથ્થો ઝડપી પાડ્યો હતો.પ્રાપ્ત માહિતી મુજબ, તા. ૦૨/૦૯/૨૦૨૬ના



રોજ સગાઈ રેન્જનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી અંગત બાતમીના આધારે બંટાવાડી ગામની સીમ વિસ્તારમાં શંકાસ્પદ બોલેરો પીકઅપ ગાડી નો પીછો કરવામાં આવ્યો હતો.વન વિભાગના સ્ટાફે ગાડીને રોકી તપાસ કરતાં તેમાં સાગી લાકડાના ચોરસ નંગ-૨૮, કુલ ઘનમીટર ૨.૧૭૦ જેટલો મુદ્દામાલ મળી આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન વાહનના ડ્રાઈવર તરીકે સોમાભાઈ સોનજીભાઈ વસાવા, રહે. કનબુડી, તા. ડેડીયાપાડાને ઝડપી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પકડાયેલ લાકડાનો મુદ્દામાલ રૂપિયા ૧.૩૨.૯૯૭ તેમજ વાહનની કિંમત ૪.૫૦.૦૦૦ મળી કુલ ૫.૮૨.૯૯૭ રૂપિયા નો મુદ્દામાલ અને વાહન જપ્ત કર્યું હોવાની આરએફઓ જે.એ.સોલંકી એ જણાવ્યું હતું . વન વિભાગ દ્વારા સાગી લાકડાનો મુદ્દામાલ તેમજ બોલેરો પીકઅપ વાહન જપ્ત કરવામાં આવ્યું છે. સમગ્ર મામલે હાલ વન વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને લાકડું ક્યાંથી લાવવામાં આવ્યું હતું તથા ક્યાં લઈ જવામાં આવી રહ્યું હતું તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે.વન વિભાગની કાર્યવાહી બાદ ગેરકાયદે લાકડાની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# ચિરાગકુમાર પંચાલને લુણાવાડા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ એનાયત: શિક્ષણ જગતમાં ગૌરવ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવેલ બાવન પાટીદાર સમાજઘરમાં ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ના જન્મ દિવસ ૫ મી સપ્ટેમ્બર નિમિત્તે મહીસાગર જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક -૨૦૨૬ સમારંભનું તારીખ ૫ મી સપ્ટેમ્બર ૨૦૨૬ ને શનિવારના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ ગૌરવપુર્ણ સમારોહમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.જેમાં લુણાવાડા તાલુકાના મધવાસ ગામના વતની અને ઝારા ક્લસ્ટરની નાળના મુવાડા પ્રાથમિક શાળાના કર્મનિષ્ઠ,નિષ્ઠાવાન અને પ્રામાણિક શિક્ષક એવા ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલનું તેમણે શિક્ષણ ક્ષેત્રે આપેલા વિશિષ્ટ પ્રદાન બદલ લુણાવાડા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પૂર્વ શિક્ષણમંત્રીશ્રી તથા સંતરામપુરના ધારાસભ્ય ડૉ.કુબેરભાઈ ડિંડોર તથા જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર તથા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ દામા તથા જિલ્લા શિક્ષણાધિકારી આર.જી.મુનિયા તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કૃપાબેન જહા તથા મહાનુભાવોના હસ્તે એવોર્ડ,સન્માનપત્ર તથા પુરસ્કાર આપીને સન્માનિત કરીને બિરદાવવામાં આવ્યા હતા.તેમને મળેલા આ બહુમાનથી નાળના મુવાડા શાળા પરિવાર તથા ઝારા ક્લસ્ટરમાં તથા ગ્રામજનોમાં તથા વતનમાં તથા સમગ્ર લુણાવાડા પંથકમાં ઉત્સાહનો અને આનંદનો માહોલ તથા ખુશી અને ગર્વની લાગણી ફેલાઈ છે.તેમણે શિક્ષણ ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી તેમજ શાળા પ્રત્યેનું સમર્પણ અને સમાજસેવામાં આપેલ યોગદાન બદલ તેમને એવોર્ડ આપવામાં આવ્યો હતો.શિક્ષક ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલને લુણાવાડા તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ મળતાં વતન મધવાસ ગામ



અને નાળના મુવાડા પ્રાથમિક શાળા તથા ઝારા ક્લસ્ટરનું ખુબ જ ગૌરવ વધાર્યું છે.ગ્રામજનો,સ્નેહીજનો તથા શિક્ષણજગત દ્વારા ચિરાગકુમાર પંચાલને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તથા આનંદની લાગણી અનુભવી હતી. ચિરાગકુમાર પંચાલનું ૧૫ મી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ક્લસ્ટર કક્ષાના પ્રતિભાશાળી શિક્ષક તરીકે પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.શિક્ષક ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ શાળામાં દર મહીને ૧૦૦% હાજર રહેનાર વિદ્યાર્થીઓને સ્વ ખર્ચે ઈનામ આપીને પ્રોત્સાહિત કરે છે તથા મહીસાગરના ઈનોવેશન ફેરમાં સતત ત્રણ વખતથી ભાગ લીધો છે અને નવાચાર રજુ કર્યા છે તથા તેમની શબ્દ છત્રી વિદ્યાર્થીઓમાં અને શિક્ષકોમાં ખુબ જ લોકપ્રિય બની છે તથા તેઓના ૧૯ વર્ષના શિક્ષણકાર્ય દરમ્યાન તેઓ વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન આપે છે અને બાળક સાથે બાળક બનીને આનંદદાયી શિક્ષણ આપે છે તથા વિવિધ રમતો,વાર્તાઓ તથા અભિનય ગીત દ્વારા વિદ્યાર્થીઓના પ્રિય બન્યા છે તથા શિક્ષણમાં અનેક નવીન પદ્ધતિઓ દ્વારા શિક્ષણકાર્ય કરી રહ્યા છે તથા અનેક વખત વિવિધ વિષયોના એમ.ટી. તથા આર.પી. તજજ્ઞ તરીકે તાલીમો આપી છે તથા શિક્ષક તાલીમોમાં નાટકોમાં ધોતી પહેરીને વસ્ત્રપરિધાન કરીને આબેહુબ રીતે સરપંચનો,પિતાનો,દાદાનો,દર્દીનો રોલ કરીને એક્ટિંગ કરીને સમગ્ર ગુજરાત રાજ્યમાં લોકપ્રિય ચહેરો બન્યા છે તથા રક્તદાન કરીને સમાજને અનેરો સંદેશો આપ્યો છે તથા દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવાનગર ક્લસ્ટરની બાટણપુરા ફળિયા પ્રાથમિક શાળાના બેસ્ટ બી.એલ.ઓ.તરીકે તેઓનું સતત ત્રણ વર્ષ સુધી સન્માન કરવામાં આવ્યું હતું તથા તેમણે દિવ્યાંગોને સાઈકલ જેવી સાધન સહાય અપાવી છે તથા કડકડતી ઠંડીમાં દાહોદ શહેરમાં અનેક વખત ધાબળા અને વસ્ત્રો જરૂરિયાતમંદને વિતરણ કર્યા છે તથા આવી અનેક સામાજિક અને સેવાકીય પ્રવૃતિઓ કરી રહ્યા છે.

# શ્રદ્ધા સાથે લોકસંસ્કૃતિનો સંગમ : ઉગેડીમાં ઈશાપીર (રહે.)નો ભવ્ય ઉર્સ-મેળો

## તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના સોમવારે યોજાનારા ઉર્સમાં હિન્દુ-મુસ્લિમ એકતાનો સંદેશ સાથે પરંપરાગત 'બખ મલાખડો' લોકરમતનું વિશેષ આયોજન

જગદીશ પી દવે| દેસલપર (ગુંતલી)



ઉગેડી ગામે દર વર્ષની પરંપરા મુજબ ઈશાપીર (રહે.)ના ઉર્સ-મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના સોમવારે ઈશાપીર (રહે.)ની દરગાહ ખાતે યોજાનારા આ ઉર્સ-મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહેવાની અપેક્ષા છે.ઉર્સ નિમિત્તે હિન્દુ-મુસ્લિમ સમાજના ભાઈ-બહેનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરા ધાર્મિક આસ્થા સાથે કોમી એકતા, ભાઈચારો અને પરસ્પર પ્રેમનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.ઉર્સના પ્રસંગે ખાસ આકર્ષણરૂપે પરંપરાગત *ગામઠી લોકરમત 'બખ મલાખડો'*નું આયોજન કરવામાં આવશે. આ લોકરમતથી મેળામાં ગ્રામ્ય લોકસંસ્કૃતિ અને પરંપરાનું જીવંત દર્શન જોવા મળશે. આયોજકો દ્વારા સૌ સમાજના લોકોને ઉર્સ-મેળામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રદ્ધા, લોકસંસ્કૃતિ અને ભાઈચારાના આ અનોખા સંગમના સાક્ષી બનવા અપીલ કરવામાં આવી છે.

# રાજુલા બર્બટાણામાં પોલીસ દ્વારા લોકદરબાર યોજાયો



રિપોર્ટર કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા પોલીસ સ્ટેશનના PI શ્રી કોલાદ્રા સાહેબ દ્વારા બર્બટાણા ગામ ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે PI સાહેબ દ્વારા લઠ્ઠાકાંડ, સાયબર ફ્રોડથી બચવાના ઉપાયો, પરપ્રાંતીય મજૂરોની નોંધણી તથા સુરક્ષા સહિતના વિવિધ મહત્વપૂર્ણ વિષયો અંગે ગ્રામજનોને વિસ્તૃત સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સાથે જ ગ્રામજનોની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નો સાંભળી પોલીસ સાથે સીધો સંવાદ થાય તે માટે ઉપયોગી ચર્ચા કરવામાં આવી હતી.આ લોકદરબારમાં PI શ્રી કોલાદ્રા સાહેબ, બીટ જમાદાર વિજુભા ગોહિલ, જમાદાર મંગળુભાઈ ધાખડા, લાલભાઈ ભરવાડ, સરપંચ તથા એડવોકેટ શ્રી કે. બી. કામળીયા, ઉપસરપંચ શ્રી મનસુખભાઈ વોરા, માજી સરપંચ શ્રી ભુપતભાઈ લાડુમોર, તાલુકા ભાજપ મંત્રી શ્રી અશોકભાઈ વેલારી, કનુભાઈ ભુકણ, મનસુખભાઈ, જેઠાભાઈ, વિનોદભાઈ, જીતુભાઈ, ભગત પરમાર, ગોબર પરમાર સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.પોલીસ અને પ્રજા વચ્ચેનો સીધો સંવાદ જ સુરક્ષિત અને જાગૃત સમાજની મજબૂત કડી છે.

# જામની ગામે એસ.ટી. બસ સેવા શરૂ થતાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં ખુશી

સત્યવલંબ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લા ના ચીકદા તાલુકાના જામની ગામના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોને ડેડીયાપાડા તાલુકા તરફ આવવા-જવા માટે પૂરતી એસ.ટી. બસ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી લાંબા સમયથી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. ખાસ કરીને શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ દૈનિક મુસાફરી કરતા મુસાફરોને ખાનગી વાહનો પર નિર્ભર રહેવાની ફરજ પડતી હતી.આ સમસ્યાને લઈને જામની ગ્રામ પંચાયતના સરપંચ ઉત્તમભાઈ વસાવા દ્વારા સંબંધિત જવાબદાર અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી ગામમાં એસ.ટી. બસ સેવા શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી.સરપંચની રજૂઆતને ધ્યાને લઈ સંબંધિત તંત્ર દ્વારા કાર્યવાહી



કરવામાં આવતા જામની ગામ માટે એસ.ટી. બસ સેવા શરૂ કરવામાં આવી છે. બસ સેવા શરૂ થતાં ગામના વિદ્યાર્થીઓ, મુસાફરો અને ગ્રામજનોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.એસ.ટી. બસ સેવા શરૂ થવાથી વિદ્યાર્થીઓને શિક્ષણ માટે તેમજ ગ્રામજનોને ડેડીયાપાડા તાલુકા મથક સહિત અન્ય સ્થળોએ આવવા-જવામાં સરળતા રહેશે. સાથે જ ખાનગી વાહનો પરની નિર્ભરતા અને મુસાફરીના વધારાના ખર્ચમાં પણ ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.આ પ્રસંગે જામની ગ્રામ પંચાયતના સરપંચ ઉત્તમભાઈ વસાવાએ બસ સેવા શરૂ કરવા બદલ સરકાર તથા સંબંધિત એસ.ટી. તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો અને ગ્રામજનોની લાંબા સમયથી રહેલી પરિવહનની સમસ્યાનું નિરાકરણ આવતા સંતોષ વ્યક્ત કર્યો હતો.

# જાફરાબાદની નવી PGVCL સબ ડિવિઝન ઓફિસ ટીંબી ખાતે સ્થાપવા ટીકુભાઈ વરુની મુખ્યમંત્રીશ્રીને રજૂઆત

રિપોર્ટર કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં PGVCLની નવી સબ ડિવિઝન ઓફિસ જાફરાબાદ શહેરમાં સ્થાપવાના બદલે ટીંબી શહેર ખાતે સ્થાપવા માટે ટીકુભાઈ વરુ દ્વારા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.હાલ જાફરાબાદ શહેર ખાતે PGVCLની કચેરી કાર્યરત છે અને જાફરાબાદ શહેરમાં જ બીજી સબ ડિવિઝન ઓફિસ સ્થાપવાની વિચારણા થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ જાફરાબાદ સબ ડિવિઝન હેઠળ હાલમાં કુલ 54 જેટલા ગામો આવેલા હોવાથી તાલુકાના વિશાળ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો અને વીજ ગ્રાહકોને ધ્યાનમાં રાખીને નવી સબ ડિવિઝન ઓફિસ ટીંબી શહેર ખાતે સ્થાપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.ટીંબી શહેર જાફરાબાદ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારો માટે અનુકૂળ અને વ્યૂહાત્મક કેન્દ્ર બની શકે તેમ છે. ટીંબી ખાતે PGVCLની સબ ડિવિઝન ઓફિસ શરૂ કરવામાં આવે તો ટીંબી તથા તેની આજુબાજુના અનેક ગામોના ખેડૂતો અને વીજ ગ્રાહકોને વીજળી સંબંધિત કામગીરી માટે જાફરાબાદ સુધી લાંબું અંતર કાપવાની મુશ્કેલીમાંથી મોટી રાહત મળશે.આ ઉપરાંત ગીર ગઢડા તાલુકાના ટીંબીની નજીક આવેલા ગામડાઓને પણ ટીંબી



ખાતેની નવી PGVCL સબ ડિવિઝન ઓફિસના કાર્યક્ષેત્રમાં સામેલ કરી શકાય, જેથી અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના સરહદી ગ્રામ્ય વિસ્તારોના વીજ ગ્રાહકોને પણ ઝડપી અને સરળ વીજ સેવા ઉપલબ્ધ થઈ શકે.ખાસ કરીને ખેતીવાડી વીજ જોડાણ, વીજ ફોલ્ટ, વીજ પુરવઠાની સમસ્યા, ટ્રાન્સફોર્મર તથા વીજ લાઈનમાં ખામી સર્જાય ત્યારે ટીંબી ખાતે સબ ડિવિઝન ઓફિસ તથા જરૂરી સ્ટાફ ઉપલબ્ધ હોય તો ફોલ્ટ ઝડપથી શોધી સમારકામની કામગીરી હાથ ધરી શકાય અને ખેડૂતોને સમયસર વીજ પુરવઠો મળી શકે.હાલ જાફરાબાદ સબ ડિવિઝન હેઠળ 54 ગામોનો મોટો વિસ્તાર આવરી લેવાતો હોવાથી તમામ ગામોના ગ્રાહકો સુધી ઝડપી સેવા પહોંચાડવી પડકારરૂપ બને છે. તેથી ટીંબીની આસપાસના ગામોનું યોગ્ય વિભાજન કરી નવી સબ ડિવિઝન ઓફિસ ટીંબી ખાતે કાર્યરત કરવામાં આવે તો હજારો વીજ ગ્રાહકો, ખેડૂતો અને ગ્રામ્ય પ્રજાને મોટા પ્રમાણમાં ફાયદો થઈ શકે તેમ છે.જાફરાબાદ શહેરમાં જ બે PGVCL સબ ડિવિઝન ઓફિસ કાર્યરત કરવામાં આવે તો તેનો લાભ મુખ્યત્વે જાફરાબાદ શહેર તથા નજીકના વિસ્તારને મળશે. તેના બદલે એક સબ ડિવિઝન ઓફિસ જાફરાબાદ ખાતે અને બીજી સબ ડિવિઝન ઓફિસ ટીંબી ખાતે રાખવામાં આવે તો સમગ્ર વિસ્તારની વીજ સેવા વધુ સુવ્યવસ્થિત બની શકે અને દૂરના ગામડાઓના લોકોને પણ ઝડપી સેવા મળી શકે. ટીકુભાઈ વરુએ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી છે કે જાફરાબાદ સબ ડિવિઝન હેઠળના 54 ગામો તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારનું યોગ્ય વહીવટી વિભાજન કરી, ટીંબી શહેર ખાતે નવી PGVCL સબ ડિવિઝન ઓફિસ સ્થાપવા તથા જરૂરી સ્ટાફ અને સાધનોની ફાળવણી કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવે.આ નિર્ણયથી જાફરાબાદ, ટીંબી તથા ગીર ગઢડા તાલુકાના નજીકના ગામડાઓના ખેડૂતો અને વીજ ગ્રાહકોને ઝડપી, સરળ અને અસરકારક વીજ સેવા મળી શકશે તથા વીજ ફોલ્ટ અને ખેતીવાડી વીજ પુરવઠાની સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ લાવવામાં મદદ મળશે.નવી PGVCL સબ ડિવિઝન ઓફિસ જ્યાં ખરેખર જરૂરિયાત છે ત્યાં સ્થાપવામાં આવે તો જ ગ્રામ્ય પ્રજા અને ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે.તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી"ટીકુભાઈ વરુ એ જણાવ્યું છે.

# જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે એક મહિનાના સિંહબાળનું મોત

## ખેતર ફરતે નાખવા આવેલ જાળ માં ફસાતા શ્વાસ રૂંધાઇ જાતાં મોત નિપજ્યું

રિપોર્ટર કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામ નજીક ખેડૂતના ખેતરમાંથી આશરે એક મહિનાના સિંહબાળનો મૃતદેહ મળી આવતા વનવિભાગમાં દોડધામ મચી હતી. ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સિંહબાળના મૃતદેહનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, સિંહબાળ ખેતરની વાડીમાં લગાવવામાં આવેલી જાળમાં ફસાઈ ગયું હતું. જાળમાં ફસાયા બાદ તેના ગળા પર દબાણ આવ્યું હતું અને શ્વાસ રૂંધાઈ જવાથી તેનું મોત થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. એક મહિનાના બચ્ચાનું મોત ની આ ઘટના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામ નજીક ગોવિંદભાઈ ભગવાનભાઈ સોલંકીના ખેતરમાં બની હોવાનું સામે આવ્યું છે. સિંહબાળ જાળમાં ફસાયા બાદ બહાર નીકળી શક્યું ન હતું. લાંબા સમય સુધી જાળીમાં ફસાયેલા રહેવાના કારણે તેના ગળા પર



દબાણ વધ્યું અને અંતે શ્વાસ રૂંધાતા તેનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થયા બાદ વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. મૃતદેહને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સિંહબાળના મોતનું ચોક્કસ કારણ અને ઘટનાક્રમ અંગે વધુ સ્પષ્ટતા થઈ શકે છે. દરમિયાન, આ ઘટના એક દિવસ અગાઉ બની હોવાની ચર્ચા વચ્ચે સિંહબાળના મોતની માહિતી અંગે સવાલો પણ ઉઠી રહ્યા છે. વનવિભાગ દ્વારા ઘટનાની માહિતી છુપાવવામાં આવી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. અંગે ઈન્ચાર્જ ACF રાજન જાદવનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, સિંહબાળના મોત ની જાણ થતાં જ વનવિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે અને સમગ્ર મામલે આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને વનવિભાગની તપાસ બાદ સિંહબાળના મોતની સમગ્ર હકીકત વધુ સ્પષ્ટ થશે.

# દેશ AI યુગમાં પ્રવેશે તે પહેલા જ મોબાઈલ કંપનીઓની દિવસે દહાડે લૂંટ! ગરીબની કમર તોડતો 30% ભાવ વધારો : કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળનો આકરો પ્રહાર

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ રાજેશ કે. સોની એ આકરા શબ્દોમાં જણાવ્યું કે એક બાજુ કેન્દ્ર સરકાર AI યુગ અને ડિજિટલ ઈન્ડિયાના મોટા બણગાં ફૂંકી રહી છે, ત્યારે બીજી બાજુ ખાનગી મોબાઈલ અને ટેલિકોમ કંપનીઓએ સામાન્ય જનતાને બેફામ લૂંટવાનું શરૂ કરી દીધું છે.છેલ્લા માત્ર 3 મહિનામાં જ મોબાઈલ હેન્ડસેટના ભાવમાં 30% નો તોફાની વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જે મોબાઈલ 15,000 માં મળતો હતો તે જ મોબાઈલ આજે 20,000 માં વેચીને કંપનીઓ મલાઈ ખાઈ રહી છે. ટેલિકોમ રિચાર્જના ભાવ પણ આસમાને છે.રાજેશ સોનીએ વધુમાં જણાવ્યું કે આ ભાવ વધારો એ સામાન્ય મજૂર, ખેડૂત અને વિદ્યાર્થીના ખિસ્સા પર સીધી દાડી છે. ગ્રામીણ વિસ્તારમાં જ્યાં એક મોબાઈલ એ જ રોજગારીનું સાધન છે ત્યાં આ લૂંટ અસહ્ય બની ગઈ છે. આ બધું કોર્પોરેટ ઘરાનાઓને ફાયદો કરાવવા માટે સરકારની મૂક સંમતિથી થઈ રહ્યું છે.સરકાર તાત્કાલિક ભાવો પર લગામ લગાવે એવી કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા માંગણી કરવામાં આવી છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા "સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહાઅભિયાન" અંતર્ગત અધિકારી-કર્મચારીઓ માટે ચાર પ્રકારના કચરાના વર્ગીકરણ અંગે તાલીમ વર્ગ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં ક્લીનલીનેસ ટાર્ગેટ યુનિટ (CTU) ની નાબૂદીથી લઈને વિઝિબલ ક્લીનલીનેસ (Visible Cleanliness) ના લક્ષ્યાંકને સિદ્ધ કરવાના ભાગરૂપે 'સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહા અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ ના અમલીકરણ અને નામદાર સુપ્રીમ કોર્ટના સિવિલ અપીલ નં. ૬૧૭૪/૨૦૨૩ ના આદેશોના ચુસ્ત પાલન અર્થે કચરાના ચાર રીતે વર્ગીકરણ કરવાના ભાગરૂપે જૂનાગઢ મહાનગરપાલિકા કચેરી ખાતે ત્રીજા માળે આવેલ પંડિત દીનદયાલ મીટિંગ હોલમાં હિલદારી ગ્રુપના એક્ઝિક્યુટિવશ્રી કીર્તિબેન ગોહેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું.તેમજ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન સેની.સુપ્રિ.શ્રી કલ્પેશભાઈ ટોલીયા, દર્શનભાઈ મકવાણા, સુપરવાઈઝરશ્રી રાજેશભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ હતું. આ તકે તમામ શાખાના અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ માટે તાલીમ કાર્યક્રમ યોજાયો જેમાં 'મારુ શહેર, મારી ઓળખ - સ્વચ્છતા છે સૌની જવાબદારી' ના મંત્ર સાથે શહેરને સંપૂર્ણ સ્વચ્છ બનાવવા સંકલ્પ વ્યક્ત કરાયો હતો.આ તાલીમ કાર્યક્રમના ભાગરૂપે આજે પ્રથમ સત્ર યોજાયું હતું, જેમાં મહેકમ, એડીએમ, પી.આર.ઓ., ઘરવેરા, લીગલ અને લેબર શાખાના તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

### ગુરુ બન્યા નાનકડા વિદ્યાર્થીઓ, શિક્ષક દિન બન્યો યાદગાર!

# રતડીયા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી ગુરુજનો પ્રત્યે વ્યક્ત કર્યો આદર





જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

શ્રી રતડીયા પ્રાથમિક શાળામાં તા. ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા ભજવી હતી. નાનકડા વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને વર્ગખંડમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવી શિક્ષકની જવાબદારી અને મહત્વનો અનુભવ મેળવ્યો હતો. આ અનોખી પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનો પ્રત્યે આદર અને સન્માનની લાગણી વ્યક્ત કરી હતી.સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળામાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શાળાના શિક્ષકો દ્વારા પ્રોત્સાહિત કરી તેમની પ્રતિભા અને ઉત્સાહને બિરદાવવામાં આવ્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત રહી પોતાની પ્રતિભાનો વિકાસ કરવા પ્રેરણા આપવામાં આવી હતી.આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી અશોકભાઈ પરમાર સાહેબે જણાવ્યું હતું કે, "શિક્ષક દિનની ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં શિક્ષક પ્રત્યે આદરની ભાવના કેળવવાની સાથે શિક્ષકની જવાબદારી અને મહત્વ સમજાવવાનો છે. વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને ખૂબ જ ઉત્સાહ અને આત્મવિશ્વાસ દર્શાવ્યો છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, જવાબદારી અને અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે."કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી અશોકભાઈ પરમાર સાહેબ, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓએ સુંદર સહયોગ આપ્યો હતો. શિક્ષક દિનની આ ઉજવણી વિદ્યાર્થીઓ માટે આનંદદાયક સાથે સાથે પ્રેરણાદાયી અને યાદગાર બની રહી હતી.

# સીતાવનમાં ખંડિત મૂર્તિ કાંડ વચ્ચે શબરીધામ મુદ્દે નવો વિવાદ, હિન્દુ સમાજમાં રોષનો માહોલ હજુ યથાવત્

## ડાંગના રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ સંત અસીમાનંદ સામે કરેલા કથિત આક્ષેપોથી ખળભળાટ,સભામાં હાજર સાધુ-સંતો અને આગેવાનોની વચ્ચે નિવેદન, તાળીઓ પડતા મામલો ચર્ચામાં

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના ગારખડી ગામના સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટનાને લઈને હિન્દૂ સમાજમાં રોષનો માહોલ હજુ યથાવત્ છે, ત્યારે આ મુદ્દે યોજાયેલી સભામાં શબરીધામને લઈને નવો વિવાદ સામે આવ્યો છે.ડાંગના વાસુર્ણાનાં રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ શબરીધામના સંત અસીમાનંદ સામે જાહેરમાં કરેલા કથિત આક્ષેપોને પગલે ધાર્મિક અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ડાંગ જિલ્લાનાં સીતાવન ખાતે અજાણ્યા ઈસમ દ્વારા ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવામાં આવ્યા બાદ હિન્દૂ સંગઠનો દ્વારા ગારખડી ગામના હનુમાન મંદિર ખાતે સંમેલન યોજાયું હતુ. ગત શનિવારે યોજાયેલા આ સંમેલનમાં સાધુ-સંતો, હિન્દૂ સંગઠનોના આગેવાનો તેમજ રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ કરી મૂર્તિઓ ખંડિત કરનાર તત્વોને તાત્કાલિક ઝડપી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.આ સભામાં ડાંગના રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ સીતાવનની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ડાંગમાં તેમના પૂર્વજો હળીમળીને રહેતા આવ્યા હોવાનું જણાવી તેમણે આવી ઘટનાઓ શા માટે બની રહી છે તે અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.સાથે જ સ્થાનિક પોલીસ તંત્ર તથા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી ઉપર વિશ્વાસ વ્યક્ત કરી આરોપી ઝડપાઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી. જ્યારે ડાંગમાં 311 હનુમાન મંદિરનો સંકલ્પ કરનાર પી.પી. સ્વામીએ પણ સમગ્ર મામલે શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવાની વાત કરી હતી.આ દરમિયાન સભાને સંબોધતા ડાંગના રાજવી ધનરાજસિંહે શબરીધામના સંત અસીમાનંદને લઈને કટાક્ષ કરતાં કેટલાક કથિત આક્ષેપો કર્યા હતા. રાજવીએ એવો દાવો કર્યો હોવાનું સામે આવ્યું છે કે ડાંગના હિન્દૂ સંગઠનોને શબરીધામ ખાતે ધાર્મિક કાર્યક્રમો કરવા દેવામાં આવતા નથી અને કેટલાક લોકો માત્ર આર્થિક લાભ મેળવવાના હેતુથી ડાંગમાં આવ્યા છે.રાજવીએ વધુમાં માત્ર ભગવો ધારણ કરવાથી સંત બની જવાતું નથી તેવી ટિપ્પણી કરી આવા લોકોને ડાંગમાંથી જાકારો આપવાની વાત કરી હતી.આ નિવેદન દરમિયાન સભામાં ઉપસ્થિત લોકો તરફથી તાળીઓના ગડગડાટ સાથે પ્રતિસાદ મળ્યો હોવાની ચર્ચા છે. રાજવીના આ સમગ્ર નિવેદનની વિડિયો ક્લિપ પણ ચર્ચામાં આવી છે. જોકે, રાજવી દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અંગે સંત અસીમાનંદ અથવા શબરીધામ તરફથી સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી છે કે કેમ તે અંગે સ્પષ્ટતા થવી બાકી છે.રાજવીના નિવેદનના અહેવાલો બીજા દિવસે અખબારોમાં પ્રસિદ્ધ થયા બાદ શબરીધામ સાથે સંકળાયેલા સમર્થકોમાં નારાજગી ફેલાઈ હોવાની ચર્ચા શરૂ થઈ હતી.રાજવી પોતાના નિવેદન અંગે જાહેરમાં માફી માંગે અને મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરે તે માટે તેમને સમજાવવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની પણ ચર્ચા છે. જોકે, રાજવી ધનરાજસિંહ પોતાના નિવેદન પર અડગ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરનાર આરોપીઓને ઝડપી કડક સજા કરવાની માંગ સાથે યોજાયેલી સભામાં જ શબરીધામના સંતને લઈને નવો વિવાદ ઉભો થતાં ડાંગના ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં ચર્ચાએ જોર પકડ્યું છે.હવે એક તરફ સીતાવન કાંડના આરોપીઓને ઝડપી પાડવાનો પડકાર પોલીસ સમક્ષ છે, તો બીજી તરફ શબરીધામને લઈને થયેલા આક્ષેપ-પ્રતિઆક્ષેપથી ઉભી થયેલી સ્થિતિ શાંતિપૂર્ણ રીતે થાળે પાડવાનો પડકાર પણ તંત્ર અને સમાજના આગેવાનો સામે ઊભો થયો છે. ડાંગની શાંતિ અને સામાજિક એકતા જળવાઈ રહે તે માટે આક્ષેપોને બદલે હકીકતો જાહેર કરી બંને પક્ષો દ્વારા સંયમ જાળવવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# ભુજ ખાતે સમસ્ત બારમેડા પરિવાર દ્વારા શ્રી ખેતરપાળ દાદાનો ભવ્ય પાટોત્સવ ઉજવાશે

મહેશ એલ. સોની નખત્રાણા

સમસ્ત બારમેડા પરિવાર દ્વારા આગામી ભાદરવા સુદ બીજ, સંવત ૨૦૮૨, તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬, રવિવારના પાવન દિવસે શ્રી ખેતરપાળ દાદાનો ભવ્ય પાટોત્સવ ઉજવવામાં આવશે.આ પાવન અવસરે સવારે ૮:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી શ્રી ખેતરપાળ દાદાની દેરી, રેલ્વે સ્ટેશન રોડ, ભુજ - કચ્છ ખાતે વૈદિક મંત્રોચ્ચાર સાથે હોમ-હવન, પૂજન-અર્ચન તથા ધાર્મિક વિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી શ્રી દશનામ ગોસ્વામી સમાજ વાડી, રામધૂન નજીક, હમીરસર પાસે, ભુજ ખાતે મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવ્યું છે.સમસ્ત બારમેડા પરિવારના તમામ સ્વજનોને પરિવાર સહિત ઉપસ્થિત રહી ધર્મલાભ તથા મહાપ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.વધુ માહિતી માટે ચંદ્રકાન્તભાઈ ઓ. બારમેડા - ૯૮૨૫૨ ૨૬૦૬૭, ડૉ. ચેતનભાઈ આઈ. બારમેડા - ૯૮૭૯૨ ૮૯૦૫૪, ધર્મેન્દ્રભાઈ ઓ. બારમેડા - ૯૮૨૫૨ ૨૭૪૪૬, મનોજભાઈ એન. બારમેડા - ૯૪૨૮૪ ૭૧૯૯૯, સત્યમભાઈ પી. બારમેડા - ૯૮૨૫૮ ૫૭૨૫૮, મુકેશભાઈ એલ. બારમેડા - ૯૮૨૫૩ ૯૪૪૮૦ પર સંપર્ક કરવા ડૉ. ચેતનભાઈ આઈ. બારમેડાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# બાળકોને તેમના અધિકારો અને કાયદાઓ અંગે જાગૃત કરવા બાળ આયોગ, ગાંધીનગર ખાતે ખાતે સંવાદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર | ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની કચેરી, ગાંધીનગર ખાતે રૂકશાના વોરા,નવજીવન મહિલા મંડળના સહયોગથી મ્યુનિસિપલ સ્કૂલ, વટવા-લાંભા વોર્ડના બાળકો સાથે બાળ અધિકારો અને બાળકોના રક્ષણ માટેના કાયદાઓ અંગે વિશેષ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આયોગની કચેરીનાં કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આયોગના અધ્યક્ષશ્રી શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર અને સચિવ શ્રી ડી.ડી.કાપડીયાએ બાળકો સાથે સીધો સંવાદ



કરી બાળ અધિકારો, પોક્સો અધિનિયમ, બાળ મજૂરી, બાળ લગ્ન, બાળકો સામેની હિંસા અને શોષણ તથા બાળ સુરક્ષા સંબંધિત કાયદાઓ અંગે સરળ ભાષામાં મહત્વપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આ અંગે Documentry Film નું નિર્દશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોને પોતાના અધિકારો અંગે જાગૃત રહેવા તેમજ કોઈપણ પ્રકારની હિંસા, શોષણ કે મુશ્કેલીનો સામનો કરવો પડે ત્યારે તાત્કાલિક વિશ્વાસુ વડીલ, શિક્ષક અથવા સંબંધિત સત્તાધિકારીનો સંપર્ક કરવા અંગે સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન બાળકોએ બાળ અધિકારો અને કાયદાઓ અંગે વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા, જેના આયોગના અધ્યક્ષશ્રી અને સચિવશ્રી દ્વારા સરળતાથી જવાબો આપવામાં આવ્યા હતા. બાળકોને તેમના અધિકારોની જાણકારી આપીને તેમને સશક્ત બનાવવાનો આ સંવાદ કાર્યક્રમ મહત્વપૂર્ણ પહેલ બની રહ્યો હતો.

# કલા અને કલાકાર



- રુપાલી દવે

જમાનો ગમે તેટલો બદલાઈ "બંધેજ કે બાંધણી" નું આકર્ષણ ક્યારેય ઓછું થશે નહી. ગુજરાતી સ્ત્રીઓ ની જેમજ બાંધણી પ્રત્યે બધાને ખાસ લગાવ હોય છે. ગુજરાત માં જામનગર અને જેતપુર ની બાંધણી કરતા રાજસ્થાન ની બાંધણી વચ્ચે થોડો ઘણો ફર્ક જોવા મળે છે. પ્રાચીન સમયમાં કાપડ મિલો નહતી એટલે સુતરાઉ કાપડ હાથ વણાટ થી તૈયાર થતું હતું.સફેદ સુતરાઉ કાપડ પર હળદર,ફૂલોના રંગ કે અન્ય કુદરતી પદાર્થો માંથી બનતા રંગો દ્વારા વિવિધ પ્રકારની ફૂલો,પાન, સ્ત્રી,પુરુષ,દીવા વગેરે વગેરે આકૃતિઓ બનાવવા માં આવતી હતી. ઈ.સ ૪૦૦૦ વર્ષ પહેલા સિંધુ ખીણ ની સંસ્કૃતિ વિવિધ પ્રકારની આકૃતિ ધરાવતી બાંધણી ના અવશેષો મળી આવ્યા હતા. આમ તો બાંધણી એ માત્ર ગુજરાત અને રાજસ્થાન ની જ વિરાસત નથી દેશ ના ખૂણે ખૂણે બાંધણી પ્રખ્યાત છે પણ એ જુદા જુદા નામે ઓળખવામાં આવે છે.

ગુજરાત ની બાંધણી એ અન્ય રાજ્ય માં જુદા જુદા નામે બંધેજ, બંધની, પીલીયા અને તમિલ માં ચુંગડી વગેરે નામે ઓળખાય છે. છઠી સદી માં અજતાં ની ગુફા નંબર ૧ ની દીવાલ પર બૌદ્ધ ધર્મ ના જીવન પ્રદર્શિત કરતાં ચિત્રો માં બંધેજ ની ઝલક જોવા મળે છે. ઐતિહાસિક ગ્રંથો ના પુરાવા અનુસાર પહેલી બાંધણી બાણ ભટ્ટ ના હર્ષ ચરિતા માં શાહી લગન માં બાંધણી પહેરવા માં આવી હતી. એલેક્ઝાન્ડર કાળ માં લખાયેલ ઘણા લેખો માં બાંધણી નો ઉલ્લેખ જોવા મળે છે.ક્યારેય કાળા મરતી નથી,કેમ? કલાકાર એની કલા કારીગીરી દ્વારા એને જીવંત રાખવા અથાગ પ્રયત્નો કરતા રહેતા હોય છે.ચીન થી આવતા મોડેલ પટોળા અને બાંધણી ઓને કારણે બાંધણી ઉદ્યોગ ને નુકશાન થાય એ સ્વભાવિક છે પણ ગુજરાતની પટોળા અને બંધેજ,દક્ષિણ ભારત ની સિલ્ક સાડીઓ,મહારાષ્ટ્ર ની પેઠણી સાડી વગેરે વગેરે મૂળ કારીગર ની કલા ક્યારેય લુપ્ત થશે નહી.

ભારતીય સ્ત્રીઓ અન્ય પરિધાન કરતા પરંપરાગત સાડીઓ માં વધારે સુંદર લાગતી હોય છે.દક્ષિણ ભારત ના નાનકડા ટાઉન માં સિલ્ક કે કોટન ની સાડી માં માથે ગજરા, સેંથી માં સિંદૂર અને ઘરેણા માં સજ્જ સ્ત્રીઓ જોતાજ લાગ્યું કે ભલે ભારત ગમે તેટલું આધુનિક બની જશે પણ મૂળ સંસ્કૃતિ ના પાયા હલાવી શકશે નહી. આજે પણ ભારતીય સ્ત્રીઓ નો મુખ્ય શોખ વિવિધ પ્રકાર ની સાડીઓ,કાચ ના કંગન અને આભૂષણો ખરીદવાનો સહેજ પણ ઓછો થયો નથી.આ કારણોસર ધાર્મિક સ્થળો માં સાડીઓ,બંગડીઓ,આભૂષણો ની દુકાનો વધારે જોવા મળશે.

**મહેંદી કલા** :યુ.એસ ની કોર્પોરેટ કંપની માં જોબ કરતી ભારતીય સ્ત્રી વીક એન્ડ માં પ્રસંગો માં મહેંદી લગાવી ને લાખો રૂપિયા કમાઈ રહી છે. પહેલા થી મહેંદી કાળા એ ફેમસ છે પણ ભારત માં મુઘલ સામ્રાજ્ય ના સમયે મેંહદી કલા નું પ્રભુત્ત્વ ધીમે ધીમે ઉત્તર ભારત થી લઈને દેશના ખૂણે ખૂણે પોંહચ્યુ છે. આજે આપણા ત્યાં વાર,તહેવાર,નાના મોટા પ્રસંગો માં સ્ત્રીઓના હાથ પગમાં ડિઝાઇનર મહેંદીની બારીક ડિઝાઇન ની,અરેબિક,ફૂલ પાંદડા વગેરે વગેરે જોવા મળશે.આ આર્ટ જેટલું પ્રથમ નજરે સહેલું લાગે છે એટલું સહેલું નથી.લગ્ન પ્રસંગ માં કન્યા ની સ્પેશિયલ પોર્ટ્રેટ મહેંદી એટલી બધી બારીક હોય છે ને કે બનાવતા આર્ટિસ્ટ ને કલાકો ના કલાકો લાગી જાય છે.ગ્લીટર મહેંદી અને સફેદ મહેંદી ની અત્યારે ફેશન છે. રાજસ્થાન માં દુલ્હન સાથે દુલ્હા ના હાથ માં પણ મહેંદી મૂકવાનો રિવાજ છે. આજકાલ મુઘલાઈ મેહંદી ટ્રેન્ડ પર છે આ પ્રકાર ની મહેંદી કાળા માં હાથ પર મુઘલો ના સમય માં બનેલા સ્થાપત્યો ની અંદરની કોતરણી જેમ કે ગુંબજ,કમાન, દરવાજા,ફૂલવેલ, હાથી,મોર,પોપટ,ઘોડા ની ડિઝાઈન બનાવવા માં આવે છે.

**નેગેટિવ સ્પેસ ડિઝાઈનિંગ:** આ પ્રકાર ની મહેંદી ના પ્રકાર માં કટવર્ક ની સ્ટાઈલ માં ફુલ,વેલ,પાન અને વિવિધ કલાત્મક આકારો આપવામાં આવે છે.બોર્ડર ની રેખાઓ ને અંદર ની પાતળી અને બહાર ની જાડી રેખા દોરવામાં આવે છે.અંદર ની પાતળી રેખા ને સુંદર રીતે કટવર્ક ડિઝાઈનનો આકાર આપવામાં આવતો હોય છે.

**ચિત્ર કલા :**
ભારત માં પર પ્રાંત એ પ્રસંગો અને તહેવારો માં અલગ અલગ પ્રકારની રંગોળી બનતી હોય છે. ગુજરાત માં ચીરોડી ના કલર થી રંગોળી થાય છે જ્યારે મધ્ય પ્રદેશ,બંગાળ અને બિહાર માં ચોખા ના લોટ થી રંગોળી બનાવવા માં આવે છે.મધ્ય પ્રદેશ ની પરંપરાગત શૈલી ની "ચોક" કે "મંડના" રંગોળી જોતાજ થયું કે આર્ટ અને આર્ટિસ્ટ છુપાવી શકાતા નથી. આ બાદ ત્યાંની વિવિધ શૈલીમાં પેઈન્ટિંગ જેમાં પ્રકૃતિની નિખાલસતા, સંસ્કૃતિની ઊંડાઈ અને જીવનની નાનકડી ક્ષણોની સુંદરતાને કેનવાસ પર નિહાળતા જ સ્પષ્ટ સંદેશ એમાં દેખાઈ શકાતો હતો.દરેક કલાકૃતિ ની સુંદરતા અંદર ગુઢ સંદેશ છુપાયેલો હોય છે.આ સંદેશ એ પર્યાવરણ-જતનની, સંબંધોની હૂંફ વગેરે વગેરે હોય છે.

કેન્વાસ,સાડીઓ, માટી ના વાસણો વગેરે માં ઉપસાવેલ સુંદર રંગ બેરંગી ચિત્રકારી એ કલાકાર નું આત્મીય સર્જન હોય છે.

મારું દ્દઢ માનવું છે કે કલા વ્યક્તિની કલ્પનાશક્તિને પાંખો સાથે દ્રઢ આત્મવિશ્વાસ પણ પૂરે છે.અને સર્જનાત્મક વિચારને ખોલાવે છે.



# 'પ્રલય'ના સેટ પરથી રણવીરનો લુક લીક

## લાંબા વાળ અને પીઠ પર બાળક, ચાહકોને 'ધુરંધર'નો હમઝા યાદ આવ્યો

(એજન્સી) મુંબઈ | તા.08

રણવીર સિંહની આગામી ફિલ્મ 'પ્રલય'ને લઈને ચાહકોનો ઉત્સાહ વધી ગયો છે. મુંબઈમાં ચાલી રહેલા શૂટિંગમાંથી રણવીરનો પહેલો લુક સામે આવ્યો છે. લાંબા વાળમાં જોવા મળી રહેલા રણવીરની પીઠ પર એક બાળક પણ દેખાઈ રહ્યું છે. લુક સામે આવતા જ સોશિયલ મીડિયા પર ચાહકોએ તેને 'ધુરંધર'ના તેના પાત્ર હમઝા ઉર્ફ જસકીરત સાથે જોડવાનું શરૂ કરી દીધું. ફિલ્મમાં રણવીર સાથે કલ્યાણી પ્રિયદર્શન પણ જોવા મળશે.

'પ્રલય'ના સેટ પરથી સામે આવેલા વીડિયો અને તસવીરોમાં રણવીર સિંહ લાંબા વાળવાળા લુકમાં જોવા મળી રહ્યો છે. તેમની પીઠ પર એક બાળક દેખાઈ રહ્યું છે. જોકે, ફિલ્મમાં તેના પાત્ર અને બાળક વચ્ચેના સંબંધને લઈને મેકર્સ તરફથી હજુ કોઈ માહિતી સામે આવી નથી. સામે આવેલી ઝલકે ફિલ્મની વાર્તાને લઈને ઉત્સુકતા વધારી દીધી છે. રણવીરનો લુક સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ચાહકોએ તેની સરખામણી 'ધુરંધર'ના પાત્ર હમઝા ઉર્ફ જસકીરત સાથે કરવાનું શરૂ કરી દીધું. ઘણા યુઝર્સે કોમેન્ટ કરીને કહ્યું કે 'જસકીરત પાછો ફર્યો'. લાંબા વાળવાળા રણવીરનો લુક જોઈને ફિલ્મને લઈને ચર્ચા તેજ બની ગઈ છે.

સામે આવેલા વીડિયોમાં રણવીર સિંહ સાથે એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શન પણ જોવા મળી રહી છે. બંને ફિલ્મના એક સીનનું શૂટિંગ કરતા જોવા મળ્યા. કલ્યાણી આ ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે અને તેની હાજરીએ દર્શકોની દિલચસ્પી વધારી છે.

'પ્રલય'નું શૂટિંગ મુંબઈમાં ઓગસ્ટથી શરૂ થઈ ગયું છે. ફિલ્મને સર્વાઈવલ અને પોસ્ટ-એપોકેલિપ્ટિક થ્રિલર તરીકે વર્ણવવામાં આવી છે, જ્યારે તાજેતરના અહેવાલોમાં તેને ઝોમ્બી એક્શન થ્રિલર પણ કહેવામાં આવી છે.

### 'ધુરંધર' પછી રણવીરનો નવો પડકાર

રણવીર સિંહ તાજેતરમાં 'ધુરંધર' અને 'ધુરંધર 2: ધ રિવેન્જ'ની સફળતા પછી હવે 'પ્રલય'માં અલગ અંદાજમાં જોવા મળવાનો છે. સેટ પરથી સામે આવેલો લુક સંકેત આપી રહ્યો છે કે ફિલ્મમાં તેમનો કિરદાર ઘણો અલગ અને ગંભીર હોઈ શકે છે. જોકે, કિરદાર સંબંધિત સંપૂર્ણ માહિતી હજુ સામે આવવાની બાકી છે. ફિલ્મનું ડિરેક્શન 'સ્કેમ 1992: ધ હર્ષદ મહેતા સ્ટોરી' અને 'લુટેરે'થી ઓળખ બનાવનાર ડિરેક્ટર જય મહેતા કરી રહ્યા છે. મેકર્સ અનુસાર, ફિલ્મને રિયાલિસ્ટિક લુક આપવા માટે મુંબઈ અને આસપાસની અસલી લોકેશન્સ પર શૂટ કરવામાં આવી રહી છે. કેમેરા સામે શૂટિંગ શરૂ થાય તે પહેલાં ફિલ્મની ટીમે ઘણા મહિનાઓ સુધી ઘણા ટેકનિકલ પ્રી-પ્રોડક્શન પર કામ કર્યું છે.

'લોકા' ફેમ કલ્યાણી પ્રિયદર્શન અને જય મહેતાની નવી જોડી આ પ્રોજેક્ટ દ્વારા રણવીર સિંહ અને કલ્યાણી પ્રિયદર્શનની જોડી પહેલીવાર મોટા પડદા પર સાથે કામ કરી રહી છે. કલ્યાણીએ તાજેતરમાં જ ફિલ્મ 'લોકા'થી ઘણી પ્રશંસા મેળવી હતી.

જ્યારે, ડિરેક્ટર જય મહેતા, જેમણે હંસલ મહેતા સાથે મળીને 'સ્કેમ 1992'નું સહ-નિર્દેશન કર્યું હતું, તેઓ આ મોટા બજેટની એક્શન થ્રિલરનું એકલા હાથે નિર્દેશન સંભાળી રહ્યા છે. 'પ્રલય'નું નિર્માણ અનન્યા બિરલાના બિરલા સ્ટુડિયોઝ, હંસલ મહેતા અને સાહિલ સૈગલની ટ્રુ સ્ટોરી ફિલ્મ્સ અને મા કસમ ફિલ્મ્સ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે. રણવીર સિંહનું અંગત જીવન પણ આ દિવસોમાં ચર્ચામાં છે. રણવીર અને દીપિકા પાદુકોણ બીજી વખત માતા-પિતા બનવાના છે.

# યશની ટોક્સિક ફ્લોપ જતાં હવે ઓટીટી રાઈટ્સ વેચવાના ફાંફા



મુંબઈ : યશની 'ટોક્સિક' બોક્સ ઓફિસ પર ફ્લોપ જતાં હવે તેને ઓટીટી પ્લેટફોર્મ પર ધાર્યા ભાવ વેચવાના ફાંફા પડી રહ્યા છે. સર્જકોને ૨૦૦ કરોડમાં ઓટીટી રાઈટ્સ વેચાવાની આશા હતી પરંતુ હાલ તો ૫૦ કરોડમાં પણ કોઈ પ્લેટફોર્ રાઈટ્સ લેવા તૈયાર નથી.

આ ફિલ્મ ૫૦૦ કરોડનાં બજેટમાં બની હોવાનું કહેવાય છે. પરંતુ, તેનું બોક્સ ઓફિસ કલેક્શન ૨૫૦ કરોડના આંકડા પર પણ પહોંચ્યું નથી. આ સંજોગોમાં નિર્માતા માટે પ્રોડક્શન કોસ્ટ પણ કાઢવાનું મુશ્કેલ બન્યું છે.

અગાઉ, એક અગ્રણી ઓટીટી પ્લેટફોર્મે ૧૫૦ કરોડ રૂપિયાની ઓફર કરી હતી તે પણ હવે મળે તેમ નથી. હવે તમામ ભાષાઓમાં સ્ટ્રિમિંગ રાઈટસ પેટે ૩૦ કરોડ રૂપિયાની ઓફર આપવામાં આવી છે. ફિલ્મના મેકર્સ હવે ડિજિટલ વર્ઝનને નવેસરથી એડિટ કરવા માટે વિચારણા કરી રહ્યાં છે. ફિલ્મમેકર્સ કોઈપણ રીતે તેમનું નુકશાન ઘટાડવાના પ્રયાસો કરી રહ્યા છે. ઓટીટી પર નવેસરથી એડિટ કરેલી ફિલ્મ વેચવાનો વિકલ્પ પણ વિચારવામાં આવ્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં યોજાશે નેશનલ ફિલ્મ અવોર્ડ્સ સેરેમની

**72 વર્ષના ઈતિહાસમાં પહેલી વાર દિલ્હીની બહાર કાર્યક્રમ યોજાશે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે અવોર્ડ્સ અપાશે**




(એજન્સી) મુંબઈ | તા.08

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના ઈતિહાસમાં આ વખતે બદલાવ થવા જઈ રહ્યો છે. 72મા નેશનલ ફિલ્મ અવોર્ડ્સ સમારોહ પહેલીવાર નવી દિલ્હીની બહાર યોજાશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ માટે ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી એટલે કે એકતા નગર (કેવડિયા)ની પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના 23 સપ્ટેમ્બરના ગુજરાત પ્રવાસ દરમિયાન પુરસ્કારો પ્રદાન કરવામાં આવે તેવી સંભાવના છે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ સામાન્ય રીતે નવી દિલ્હીમાં યોજાતો રહ્યો છે. ગયા વર્ષે 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનો સમારોહ 23 સપ્ટેમ્બર 2025ના રોજ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાયો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિજેતાઓને પુરસ્કારો પ્રદાન કર્યા હતા.

હવે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો માટે પરંપરામાં બદલાવ કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓ અનુસાર, આ વખતે સમારોહ દિલ્હીની બહાર ગુજરાતના એકતા નગર (કેવડિયા)માં આયોજિત કરવાની તૈયારી છે. આને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું દિલ્હીની બહારનું પ્રથમ આયોજન ગણાવવામાં આવી રહ્યું છે.

ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો 23 સપ્ટેમ્બરે ગુજરાત પ્રવાસ પ્રસ્તાવિત છે. તેઓ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે અને ત્યારબાદ પાદરામાં બ્રહ્માકુમારીઝના કાર્યક્રમમાં ભાગ લેશે. આ જ પ્રવાસમાં તેમના એકતા નગર જવાની પણ સંભાવના છે, જ્યાં તેઓ 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો પ્રદાન કરી શકે છે.

એકતા નગર ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલું છે અને અહીં સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય આકર્ષણ છે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને અહીં આયોજિત કરવાથી તેને ગુજરાતના મુખ્ય પર્યટન અને રાષ્ટ્રીય એકતા સાથે સંકળાયેલા સ્થળ સાથે જોડવાનો સંદેશ જાય છે. તાજેતરમાં 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં આનંદ એલ રાયની ડોક્યુમેન્ટરી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનું પ્રતીક'ને પણ સન્માન મળ્યું છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કેવડિયાના વિકાસની વાર્તા પર આધારિત છે.

### 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના વિજેતાઓની જાહેરાત પહેલા જ થઈ ચૂકી છે

72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના વિજેતાઓની જાહેરાત 18 જુલાઈ 2026ના રોજ કરવામાં આવી ચૂકી છે. આમાં 'આર્ટિકલ 370'ને સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો. ફિલ્મની એક્ટ્રેસ યામી ગૌતમને સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનું સન્માન મળ્યું, જ્યારે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર કાર્તિક આર્યન ('ચંદુ ચેમ્પિયન') અને મમ્મૂટી ('બ્રહ્મયુગમ')ને સંયુક્ત રીતે આપવામાં આવ્યો. ઉપરાંત ગુજરાતી ફિલ્મ 'મારણ'ને નેશનલ અવોર્ડ મળ્યો છે.

ગુજરાતી ફિલ્મ 'મારણ'ને નેશનલ અવોર્ડ મળ્યો:યામી ગૌતમ બેસ્ટ એક્ટ્રેસ, કાર્તિક આર્યન બેસ્ટ એક્ટર; 72મા નેશનલ અવોર્ડની જાહેરાત

72માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો (નેશનલ ફિલ્મ અવોર્ડ્સ)ની યાદી શનિવારે જાહેર થઈ છે. જેમાં ફિલ્મ 'આર્ટિકલ 370'ને વર્ષ 2024ની સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો. જ્યારે, ફિલ્મ 'શ્રીકાંત'ને સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો પુરસ્કાર મળ્યો અને યામી ગૌતમને લીડિંગ રોલમાં બેસ્ટ એક્ટ્રેસનો પુરસ્કાર આપવામાં આવ્યો. જ્યારે ગુજરાતી ફિલ્મ 'મારણ'ને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો અવોર્ડ મળ્યો

# અજય દેવગણે ગેરકાયદેસર સોફ્ટવેરથી કર્યો હતો પ્રેન્ક

## અમિતાભ બચ્ચનના નંબર પરથી કોઈ બીજાને મેસેજ મોકલ્યો, લખ્યું- સવારે 5:30 વાગ્યે મળો

(એજન્સી) મુંબઈ | તા.08

બોલિવૂડ એક્ટર અજય દેવગન અવારનવાર મીડિયા સામે ગંભીર દેખાય છે અને ઓછું બોલે છે. જોકે, ફિલ્મના સેટ પર સહ-કલાકારો અને ક્રૂ મેમ્બર્સ સાથે મજાક-મસ્તી કરે છે અને તેમની ગણતરી બોલિવૂડના સૌથી મોટા પ્રૅન્કસ્ટર્સમાં થાય છે. અહીં સુધી કે અજય દેવગને સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે પણ પ્રૅન્ક કર્યો હતો.

'ધ કપિલ શર્મા શો'માં અજય દેવગને જણાવ્યું હતું કે ઘણા વર્ષો પહેલા એક એવું ગેરકાયદેસર સોફ્ટવેર આવ્યું હતું, જેનાથી કોઈ બીજા નંબર પરથી મેસેજ મોકલી શકાતો હતો. એટલે કે મેસેજ મેળવનારને લાગતું હતું કે તેને અસલી નંબર પરથી જ મેસેજ આવ્યો છે.

અજયે આ જ સોફ્ટવેરનો ઉપયોગ પોતાના મિત્ર અને પબ્લિક રિલેશન (PR) એક્સપર્ટ પરાગ દેસાઈ સાથે પ્રૅન્ક કરવા માટે કર્યો. પરાગ દેસાઈ અમિતાભ બચ્ચનના પણ PR હતા. અજયે રાત્રે લગભગ 10 વાગ્યે અમિતાભ બચ્ચનના નંબર પરથી પરાગને મેસેજ મોકલ્યો.

મેસેજમાં લખ્યું હતું, "સવારે 5:30 વાગ્યે આવીને મળો." મેસેજ જોઈને પરાગ ટેન્શનમાં આવી ગયા કે શું થયું હશે અને તેઓ સવારે સાડા પાંચ વાગ્યે અમિતાભ બચ્ચનના ઘરે પહોંચી ગયા. તે સમયે અમિતાભ બચ્ચન જીમમાં હતા અને તેમણે પરાગને કહ્યું,



'આટલી સવારે-સવારે?' જેના પર પરાગે તેમને કહ્યું કે તમે તેમને બોલાવ્યા છે. અમિતાભ બચ્ચને આશ્ચર્યથી પૂછ્યું, "હું શા માટે બોલાવીશ?"

આ પછી પરાગે તેમને તે જ મેસેજ બતાવ્યો. મેસેજ જોઈને અમિતાભ બચ્ચન પણ પરેશાન થઈ ગયા. તેમને સમજાયું નહીં કે આખરે તેમના નંબર પરથી આ મેસેજ કોણે મોકલ્યો. શો પર અજય દેવગણે જણાવ્યું કે પછીથી તેમણે અમિતાભ બચ્ચનને આખી પ્રૅન્કની સચ્ચાઈ જણાવી દીધી. અજયે મજાકિયા અંદાજમાં આગળ જણાવ્યું કે અમિતાભ બચ્ચને તેમની પાસેથી તે જ સોફ્ટવેર માંગી લીધું. અજય દેવગણે એક પ્રૅન્ક એક્ટર જાવેદ જાફરી સાથે પણ કર્યો હતો. જાવેદ જાફરીએ મિર્ચી પ્લસને આપેલા ઈન્ટરવ્યુમાં અજયના પ્રૅન્ક સાથે જોડાયેલો એક કિસ્સો શેર કર્યો હતો. આ કિસ્સો ફિલ્મ 'દે દે પ્યાર દે 2'ના શૂટિંગનો છે.

જાવેદ જાફરીએ જણાવ્યું હતું કે મહાશિવરાત્રીના અવસરે અજયે મજાકમાં સેટ પર હાજર ભોજનમાં ભાંગ ભેળવી દીધી હતી. જાવેદ, જે ન તો દારૂ પીવે છે કે ન સિગારેટ, તેમણે અજાણતામાં તે જ ભોજન વધુ ખાઈ લીધું.

થોડા સમય પછી તેમને વિચિત્ર લાગવા માંડ્યું. તેમણે જણાવ્યું કે એવું લાગી રહ્યું હતું કે તેઓ બ્લેક હોલમાં પડી રહ્યા હોય અને આસપાસ બધું હલી રહ્યું હોય. હાલત એટલી ખરાબ થઈ ગઈ કે તેઓ ગભરાઈ ગયા અને લાગ્યું કે તેઓ બચી નહીં શકે.

ગભરાટમાં જાવેદ પોતાના રૂમમાં ચાલ્યા ગયા. તેમણે પોતાના આસિસ્ટન્ટ, પત્ની અને પુત્ર મીઝાન જાફરીને ફોન કર્યો. તેમને લાગ્યું કે આ તેમનો છેલ્લો સમય છે, તેથી તેઓ વસિયત લખાવવા તૈયાર થઈ ગયા હતા. બાદમાં ખબર પડી કે આ અજય દેવગનનો મજાક હતો. અજય દેવગનના પ્રૅન્ક્સ સાથે જોડાયેલો એક વધુ રસપ્રદ કિસ્સો છે. ફિલ્મ પબ્લિસિસ્ટ રાજેન્દ્ર રાવને અજયે પ્રૅન્ક કરીને નકલી ડ્રગ્સના કેસમાં ફસાવી દીધા હતા. મિડ ડેને આપેલા ઈન્ટરવ્યુમાં અજયે આ વાત સ્વીકારી હતી.



# ટ્રોલર્સના સવાલ પર રાખી સાવંતે ધર્મ બદલવા અંગે મૌન તોડ્યું

(એજન્સી) મુંબઈ | તા.08

ડ્રામા ક્વીન રાખી સાવંતે ધર્મ પરિવર્તન અંગે મૌન તોડ્યું છે. ટ્રોલ્સે હિન્દુ ધર્મમાં ખામી પૂછતા, રાખીએ સ્પષ્ટતા કરી કે, હિન્દુ ધર્મમાં કોઈ ખામી નથી. તેણે મુસ્લિમ સાથે નિકાહ કર્યા હોવાથી ઈસ્લામ અપનાવ્યો. તલાક બાદ પણ તે ઈસ્લામ સાથે જોડાયેલી છે અને મક્કા-મદીના પણ જઈ ચૂકી છે. રાખી હાલ સિંગલ છે.

બોલિવૂડની 'ડ્રામા ક્વીન' રાખી સાવંત (Rakhi Sawant) અવારનવાર તેની પર્સનલ લાઈફ અને વિવાદોને કારણે લાઈમલાઈટમાં રહે છે. બે લગ્ન તૂટ્યા પછી પણ રાખીનો દરેક અંદાજ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની જાય છે. રાખીના બીજા લગ્ન દરમિયાન ધર્મ પરિવર્તન કરવા બદલ જ્યારે ટ્રોલ્સે તેના પર તીખા સવાલો કર્યા, ત્યારે રાખીએ આ અંગે ખુલ્લીને પોતાનું મૌન તોડ્યું. આવો જાણીએ કે હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ અપનાવવા અંગે રાખી સાવંતે શું જડબાતોડ જવાબ આપ્યો છે.

સોશિયલ મીડિયા પર રાખી સાવંતનો એક નવો વીડિયો વાયુ વેગે વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેને પૂછવામાં આવ્યું કે 'હિન્દુ ધર્મમાં એવી શું ખામી હતી કે તમે ધર્મ બદલી નાખ્યો?' આ સીધા સવાલ પર કોઈ પણ હિચકિચાટ વગર રાખીએ બેબાક અંદાજમાં જવાબ આપ્યો અને ટ્રોલ્સની બોલતી બંધ કરી દીધી.

રાખીએ પાપરાઝીને કહ્યું કે, 'હિન્દુ ધર્મમાં ક્યારેય કોઈ ખામી નહોતી અને હોઈ પણ ન શકે. મેં મુસ્લિમ સાથે લગ્ન કર્યા હતા, નિકાહ કર્યા હતા અને જ્યારે તમે નિકાહ કરો છો ત્યારે ઈસ્લામ કબૂલ કરો છો. હું પોતાને ખૂબ નસીબદાર માનું છું કે મને મક્કા-મદીનાનો બુલાવો આવ્યો. આદિલ ખાન દુર્રાની સાથે લગ્ન તૂટ્યા છતાં રાખી આજે પણ પોતાને ઈસ્લામ સાથે જોડાયેલી માને છે.



# અંબાણી પરિવારની જન્માષ્ટમીની ઉજવણીનો વાયરલ

## ચાંદીના પારણે કાનુડાને ઝૂલાવ્યો, નીતા અંબાણીએ વહુઓ અને વેવાણ સાથે ગરબા કર્યા

(એજન્સી) મુંબઈ | તા.08

અંબાણી પરિવાર દરેક તહેવારને ધામધૂમથી ઉજવે છે. ત્યારે વિશ્વના બીજા સૌથી મોંઘા ઘર એન્ટિલિયામાં અંબાણી પરિવારે જગતના નાથના જન્મોત્સવની હર્ષોલ્લાસભેર ઉજવણી કરી, જેના વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યા છે. પર્વની ઉજવણી દરમિયાન આખો પરિવાર કૃષ્ણ ભક્તિમાં લીન જોવા મળ્યો.



અંબાણી પરિવારે ચાંદીના પારણામાં લાલાને બિરાજમાન કર્યા હતા. પારણામાં કરાયેલી ઝિણવટપૂર્વકની નક્ષીકામ પર લાલ ફૂલોની સજાવટ કરવામાં આવી હતી. હિંડોળાની દોરીને ફૂલોથી સજાવવામાં આવી હતી. લાલાના હિંડોળાની બાજુમાં શ્રીનાથજીની મૂર્તિ બિરાજમાન કરાઈ હતી, જેમને ચાંદીના આભૂષણો પહેરાવવામાં આવ્યા હતા. સાથે જ લાલાને ચાંદીના વાસણોમાં કાનુડાને છપ્પન ભોગ ધરાવવામાં આવ્યા હતા. ચાંદીના પારણાની પાછળ બાળગોપાળનું એક સુંદર ચિત્ર જોવા મળ્યું. આ ચિત્ર માત્ર રંગોથી કરવામાં આવ્યું નહોતું પરંતુ શ્યામ, વાદળી, ગુલાબી, લીલા, ગોલ્ડન સહિતના વિવિધ રંગોના મોતિ, બિડ્સ અને સ્ટોન્સથી બનાવવામાં આવ્યું હતું. ચિત્રમાં બાળગોપાલની સાથે ગુલાબી કમળ સુંદર લાગી રહ્યા હતા. આ ખાસ પ્રસંગે પણ નીતા અંબાણીનો ભારતીય હસ્તકળા પ્રત્યેનો પ્રેમ છલકાયો. તેમણે એક્વા બ્લુ કલરની બાંધણી સાડી પહેરી હતી, જેમાં ગુલાબી હાઈલાઈટ્સ સાથે ગોલ્ડન ઝરી કારીગરી કરવામાં આવી હતી. સાડીમાં ગોલ્ડન દોરાની એમ્બ્રોઈડરીવાળી પહોળી બોર્ડર લગાવવામાં આવી હતી, સાથે જ ગુલાબી, વાદળી અને લીલા રંગના મલ્ટી કલર ફુમતાંએ સાડીની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

નીતા અંબાણીએ સ્કૂપ નેકલાઈન, હાફ લેન્થ સ્વીલ્સ, ગોલ્ડન પટ્ટી એમ્બ્રોઈડરી, ગોલ્ડન ઝરી કામ અને સિક્વન્સ ધરાવતા એક્વા-બ્લુ રંગના બ્લાઉઝ સાથે ગુજરાતી સ્ટાઈલ સાડી ડ્રેપ કી હતી. સાથે જ તેમણે હીરા-પન્ના અને માણેકથી જડિત દાગીના પહેર્યા હતા.

ગરબા અને દાંડિયા વિના દરેક ગુજરાતી પરિવારની ઉજવણી અધુરી ગણાય છે. અંબાણી પરિવારે પણ ગરબા અને દાંડિયાથી જગતના નાથના જન્મના વધામણાં કર્યા હતા. આ પ્રસંગે નીતા અંબાણી વહુઓ શ્લોકા અને રાધિકા સાથે ગરબે ઘુમ્યા હતા.

સાથે જ મોટી વહુ શ્લોકાના મમ્મી એટલે કે વેવાણ મોના મહેતા સાથે ડાન્સ કરતા જોવા મળ્યા. આ ઉપરાંત શ્લોકા, આકાશ, રાધિકા, ઈશા સહિતના પરિવારે સાથે મળીને ગરબા કર્યા.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## સાત્વિક અને ચિરાગે ચીન માસ્ટર્સમાં જીતીને રચ્યો નવો ઈતિહાસ



(એજન્સી) અમદાવાદ । તા. 08

ભારતના દિગ્ગજ બેડમિન્ટન ખેલાડીઓ સાત્વિકસાઈરાજ રાન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની લોકપ્રિય જોડીએ રવિવારના રોજ રમાયેલી અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ ચીન માસ્ટર્સ બેડમિન્ટન સ્પર્ધાની ફાઈનલ મેચમાં ચીનના ખેલાડીઓને હરાવીને ટ્રોફી પોતાના નામે કરી દીધી છે, જ્યાં તેમણે પાંચ સખત મુકાબલાઓ અને પાંચ કલાકથી વધુ સમય સુધી કોર્ટ પર પરસેવો વહાવીને આગામી એશિયન ગેમ્સ પહેલા પોતાની શારીરિક ક્ષમતા અને ફિટનેસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને દેશનું નામ રોશન કર્યું છે.

ચીન માસ્ટર્સ સ્પર્ધાના શાનદાર અને નિર્ણાયક મુકાબલામાં ભારતીય જોડીએ શરુઆતમાં પાછળ રહ્યા બાદ અદભૂત વાપસી કરી હતી. ચોથા ક્રમાંકવાળી ભારતીય જોડીએ ચીનના હે જી ટીંગ અને રેન શિયાંગ સામેની મેચમાં પહેલી ગેમ ગુમાવ્યા બાદ જોરદાર સંઘર્ષ કર્યો હતો અને અંતિમ પરિણામ ૧૧-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૭ થી પોતાના પક્ષમાં લાવવામાં મોટી સફળતા મેળવી હતી. આ વિજય સાથે તેમણે કારકિર્દીમાં પહેલીવાર ચીન માસ્ટર્સનો તાજ પહેર્યો છે, કારણ કે અગાઉ તેઓ બે વખત ફાઈનલ મુકાબલામાં હારી ગયા હતા. વર્તમાન સિઝનમાં સિંગાપોર ઓપન બાદ આ તેમનો બીજો મોટો ખિતાબ છે, જેને લઈને દેશભરના ખેલ પ્રેમીઓમાં ભારે ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

વિજયી શોર્ટ મેદાન પર પડતાની સાથે જ સાત્વિકસાઈરાજ રાન્કીરેડ્ડીએ પોતાના અંદાજમાં ડાન્સ કરીને ખુશી વ્યક્ત કરી હતી, જ્યારે ચિરાગ શેટ્ટીએ ઉત્સાહમાં આવીને પોતાની જર્સી દર્શકોની ભીડ તરફ ફેંકી દીધી હતી. આ ભવ્ય જીત બાદ મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં સાત્વિકે જણાવ્યું હતું કે એશિયન ગેમ્સ જેવી મોટી સ્પર્ધાઓમાં લગભગ દસ દિવસ સુધી સતત રમવું પડતું હોય છે કારણ કે તેમાં ટીમ અને વ્યક્તિગત એમ બંને પ્રકારની ઈવેન્ટ્સ યોજાતી હોય છે. આ જીત દ્વારા તેમની સમગ્ર ટીમને પોતાની શારીરિક ક્ષમતા અને સ્ટેમિના ચકાસવાની ઉત્તમ તક મળી હતી અને તેઓ સંપૂર્ણપણે તૈયાર હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

**શેર-એ-પંજાબ લીગમાં અભિષેકે મચાવ્યો મોટો ગદર**

# અભિષેક શર્માએ શુભમન ગિલની વિકેટ ઝડપી ચોગ્ગા છગ્ગા વરસાવ્યા

(એજન્સી) અમદાવાદ । તા. 08

અમદાવાદ ખાતે રમાયેલી રોમાંચક રમતની અંદર ક્રિકેટ જગતના બે દિગ્ગજ યુવા ખેલાડીઓ વચ્ચે ખરાખરીનો જંગ જોવા મળ્યો હતો, જ્યાં ફાઝિલ્કા ફાલ્કન્સ અને અમ્રિતસર સૂરમાસની ટીમો આમને-સામને ટકરાઈ હતી. આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં બંને ટીમોના કેપ્ટનોએ પોતાની આગેવાની હેઠળ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને મેચના અંત સુધી દર્શકોની ઉત્સુકતા તાણાઈ રહી હતી. પ્રથમ બેટિંગ કરતા મેદાને ઉતરેલી ફાલ્કન્સની ટીમ તરફથી કેપ્ટન શુભમન ગિલે શરૂઆતથી જ આક્રમક રમત દાખવીને વિરોધી બોલરોની ચિંતા વધારી દીધી હતી અને નિર્ધારિત ઓવરોમાં મોટો સ્કોર ખડકવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જોકે, ક્રિકેટના આ મેદાન પર કુદરતી રમતનું ચિત્ર બદલાતા જ પરિસ્થિતિમાં મોટો પલટો આવ્યો હતો અને વિરોધી ટીમનો વળતો પ્રહાર એટલો શક્તિશાળી સાબિત થયો કે આખી મેચનું પાસું જ પલટાઈ ગયું હતું.

અમ્રિતસર સૂરમાસના કેપ્ટન અભિષેક શર્માએ ટોસ જીતીને વિરોધી ટીમને પ્રથમ બેટિંગ માટે આમંત્રિત કરી હતી, જેનો ફાયદો ઉઠાવીને ફાઝિલ્કા તરફથી રમતા





શુભમન ગિલે મેદાનની ચારેય બાજુ શાનદાર શોટ ફટકાર્યા હતા. ગિલે માત્ર અઠ્ઠાવીસ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી લીધી હતી અને કુલ પેંત્રીસ બોલમાં ત્રણ છગ્ગા તથા આઠ ચોગ્ગાની મદદથી સડસડાટ સડસઠ રનનું યોગદાન આપ્યું હતું, જેમાં અન્ય સાથી ખેલાડીઓનો પણ સારો સાથ મળ્યો હતો. મેચની સૌથી રોમાંચક અને ચર્ચાસ્પદ ક્ષણ દસમી ઓવરમાં જોવા મળી હતી જ્યારે ખુદ કેપ્ટન અભિષેક શર્મા બોલિંગ કરવા આવ્યા હતા અને ગિલે તેમના એક જ ઓવરમાં આક્રમક બેટિંગ કરીને સત્તર રન લૂંટી લીધા હતા. આ ઓવરના અંતિમ બોલ પર અભિષેકે પોતાની કુશળતા વાપરીને ગિલને નમન ધીરના હાથે કેચ આઉટ કરાવ્યો હતો અને પોતાની ટીમ માટે એક અત્યંત મહત્ત્વની સફળતા મેળવી હતી.

એગણ્યાસી રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અમ્રિતસરની ટીમ તરફથી ઓપનિંગમાં આવેલા કેપ્ટન અભિષેક શર્માએ મેદાન પર ઉતરતાની સાથે જ ધોધમાર બેટિંગ શરૂ કરી દીધી હતી અને વિરોધી બોલરોને કોઈ પણ તક આપી ન હતી. તેમણે માત્ર પંદર બોલમાં ત્રણસો છવ્વીસ કરતા વધુના અસાધારણ સ્ટ્રાઈક રેટથી ઓગણપચાસ રન ફટકારી દીધા હતા, જેમાં ચાર ગગનચુંબી છગ્ગા અને છ આકર્ષક ચોગ્ગા સામેલ હતા અને પોતાની ટીમને શાનદાર શરૂઆત અપાવી હતી. આ વિસ્ફોટક પ્રદર્શન બાદ ઈમ્પેક્ટ ખેલાડી તરીકે મેદાન પર આવેલા રાહુલ કુમારે પણ પેંત્રીસ બોલમાં બે છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી તેપન રનની અતિમહત્ત્વપૂર્ણ ઈનિંગ રમીને ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી.

મેચની છેલ્લી ઓવરોમાં આકાશ પાંડેએ તેર બોલમાં એક છગ્ગા અને ત્રણ ચોગ્ગા ફટકારીને અણનમ ચોવીસ રનનું યોગદાન આપ્યું હતું, જેના પરિણામે ટીમએ નિર્ધારિત ઓવરો પૂરી થવામાં ત્રણ બોલ બાકી હતા ત્યારે જ લક્ષ્ય સર કરી લીધું હતું. આ રોમાંચક મુકાબલામાં ચાર વિકેટથી શાનદાર વિજય મેળવીને અમ્રિતસર સૂરમાસની ટીમે મેદાન પર પોતાનો દબદબો સાબિત કર્યો હતો અને તમામ ખેલાડીઓએ ટીમ વર્કનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સમગ્ર મેચ દરમિયાન બેટિંગમાં આતશબાજી મચાવવા ઉપરાંત બોલિંગમાં પણ બે મહત્ત્વની વિકેટ ઝડપનાર ઓલરાઉન્ડર અભિષેક શર્માને તેમના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.

# 27 ચોગ્ગા, 7 છગ્ગા અને 250 રન...! ચેપોક સ્ટેડિયમમાં ઈશાન કિશનની વિસ્ફોટક બેટિંગ; ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો

(એજન્સી) ચેન્નાઈ । તા. 08

દુલીપ ટ્રોફી 2026-27ની રોમાંચક ફાઈનલ મેચમાં ઈસ્ટ ઝોનના કેપ્ટન અને સ્ટાર બેટર ઈશાન કિશને ઈતિહાસ રચ્યો છે. ચેન્નાઈના પ્રખ્યાત ચેપોક સ્ટેડિયમમાં સાઉથ ઝોન સામે રમાઈ રહેલી આ મહત્ત્વપૂર્ણ મેચમાં ઈશાને વિસ્ફોટક બેટિંગ કરતા ૨૭૦ રનની શાનદાર બેવડી સદી ફટકારી હતી. મેચના બીજા દિવસે ઈશાને શાનદાર કૌશલ્યનું પ્રદર્શન કરતા ૨૭૦ બોલમાં જ પોતાની ડબલ સેન્ચુરી પૂરી કરી લીધી હતી. ઈશાનની આ ઐતિહાસિક અને ધમાકેદાર બેવડી સદીના દમ પર ઈસ્ટ ઝોને પ્રથમ ઈનિંગમાં ૭૦૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ઈશાનની આ બીજી બેવડી સદી છે, જ્યારે દુલીપ ટ્રોફીમાં તેણે પ્રથમ વખત આ સિદ્ધિ હાંસલ કરી છે.



ઈસ્ટ ઝોનની પ્રથમ ઈનિંગની ૧૨૨મી ઓવરમાં દેવદત્ત પડિક્કલના બીજા બોલ પર ચોગ્ગો ફટકારીને ઈશાન આ સીમાચિહ્ન પર પહોંચ્યો હતો. તેણે કુલ ૩૩૪ બોલનો સામનો કરીને ૨૭૦ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેમાં ૩૦ ાનદાર ચોગ્ગા અને ૭ ગગનચુંબી છગ્ગા સામેલ હતા. આ ઈનિંગ સાથે ઈશાન કિશનના નામે અનેક મોટા રેકોર્ડ નોંધાયા છે. તે દુલીપ ટ્રોફીની ફાઈનલમાં ડબલ સેન્ચુરી ફટકારનારો ઈસ્ટ ઝોનનો પ્રથમ બેટર બની ગયો છે. આ ઉપરાંત, દુલીપ ટ્રોફીના ઈતિહાસમાં ઈસ્ટ ઝોન તરફથી બેવડી સદી ફટકારનારો તે માત્ર ત્રીજો ખેલાડી છે. આ અગાઉ ૧૯૮૬-૮૭માં અરુણ લાલ અને ૧૯૯૫-૯૬માં સબા કરીમે આ સિદ્ધિ મેળવી હતી.

દુલીપ ટ્રોફીની ફાઈનલમાં બેવડી સદી ફટકારનાર ઈશાન કિશન એકંદરે છઠ્ઠો બેટર બન્યો છે. અગાઉ આ યાદીમાં રમન લાંબા, અંશુમાન ગાયકવાડ, યુસુફ પઠાણ, ચેતેશ્વર પુજારા અને યશસ્વી જયસ્વાલનું નામ સામેલ હતું. સૌથી ખાસ વાત એ છે કે દુલીપ ટ્રોફીની ફાઈનલમાં કેપ્ટન તરીકે સૌથી મોટી ઈનિંગ રમવાનો રેકોર્ડ હવે ઈશાન કિશનના નામે થઈ ગયો છે, જે અગાઉ અંશુમાન ગાયકવાડના નામે હતો.

## મેગ્નસ કાર્લસન વિરુદ્ધ આનંદ, બેંગલુરુમાં રમાઈ ચેસ લીગ



(એજન્સી) બેંગલુરુ । તા. 08

ભારતીય ચેસ જગતના દિગ્ગજ અને પીઢ ખેલાડી વિશ્વનાથન આનંદ સોમવારના રોજ બેંગલુરુની એક હોટલ ખાતે યોજાયેલી ટેક મહિન્દ્રા ગ્લોબલ ચેસ લીગની ત્રીજી સિઝનની રોમાંચક મેચમાં નોર્વેના મહાન ખેલાડી મેગ્નસ કાર્લસન સામે સમયના અભાવે કમનસીબ રીતે હારી ગયા હતા, તેમ છતાં તેમની ટીમ પીએબીજી અલાસ્કા નાઈટ્સ શાનદાર પ્રદર્શન કરીને અલ્પાઈન એપીએલ પાઈપર્સ સામે નવ વિરુદ્ધ સાત પોઈન્ટથી વિજય મેળવવામાં સફળ રહી હતી.

વિશ્વનાથન આનંદ આજકાલ વ્યવસાયિક રીતે બહુ ઓછી રમત રમે છે કારણ કે તેઓ મુખ્યત્વે માર્ગદર્શક તરીકે ભૂમિકા ભજવે છે અને હાલમાં ફિડેના વચગાળાના પ્રમુખ પણ છે. બીજી બાજુ, મેગ્નસ કાર્લસન, જેમણે વર્ષ બે હજાર તેરમાં આનંદ પાસેથી વિશ્વ ચેમ્પિયનનું તાજ છીનવી લીધું હતું, તેમણે પણ હવે પોતાનું સિંહાસન છોડી દીધું છે. તેમ છતાં, જ્યારે આ બંને સર્વકાલીન મહાન ખેલાડીઓ ચેસના પાટિયા પર સામસામે આવે છે ત્યારે ચાહકોમાં એક અલગ જ ઉત્સાહ જોવા મળે છે. સોમવારના રોજ લલિત અશોક હોટલમાં આ અદભૂત માહોલ સ્પષ્ટપણે નજરે પડ્યો હતો, જ્યાં બંનેએ ખૂબ જ રસપ્રદ રમત રમી હતી પરંતુ સમાન સ્થિતિમાં હોવા છતાં આનંદ સમય પૂર્ણ થઈ જવાના કારણે મેચ હારી ગયા હતા.

ચેન્નઈના પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન આનંદ માટે વ્યક્તિગત હાર એટલી અસર કરતી નહોતી કારણ કે તેમની આખી ટીમ પીએબીજી અલાસ્કા નાઈટ્સ વિરોધી અલ્પાઈન એપીએલ પાઈપર્સ સામે નવ વિરુદ્ધ સાત પોઈન્ટથી મેચ જીતી ગઈ હતી. હકીકતમાં, આ મેચ કાર્લસનની ટીમની આ ટૂર્નામેન્ટમાં પહેલી હાર હતી, કારણ કે અગાઉ તેઓ પોતાની બંને શરૂઆતની મેચો જીતી ચૂક્યા હતા. થોડા સમય બાદ જ, ડિફેન્ડિંગ ચેમ્પિયને શાનદાર વાપસી કરતા ફયર્સ અમેરિકન ગેમ્બિટ્સ સામે પંદર વિરુદ્ધ ત્રણ પોઈન્ટની પ્રચંડ જીત નોંધાવી હતી. કાર્લસનની પોતાની રમત ડ્રો રહી હતી પરંતુ કોનેરુ હમ્પી, વિદિત ગુજરાતી અને વ્લાદિમીર મુર્ઝિને કાળા મોહરા સાથે રમીને શાનદાર જીત મેળવી હતી અને પોતાની ટીમને મોટો વિજય અપાવ્યો હતો. ચાર રાઉન્ડની રમત પૂરી થયા બાદ પાઈપર્સની ટીમ પોઈન્ટ ટેબલમાં સૌથી ઉપર મોખરે બિરાજમાન છે.

**સ્પિરિટ સાથે સ્પેન ક્વાર્ટર ફાઈનલ પહોંચી**

## જર્મની મહિલા વર્લ્ડ કપમાં માલી સામે જીત્યું



(એજન્સી) બર્લિન । તા. 08

મહિલા બાસ્કેટબોલ વર્લ્ડ કપ સ્પર્ધામાં સોમવારના રોજ રમાયેલી રોમાંચક મુકાબલામાં યજમાન જર્મનીની ટીમે શાનદાર પ્રદર્શન કરીને માલી સામે નિર્ણાયક વિજય મેળવ્યો હતો અને ટૂર્નામેન્ટમાંથી વહેલી બહાર થઈ જવાનો ખતરો ટાળ્યો હતો, જ્યારે બીજી તરફ સ્પેનની મજબૂત ટીમે પણ જાપાનને પરાજય આપીને સીધી ક્વાર્ટર ફાઈનલની ટિકિટ મેળવી લીધી હતી અને ગ્રુપમાં પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું હતું. બર્લિન એરેના ખાતે ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં યજમાન જર્મનીની ટીમે શરૂઆતથી જ પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું. માલીની ટીમ તરફથી શરૂઆતમાં ફ્રી થ્રો દ્વારા લીડ લેવામાં આવી હતી, પરંતુ યજમાન ખેલાડીઓએ શાનદાર વાપસી કરતા મેચ પર પકડ જમાવી લીધી હતી. જર્મની તરફથી ફ્રિડા બુહ્નરે એકવીસ પોઈન્ટ અને લુઈસા ગેઈસેલોડરે પોઈન્ટનું યોગદાન આપીને ટીમને ત્રિપ્પાસી વિરુદ્ધ અઠાવણના મોટા અંતરથી યાદગાર વિજય અપાવ્યો હતો. મેચ પૂરી થયા બાદ જર્મનીના ખેલાડીઓએ સ્ટેડિયમમાં પ્રશંસકો સાથે ખુશી વ્યક્ત કરી હતી અને મેદાન પર ચક્કર લગાવીને ચાહકોનો આભાર માન્યો હતો. જર્મનીના મુખ્ય પ્રશિક્ષકે જણાવ્યું હતું કે વિજય બાદ વધુ ઉજવણી કરવાનો સમય નથી કારણ કે આગામી મેચ માટે ખેલાડીઓએ ઝડપથી ફિટ થવાનું રહેશે અને દક્ષિણ કોરિયા સામે ટકરાવું પડશે.

**ફાઈનલ મુકાબલામાં દિવ્યાંશ જોશીની શાનદાર સદી**

**પૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાએ રિંકુને KKRના કેપ્ટન બનાવવા સલાહ આપી**

## સેન્ચુરી ફટકારી મેરઠને ટ્રોફી જીતાડનાર ટીમ ઈન્ડિયાના સ્ટારનું નામ KKRના કેપ્ટન તરીકે

(એજન્સી) લખનઉ । તા. 08

ઉત્તર પ્રદેશ T20 લીગમાં રિંકુ સિંહની કેપ્ટનશિપવાળી મેરઠ માવેરિક્સે શાનદાર પ્રદર્શન કરતા ચેમ્પિયન બનવાનું ગૌરવ કર્યું છે. આ ભવ્ય વિજય બાદ ભારતીય ટીમના સ્ટાર બેટર અને મેરઠના કેપ્ટન રિંકુ સિંહની ચર્ચા ચારેય બાજુ ફેલાઈ ગઈ છે. ફાઈનલ મેચમાં મેરઠે ભુવનેશ્વર કુમારની આગેવાનીવાળી લખનઉ ફાલ્કન્સને 94 રનના મોટા માર્જિનથી પરાજય આપ્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન મેરઠની ટીમનું પ્રદર્શન અત્યંત પ્રભાવશાળી રહ્યું હતું, જ્યાં તેમણે રમાયેલી 10માંથી 9 મેચમાં શાનદાર જીત મેળવી હતી. ફાઈનલ મુકાબલામાં ભલે કેપ્ટન રિંકુ સિંહનું બેટ શાંત રહ્યું હતું, પરંતુ ટીમના ઓપનર બેટર દિવ્યાંશ જોશીએ મેદાન પર ધમાકો મચાવ્યો હતો. દિવ્યાંશે માત્ર 40 બોલમાં 105 રનની ધાકડ સદી ફટકારીને ટીમને મજબૂત સ્થિતિમાં મૂકી દીધી હતી. દિવ્યાંશની આ વિસ્ફોટક બેટિંગના દમ પર મેરઠ માવેરિક્સે નિર્ધારિત 20 ઓવરમાં 203 રનનો વિશાળ સ્કોર ખડો કર્યો હતો. જવાબમાં 204 રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી લખનઉ ફાલ્કન્સની ટીમ મેરઠની ધારદાર બોલિંગ સામે ટકી શકી નહોતી અને માત્ર 16 ઓવરમાં 109 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ શાનદાર સફળતા બાદ ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સુરેશ રૈનાએ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ફ્રેન્ચાઈઝીને એક મહત્વની સલાહ આપી છે.



**એશિયા કપની રોમાંચક મેચમાં પાકિસ્તાને હોંગકોંગને પરાજય આપ્યો**

## મહિલા એશિયા કપમાં પાકિસ્તાને હોંગકોંગને હરાવી સેમિફાઈનલ સીટ મેળવી

(એજન્સી) લખનઉ । તા. 08



મહિલા એશિયા કપ ક્રિકેટ સ્પર્ધામાં સોમવારના રોજ રમાયેલા એક અત્યંત મહત્વપૂર્ણ અને નિર્ણાયક મુકાબલામાં પાકિસ્તાનની મહિલા ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરીને હોંગકોંગ સામે ચોગ્તેર રનથી શાનદાર વિજય મેળવ્યો હતો અને ટૂર્નામેન્ટની સેમિફાઈનલ રાઉન્ડમાં પોતાનું સ્થાન પાકું કરી લીધું હતું, જ્યાં આ વિજયની સાથે જ પાકિસ્તાની ટીમ બે જીત અને એક હાર સાથે ભારતની પાછળ ગ્રુપ એ માં બીજા સ્થાને રહી હતી અને આગામી અગિયાર સપ્ટેમ્બરના રોજ રમાનાર બીજા સેમિફાઈનલ મુકાબલામાં શ્રીલંકા સામે ટકરાશે. મેચની શરૂઆતમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ પાકિસ્તાનની ટીમે નિર્ધારિત ઓવરોમાં આઠ વિકેટના નુકસાને એકસો તેત્રીસ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. પાકિસ્તાન તરફથી બેટિંગ કરતા શવાલ ઝુલ્ફીકારે સૌથી વધુ સિસ્તાલીસ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જ્યારે બીજી બાજુ બોલિંગ વિભાગમાં વિરોધી ટીમની બોલરોએ પણ કસકસતી ઓવરો નાખી હતી જેમાં ઈન્ડોનેશિયા સામેની મેચની જેમ જ શાનદાર દેખાવ જોવા મળ્યો હતો. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી હોંગકોંગની ટીમની શરૂઆત અત્યંત નબળી રહી હતી અને તેમની બેટિંગ લાઈનઅપ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ હતી, જેના કારણે મેચ એકતરફી બની ગઈ હતી.

**બાસ્કેટબોલ** // **મિગ્ના ટૌરે ફટકાર્યા શાનદાર શૉટ, જાપાનનો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો**

# ફ્રાન્સ મહિલા બાસ્કેટબોલ ટીમનો નવો ઈતિહાસ રચાયો

(એજન્સી) બર્લિન । તા. 08

મહિલા બાસ્કેટબોલ વિશ્વ કપ સ્પર્ધામાં સોમવારના રોજ રમાયેલા એક અત્યંત રોમાંચક મુકાબલામાં ફ્રાન્સની મહિલા ટીમે નાઈજીરીયા સામે એકસો અગિયાર વિરુદ્ધ છપ્પન પોઈન્ટથી શાનદાર વિજય મેળવીને ટુર્નામેન્ટના ઈતિહાસમાં એક જ મેચમાં સૌથી વધુ બાવીસ થ્રી પોઈન્ટર શૉટ નોંધાવવાનો નવો અને અદભૂત વિક્રમ સ્થાપિત કર્યો છે.

મેચ દરમિયાન ફ્રાન્સની ખેલાડી મિગ્ના ટૌરે મેચ પૂરી થવામાં પાંચ મિનિટ અને પિસ્તાલીસ સેકેન્ડ બાકી હતી ત્યારે પોતાનો એકિસસમો થ્રી પોઈન્ટર શૉટ ફટકારીને માત્ર ત્રણ દિવસ અગાઉ જાપાનની ટીમ દ્વારા વીસ શૉટનો બનાવવામાં આવેલો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. ત્યારબાદ ડોમિનિક મલોંગાએ વધુ એક શૉટ નોંધાવીને આ આંકડાને બાવીસ સુધી પહોંચાડી દીધો હતો. ગેબી વિલિયમ્સે પચ્ચીસ પોઈન્ટ અને છ રિબાઉન્ડ સાથે ટીમનું ઉત્તમ નેતૃત્વ કર્યું હતું, જેના કારણે ઓલિમ્પિક ફાઈનલ રમનારી આ ટીમ



પહેલેથી જ ક્વાર્ટર ફાઈનલ માટે સુરક્ષિત થઈ ચૂકી હતી. નાઈજીરીયાની ટીમ સામે શરૂઆતથી જ ફ્રાન્સનું વર્ચસ્વ જોવા મળ્યું હતું અને સમગ્ર મેચ દરમિયાન ખેલાડીઓએ પોતાના આક્રમક રમતથી દર્શકોના દિલ જીતી લીધા હતા.

ગ્રુપ બી ની અન્ય એક મહત્વપૂર્ણ મેચમાં હંગેરીએ દક્ષિણ કોરિયાને બ્યાસી વિરુદ્ધ ચોંતેર પોઈન્ટથી હરાવીને ગ્રુપમાં બીજું સ્થાન મેળવ્યું હતું. જ્યારે બીજી તરફ એમા મીસેમેનના બાવીસ પોઈન્ટ અને દસ રિબાઉન્ડની તાકાત પર બેલ્જિયમની ટીમે ઓસ્ટ્રેલિયાને એંસી વિરુદ્ધ અડસઠ પોઈન્ટથી પરાજય આપીને ગ્રુપ સી માં પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને સીધી ક્વાર્ટર ફાઈનલની ટિકિટ મેળવી લીધી હતી. યુરોપિયન ચેમ્પિયન ટીમ હવે ગુરુવાર સુધી આરામ કરશે જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમને બુધવારે ક્વોલિફાઈંગ પ્લેઓફ મેચ રમવી પડશે. મેચ દરમિયાન બેલ્જિયમના સમર્થકોએ સ્ટેડિયમમાં બેસીને પોતાની ટીમના ઉત્સાહમાં સતત વધારો કર્યો હતો અને રાષ્ટ્રધ્વજ લહેરાવીને વિજયના નારા લગાવ્યા હતા.

દિવસની અન્ય મેચોમાં પ્યુર્ટો રિકોએ ટર્કીને પંચોતેર વિરુદ્ધ એક્યોતેર પોઈન્ટથી હરાવીને શાનદાર વાપસી કરી હતી. અરેલા ગિરાન્ટેસના એકવીસ પોઈન્ટની મદદથી પ્યુર્ટો રિકોની ટીમે અંતિમ ક્વાર્ટરમાં સાત પોઈન્ટની સરસાઈ કાપીને અદભૂત વિજય મેળવ્યો હતો. ઈમાની મેગી-સ્ટેફોર્ડ અને પામેલા રોસાદોના સતત થ્રી પોઈન્ટર શૉટની મદદથી ટીમે લીડ મેળવીને મેચ પોતાના પક્ષમાં કરી હતી.

**નેશનલ ફિલ્મ એવોર્ડ્સ એકતાનગર ખાતે યોજાશે**

# ગુજરાતમાં યોજાશે નેશનલ ફિલ્મ એવોર્ડ્સનો ભવ્ય સમારોહ

(એજન્સી) એકતાનગર । તા. 08



ભારતીય સિનેમાના ઈતિહાસમાં પ્રથમવાર રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની પરંપરાને પાછળ છોડીને ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન ગુજરાતની પવિત્ર ધરતી પર કરવામાં આવી રહ્યું છે, જ્યાં આગામી સપ્ટેમ્બર મહિનાની બાવીસમી તારીખે નર્મદા નદીના કિનારે આવેલા વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આ અદભૂત અને ભવ્ય મહોત્સવ યોજાનાર છે, જેમાં દેશભરના અગ્રણી કલાકારો અને ચલચિત્ર નિર્માતાઓ ઉપસ્થિત રહીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અમૂલ્ય હસ્તે પોતાના સન્માન મેળવશે.

દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આ પુરસ્કારો આપવાની દાયકાઓ જૂની પરંપરામાં આ વખતે મોટો અને ઐતિહાસિક બદલાવ લાવવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ વખતે ગુજરાતના એકતાનગરને આ પ્રતિષ્ઠિત સમારોહ માટે સર્વસંમતિથી પસંદ કરવામાં આવ્યું છે. આ મોટા નિર્ણયથી માત્ર ગુજરાતના નાગરિકો જ નહીં પરંતુ સમગ્ર દેશના કલા જગતમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના સાનિધ્યમાં યોજાનારા આ ભવ્ય સમારોહથી રાજ્યના પર્યટનને પણ ખૂબ જ નવું બળ મળશે અને વૈશ્વિક સ્તરે આપણા ગુજરાતની છબી વધુ ઉજ્જવળ બનશે. આ વર્ષના પ્રતિષ્ઠિત પુરસ્કારોની જાહેરાત અગાઉ જ કરી દેવામાં આવી છે, જેમાં અનેક શાનદાર ફિલ્મોએ શાનદાર સફળતા મેળવી છે. શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે આર્ટિકલ ૩૭૦ પસંદ કરવામાં આવી છે, જ્યારે શ્રેષ્ઠ અભિનેત્રીનો માનવંતા ખિતાબ લોકપ્રિય અભિનેત્રી યામી ગૌતમને ફાળે ગયો છે.

## ઓઈલ અને ગેસના ભાવ ક્રેશ થશે! : આર્થિક સંકટ વચ્ચે ઈરાને ઇંધણના ભાવ બમણા કર્યા

# US-ઈરાન સંઘર્ષ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પની મોટી ભવિષ્યવાણી

(એજન્સી) વાશિંગ્ટન । તા. 08

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવના કારણે મિડલ ઈસ્ટમાં સ્થિતિ સતત વણસી રહી છે, જેની સીધી અને નકારાત્મક અસર આંતરરાષ્ટ્રીય બજાર પર જોવા મળી રહી છે. ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવ સતત ઉપર જઈ રહ્યા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે મોંઘવારી વધવાનું મોટું જોખમ ઊભું થયું છે. વર્તમાન સમયમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત 97 ડૉલરને વટાવી ગઈ છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર દાવો કર્યો છે કે ઈરાન સામે અમેરિકાની જીત બાદ ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવમાં મોટો ઘટાડો નોંધાશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ‘ટ્રુથ સોશિયલ’ પર પોસ્ટ શેર કરીને વધતી ઊર્જાની કિંમતોને મિડલ ઈસ્ટના સંઘર્ષ સાથે જોડી છે. તેમણે દાવો કર્યો છે કે ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકાનો વિજય થયા બાદ બજાર



ફરીથી સ્થિર થઈ જશે. ટ્રમ્પે લખ્યું છે કે યુદ્ધ જીત્યા પછી ઓઈલની કિંમતો ઝડપથી નીચે આવશે અને ગેસની કિંમત ઘટીને 3 ડૉલર પ્રતિ ગેલન તથા અંતે 2 ડૉલર પ્રતિ ગેલનથી પણ નીચે આવી જશે. આ સાથે તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે ઈરાનને ક્યારેય પણ પરમાણુ હથિયાર વિકસાવવા દેવામાં આવશે નહીં.

વર્તમાન આંકડાઓ મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ 97.55 ડૉલર પ્રતિ બેરલ અને વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડ આશરે 93 ડૉલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું છે. આ ઉપરાંત મરબાન ક્રૂડ પણ 3.40 ટકાના ઉછાળા સાથે 107 ડૉલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગયું છે. બીજી તરફ, અમેરિકા સાથે ચાલી રહેલા સંઘર્ષ અને આર્થિક મુશ્કેલીઓના કારણે ઈરાને પોતાના સૌથી મોટા ગેસ ગ્રાહકો માટે કિંમતોમાં વધારો કરી દીધો છે. નવા નિયમ અનુસાર માસિક ક્વોટાથી વધુ ઈંધણ ખરીદનાર ગ્રાહકોએ પ્રતિ લીટર 1,00,000 રિયાલ ચૂકવવા પડશે, જે અગાઉની સરખામણીએ બમણી રકમ છે. વૈશ્વિક બજારમાં આ ઉથલપાથલ વચ્ચે આગામી દિવસોમાં ઊર્જા ક્ષેત્રની સ્થિતિ પર સૌની નજર રહેશે.

## 9/11 હુમલાના 25 વર્ષ પછી મોટો ઘટસ્ફોટ

# શંકાસ્પદ ઓમર અલ-બાયોમીનું સાઉદી કનેક્શન ખુલ્યું



(એજન્સી) વાશિંગ્ટન । તા. 08

અમેરિકા પર ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ થયેલા ભીષણ આતંકવાદી હુમલાને ૨૫ વર્ષ વીતી ચૂક્યા છે, પરંતુ આ કાવતરાના એવા ચોંકાવનારા રહસ્યો હવે સામે આવી રહ્યા છે જેણે તપાસ એજન્સીઓની કામગીરી પર ગંભીર સવાલો ખડા કર્યા છે. બીબીસીની એક વિશેષ તપાસમાં અગાઉ ક્યારેય ન જોવાયેલા વીડિયો ફૂટેજ સામે આવ્યા છે, જે દર્શાવે છે કે 9/11 હુમલાખોરો સાથે જોડાયેલો શંકાસ્પદ ઓમર અલ-બાયોમી સાઉદી સરકારના અધિકારીઓ સાથે ગાઢ સંપર્કમાં હતો અને તે અલ-કાયદાના ભાવી લીડર અનવર અલ-અવલાકી સાથે પેઈન્ટબોલ રમતો પણ જોવા મળ્યો હતો.

આ ફૂટેજ, જે 2001ના હુમલાના ગણતરીના દિવસોમાં જ એફબીઆઈ (FBI) ના હાથમાં આવી ગયા હતા, તે હવે 9/11ના પીડિત પરિવારો દ્વારા સાઉદી અરેબિયા સામે કરવામાં આવેલા 1 ટ્રિલિયન ડોલરના દાવાના પુરાવા તરીકે સાર્વજનિક થયા છે. પીડિત પરિવારોનો મુખ્ય આક્ષેપ છે કે બાયોમીએ હુમલો કરનારા ૧૯ હાઈજેકર્સમાંથી બે જણાને સીધી મદદ પહોંચાડી હતી. બીજી તરફ, સાઉદી અરેબિયાએ આ હુમલામાં પોતાની કોઈપણ પ્રકારની સંડોવણીનો સતત ઈનકાર કર્યો છે.

ઓમર અલ-બાયોમી ૧૯૯૪માં સાઉદી અરેબિયાથી અંગ્રેજીનો અભ્યાસ કરવાના બહાને સાન ડિએગો આવ્યો હતો, પરંતુ તેણે અભ્યાસ પડતો મૂકીને ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી હતી. ૧૯૯૭ અથવા ૧૯૯૮ના શૂટ થયેલા ફૂટેજમાં બાયોમી અને અવલાકી મિલિટરી અંદાજમાં પેઈન્ટબોલની લડાઈ લડતા જોવા મળે છે, જ્યાં કેટલાક સહભાગીઓ ‘જેહાદની તાલીમ’ લેતા હોવાની બાતમી એફબીઆઈને મળી હતી. હુમલા બાદ બર્મિંગહામ શિફ્ટ થઈ ગયેલા બાયોમીની મેટ્રોપોલિટન પોલીસે ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ ધરપકડ કરી હતી.

તલાશી દરમિયાન તેના મકાનમાંથી હજારો દસ્તાવેજો અને વીડિયો ટેપ મળી આવી હતી, જેમાં એક નોટબુકના પાના પર વિમાનનું ડ્રોઈંગ દોરેલું હતું અને ટાર્ગેટથી તેની ઊંચાઈ તેમજ અંતર સંબંધિત ગાણિતિક ગણતરીઓ લખેલી હતી. આ રેખાચિત્ર લંડનમાં હાજર એફબીઆઈ એજન્ટો સુધી પહોંચ્યું હતું, પરંતુ બાયોમીની પૂછપરછ કરી રહેલા બ્રિટિશ ડિટેક્ટિવ્સ કે સાન ડિએગોના તપાસકર્તાઓ સાથે આ પુરાવા શેર કરવામાં આવ્યા નહોતા. પાછળથી એક ફેડરલ જજે નોંધ્યું હતું કે આ દસ્તાવેજ પ્રાથમિક દ્રષ્ટિએ સાબિત કરે છે કે બાયોમી 9/11 હુમલાની પૂર્વ જાણકારી ધરાવતો હતો. હાલ આ ગંભીર ઘટસ્ફોટ બાદ એફબીઆઈ દ્વારા કોઈ પણ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

પેન્ટાગોન પર હુમલો કરનારા બે હાઈજેકર્સ–નવાફ અલ-હઝમી અને ખાલિદ અલ-મિહધારના એપાર્ટમેન્ટ રેન્ટલ એગ્રીમેન્ટ પર બાયોમીનું નામ સામે આવ્યા બાદ તે શરૂઆતથી જ FBIની રડારમાં હતો. હુમલા બાદ બર્મિંગહામ શિફ્ટ થઈ ગયેલા બાયોમીની મેટ્રોપોલિટન પોલીસે 21 સપ્ટેમ્બર 2001ના રોજ ધરપકડ કરી હતી. તેના મકાનની તલાશી દરમિયાન હજારો દસ્તાવેજો, તસવીરો અને ઓછામાં ઓછી 80 વિડીયો ટેપ મળી આવી હતી. આ સામગ્રીમાંથી એક નોટબુકનું પાનું મળ્યું હતું, જેમાં એક વિમાનનું ડ્રોઈંગ દોરેલું હતું અને ટાર્ગેટથી તેની ઊંચાઈ તેમજ અંતર સંબંધિત ગાણિતિક ગણતરીઓ લખેલી હતી. આ રેખાચિત્રની નકલો લંડનમાં હાજર FBI એજન્ટો સુધી પહોંચી હતી, પરંતુ બાયોમીની પૂછપરછ કરી રહેલા બ્રિટિશ ડિટેક્ટિવ્સને તેની જાણ સુધ્ધાં કરવામાં આવી નહોતી. એટલું જ નહીં, આ પુરાવા સાન ડિએગોના FBI તપાસકર્તાઓ કે 9/11 કમિશન સાથે પણ શેર કરવામાં આવ્યા નહોતા.

## ન્યૂઝ બ્રીફ

### મહિલા સ્ટાફને હટાવાતા ભારે વિરોધ, એફિલ ટાવર બંધ કરવો પડ્યો



પેરિસ | વિશ્વની સૌથી જાણીતી અને લોકપ્રિય ઐતિહાસિક ધરોહરોમાં સામેલ ફ્રાન્સના પેરિસ સ્થિત એફિલ ટાવર પર અચાનક વિરોધ પ્રદર્શન શરૂ થવાને કારણે તેને અસ્થાયી રૂપે બંધ રાખવો પડ્યો હતો. શનિવારે હિન્દુ ધાર્મિક સંગઠન BAPS સાથે જોડાયેલા આશરે ૧૦૦ લોકોના પ્રતિનિધિમંડળની ખાનગી મુલાકાત દરમિયાન મહિલા કર્મચારીઓને તેમના કામના સ્થળેથી હટાવી દેવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ પગલે સ્ટાફમાં ભારે રોષ ફેલાયો હતો અને સોમવારે સવારે કર્મચારીઓએ બેઠક બોલાવતા ટાવર સામાન્ય સમય કરતાં મોડો ખુલ્યો હતો. યુનિયનના પ્રતિનિધિ ડિયાન ડેવોઇને ન્યૂઝ એજન્સી રોઈટર્સ સાથે વાતચીતમાં આરોપ લગાવ્યો હતો કે જ્યારે BAPSનું પ્રતિનિધિમંડળ ત્યાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે મહિલા કર્મચારીઓને તેમની ફરજના સ્થળેથી હટી જવાનું કહેવામાં આવ્યું હતું જેથી તેમની જગ્યાએ પુરુષ કર્મચારીઓ ફરજ બજાવી શકે. આ સપ્તાહના અંતે કર્મચારીઓ વચ્ચે તણાવ સતત વધતો ગયો, જેના પરિણામે સોમવારે સવારે સ્ટાફે બેઠક યોજીને વિરોધ નોંધાવ્યો હતો.

### ચીન અરૂણાચલ પર ભારતીય સૈન્ય નહીં કુદરતના કારણે હુમલો નથી કરતું



નવી દિલ્હી | ચીનના લોકપ્રિય ઓનલાઈન મીડિયા પ્લેટફોર્મ ‘સોહુ’ પર પ્રકાશિત એક વિશ્લેષણાત્મક અહેવાલમાં એવા ચોંકાવનારા કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેના લીધે ચીન અરુણાચલ પ્રદેશ પર હુમલો કરવાનું ટાળી રહ્યું છે. આ અહેવાલમાં ચીની વિશ્લેષકોએ પણ સ્વીકાર્યું છે કે પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ભારતના અરુણાચલ પ્રદેશમાં કોઈ મોટું લશ્કરી જોખમ ખેડવાની સ્થિતિમાં નથી. જોકે, આ લેખ પાછળ ચીનનો કોઈ રાજદ્વારી પ્રોપગેન્ડા પણ હોઈ શકે છે, કારણ કે આ ખુલાસો એવા સમયે આવ્યો છે જ્યારે ચીનના પ્રીમિયર જિનપિંગ બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા ભારત આવવાની સંભાવના છે. ભારતીય લશ્કરના પૂર્વ અધિકારી અંશુમન નારંગે આ અહેવાલ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે ચીન હજી પણ સરહદ નજીક વિવાદાસ્પદ વિસ્તારોમાં કાયમી વસ્તીઓ અને મલ્ટી-ડાયમેન્શનલ રણનીતિક ઝોન તૈયાર કરી રહ્યું છે. અહેવાલમાં સૌથી મોટો સ્વીકાર એ કરવામાં આવ્યો છે કે અરુણાચલ પ્રદેશમાં ચીનનું વાસ્તવિક દુશ્મન ભારતીય લશ્કર નહીં પરંતુ ત્યાંની પ્રકૃતિ અને કુદરત છે. શિયાળાના સમયગાળામાં ચીન ત્યાં સતત પુરવઠો પહોંચાડવાની સ્થિતિમાં હોતું નથી.

## દિલ્હીમાં 11 થી 13 સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર BRICS શિખર સંમેલનમાં દ્વિપક્ષીય વેપાર અને ચાબહાર બંદર અંગે વિશેષ ચર્ચા થશે

# BRICS સમિટ પહેલાં ઈરાને ભારતને ગણાવ્યો જૂનો મિત્ર: ચાબહાર પોર્ટ અને વેપાર મુદ્દે થશે ચર્ચા

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક સ્તરે ચર્ચાના કેન્દ્રમાં રહેલા ઈરાને ભારત સાથેના પોતાના સંબંધો અંગે સ્પષ્ટ દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે. વિશ્વભરના ભારે રાજકીય દબાણ છતાં ભારતે ઈરાન સંકટ દરમિયાન તટસ્થ વલણ જાળવી રાખ્યું છે અને ક્યારેય ઈરાન વિરુદ્ધ નકારાત્મક નિવેદન આપ્યું નથી. તાજેતરમાં જ કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક ખાતે યોજાયેલી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન વચ્ચે મહત્ત્વપૂર્ણ મુલાકાત થઈ હતી. આ બેઠક બાદ ઈરાનના વિદેશ મંત્રાલયે ભારતને પોતાનો જૂનો અને વિશ્વસનીય મિત્ર ગણાવ્યો છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગેઈએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભારત અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ગાઢ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. ઈરાન ભારત સાથેના સંબંધોને સર્વોચ્ચ મહત્ત્વ આપે છે અને વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ સતત વધી રહ્યો છે. આગામી સમયમાં દિલ્હી ખાતે યોજાનારી BRICS સમિટમાં ભાગ લેવા માટે ઈરાનનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ ભારત આવવાનું છે.

દિલ્હીમાં આગામી ૧૧ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી ૧૮મી BRICS શિખર સંમેલનની અધ્યક્ષતા ભારત કરી રહ્યું છે. આ સમિટ દરમિયાન ભારત અને ઈરાન વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોને નવી દિશા મળવાની પૂરી સંભાવના છે. બંને દેશો વચ્ચે ખાસ કરીને વેપાર, આર્થિક ભાગીદારી અને વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સ પર ચર્ચા થશે. આ ચર્ચામાં ‘ચાબહાર બંદર’ પ્રોજેક્ટ સૌથી મોટો કેન્દ્રબિંદુ બનશે. ચાબહાર પોર્ટ દ્વારા ભારત મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સુધી સરળતાથી દરિયાઈ માર્ગે પહોંચ બનાવી રહ્યું છે, જે પાકિસ્તાન અને ચીનના ગ્વાદર પ્રોજેક્ટ સામે એક મોટો વિકલ્પ સાબિત થઈ રહ્યો છે.

બીજી તરફ, અમેરિકા અને તેના સહયોગી દેશોની નજર ભારત અને ઈરાનના આ વધતા સંકલન પર રહેલી છે. અમેરિકાએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે અને



અન્ય દેશોને તેની સાથેના વ્યાપારી સંબંધો અંગે ચેતવણી આપી છે. તેમ છતાં, ભારત પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ અંતર્ગત પ્રાદેશિક સ્થિરતા અને આર્થિક હિતોને પ્રાધાન્ય આપીને આગળ વધી રહ્યું છે, ત્યારે BRICS સમિટ દરમિયાન બંને દેશો વચ્ચેના નિર્ણયો પર આખી દુનિયાની નજર રહેશે.

ઈરાને ભારત સાથેના સંબંધોને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાવ્યા છે. PM મોદી અને ઈરાનના પ્રમુખ પેઝેશ્કિયન વચ્ચે કિર્ગિસ્તાનમાં SCO સમિટ દરમિયાન મુલાકાત થઈ હતી. ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારત સાથેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો ગાઢ છે. 11થી 13 સપ્ટેમ્બર દરમિયાન દિલ્હીમાં BRICS સમિટમાં બંને દેશો વચ્ચે વેપાર અને આર્થિક સહયોગ અંગે ચર્ચા થશે. ચાબહાર બંદર પ્રોજેક્ટ પણ ચર્ચાનો મુખ્ય મુદ્દો બનશે.

India-Iran Relations: છેલ્લાં 8 મહિનાથી યુદ્ધની આગમાં હોમાઈ રહેલું ઈરાન હવે ભારત સાથેના પોતાના સંબંધો અંગે પોતાનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ કરી રહ્યું છે. વિશ્વભરના ભારે દબાણ છતાં ભારતે ઈરાન યુદ્ધ દરમિયાન તટસ્થ વલણ જાળવી રાખ્યું છે અને ઈરાન સામે ક્યારેય પણ નકારાત્મક નિવેદન આપ્યું નથી. હવે ઈરાને ભારત સાથેના પોતાના સંબંધોની પ્રશંસા કરતાં જણાવ્યું છે કે, તે ભારત સાથેના સંબંધોને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માને છે. નોંધનીય છે કે, ઈરાનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે તાજેતરમાં જ પીએમ મોદી અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન વચ્ચે મુલાકાત થઈ હતી. બંને નેતાઓ વચ્ચે 31 ઓગસ્ટે કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન આ બેઠક યોજાઈ હતી.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગેઈએ સોમવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભારત અને ઈરાનના સંબંધો પર ખુલીને વાત કરી હતી. તેમણે કહ્યું કે, ’બંને દેશો વચ્ચે લાંબા સમયથી ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. ઈરાન ભારત સાથેના સંબંધોને ખૂબ મહત્ત્વ આપે છે અને બંને દેશો વચ્ચે અનેક ક્ષેત્રોમાં સહયોગ સતત વધી રહ્યો છે.’

# યુએસમાં કારમી મોંઘવારી, લેબર ડેએ ગેસોલિનના ભાવ પ્રતિ ગેલન 4.14 ડોલર

(એજન્સી) વાશિંગ્ટન । તા. 08

અમેરિકામાં આ વખતના લેબર ડે પર નાગરિકોને મોંઘવારીનો મોટો ઝટકો સહન કરવો પડ્યો છે. ગયા વર્ષના લેબર ડેની તુલનાએ આ વખતે ટેન્ક ફુલ કરાવવી વધુ અઘરી બની ગઈ છે, કારણ કે આ વર્ષે ગેસોલિનના ભાવમાં પ્રતિ ગેલન એક ડોલરનો વધારો જોવા મળ્યો છે. ગેસોલિનના ભાવ પ્રતિ ગેલન ૪.૧૪ ડોલર પર પહોંચી જવાના લીધે અનેક અમેરિકનોએ પોતાની ટ્રિપ રદ કરવાની ફરજ પડી છે. આ સ્થિતિ સ્પષ્ટ દર્શાવે છે કે ઈરાન યુદ્ધ અને મિડલ ઈસ્ટની અશાંતિની અસરથી અમેરિકા પણ બાકાત રહી શક્યું નથી.

ટેક્સાસ ક્રિશ્ચન યુનિવર્સિટીના એનર્જી ફાઈનાન્સ પ્રોફેસર ટોમ સેંગેના જણાવ્યા અનુસાર આ તમામ પરિસ્થિતિ પાછળ ઈરાન યુદ્ધ અને હોર્મુઝની બંધ ખાડી જવાબદાર છે. બીજી તરફ, ઊર્જાસચિવ ક્રિસ રાઈટે જણાવ્યું છે કે વર્તમાન ભાવ ગયા વર્ષની સરખામણીએ ઊંચા જરૂર છે, પરંતુ સરકાર તેને ઘટાડવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. રાહતની વાત માત્ર એટલી છે કે જૂન ૨૦૨૨માં જોવા મળેલા પ્રતિ ગેલન ૫.૦૨ ડોલરના રેકોર્ડ ભાવ કરતા આ કિંમત હજુ ઓછી છે. જો કે ડીઝલના મોરચે સ્થિતિ વધુ ગંભીર છે અને તેનો ભાવ પ્રતિ ગેલન ૬ ડોલરની નજીક એટલે કે ૫.૯૦ ડોલર સુધી પહોંચી ગયો છે. અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યા પછી વૈશ્વિક બજારમાં ઈંધણના ભાવ સતત ઊંચા રહ્યા છે. આ મોંઘવારીના કારણે ગાડીઓમાં વીકેન્ડ ટ્રિપ કરવા માટે ટેવાયેલા અમેરિકનોના ખિસ્સા પર ભારે બોજ પડ્યો છે અને તેમને મોજશોખના ખર્ચમાં કાપ મૂકવો પડ્યો છે. આ તરફ, યુનાઈટેડ આરબ અમીરાતે (UAE) હોર્મુઝ અંગે આકરું વલણ અપનાવતા જણાવ્યું છે કે હોર્મુઝની માલિકી કોઈ એક દેશની હોઈ શકે નહીં અને તે ઈરાનના એકલા નિયંત્રણને ક્યારેય સ્વીકારશે નહીં.

# મિયામી એરપોર્ટ પર એમેઝોનનું કાર્ગો પ્લેન ક્રેશ : પાંચ લોકોનાં મોત, FAA-NTSB દ્વારા ઘટનાની તપાસ શરૂ

(એજન્સી) વાશિંગ્ટન । તા. 08

અમેરિકાના ફ્લોરિડા સ્થિત મિયામી એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં એમેઝોન પ્રાઈમ એરનું એક કાર્ગો વિમાન લેન્ડિંગ વખતે રનવેથી આગળ નીકળીને ક્રેશ થઈ ગયું હતું. આ ભયાનક અકસ્માતમાં 5 લોકોના મોત થયા છે. દુર્ઘટના બાદ ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. અત્યંત વ્યસ્ત રહેતા મિયામી એરપોર્ટ પર આ દુર્ઘટનાને કારણે વિમાન વ્યવહાર સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયો હતો અને 250થી વધુ ફ્લાઈટોના સંચાલનમાં ભારે વિલંબ થયો હતો.

ઘટનાની વિગતો મુજબ, એમેઝોન પ્રાઈમ એરની કાર્ગો




ફ્લાઈટ મિયામી એરપોર્ટ પર લેન્ડ કરી રહી હતી ત્યારે તે અચાનક રનવેની મર્યાદા વટાવીને આગળ નીકળી ગઈ અને ક્રેશ થઈ ગઈ હતી. આ દરમિયાન વિમાને રનવે આસપાસની અનેક કારોને પણ ટક્કર મારી હતી. અકસ્માત બાદ એરપોર્ટ પર તમામ રનવે અને ટેક્સીવે અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યા હતા અને ગ્રાઉન્ડ સ્ટોપ અમલમાં મૂકવામાં આવ્યો હતો. મિયામી ડેડ ફાયર રેસ્ક્યુના ૬૦થી વધુ યુનિટ્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને લાંબી જહેમત બાદ આગ તથા ઓઈલ લીકેજ પર કાબૂ મેળવ્યો હતો.

આ ગંભીર દુર્ઘટના બાદ અમેરિકન ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ જણાવ્યું છે કે તે સમગ્ર ઘટનાની સઘન તપાસ કરી રહ્યું છે. આ ઉપરાંત નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) દ્વારા પણ મિયામીમાં વિશેષ તપાસ ટીમ મોકલવાની જાહેરાત કરવામાં આવી છે, જેથી વિમાન શા માટે રનવેથી આગળ નીકળી ગયું તેના મૂળ કારણો જાણી શકાય. એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર ફ્લાઈટ્સના સંચાલનને ફરીથી પટરી પર લાવવાના પ્રયાસો ચાલુ છે.

## સ્પેશ | પૃથ્વી પર વધતી ઊર્જા કટોકટી અને જમીનની અછતના ઉકેલરૂપે મસ્કે આ પ્લાન વિચાર્યો છે

# સ્પેસમાં ડેટા સેન્ટર બનાવવાની ઈલોન મસ્કની તૈયારી

(એજન્સી) વાશિંગ્ટન । તા. 08

દુનિયાના સૌથી ધનવાન ઉદ્યોગપતિ ઈલોન મસ્ક હવે અંતરીક્ષમાં ડેટા સેન્ટર બનાવવાનું મોટું સપનું જોઈ રહ્યા છે. એટલું જ નહીં, તેમણે ૨૦૨૭ના અંત સુધીમાં આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ લોન્ચ કરવાનો ટાર્ગેટ પણ નિર્ધારિત કર્યો છે. પૃથ્વી પર ડેટા સેન્ટર્સ માટે વધતી જતી જમીન અને વીજળીની અછતના ઉકેલ તરીકે મસ્ક સ્પેસમાં આ સુવિધા ઊભી કરવા માગે છે. જોકે, મસ્કના આ આઈડિયાને વર્તમાન ટેકનોલોજી નિષ્ણાતો માત્ર એક ‘તુક્કો’ ગણાવી રહ્યા છે. તેમના મતે હજુ આવી ટેકનોલોજી વિકસવામાં ઓછામાં ઓછો એક દશકો લાગશે અને સ્પેસમાં ડેટા સેન્ટર બનાવવા સામે અનેક મોટા પડકારો મોઢાવીને ઉભા છે.

ઈલોન મસ્કના જણાવ્યા મુજબ, એઆઈ (AI) ટેકનોલોજીના ઉદય પછી દુનિયાભરમાં ડેટા સેન્ટર્સની ડિમાન્ડ અતિશય વધી ગઈ છે અને ભવિષ્યમાં તે વધુ વધવાની છે. પૃથ્વી પર ડેટા સેન્ટર્સ પાછળ હાઈ પાવર ઈલેક્ટ્રિસિટી વપરાય છે, કૂલિંગ માટે મોટા પ્રમાણમાં



પાણી જોઈએ છે અને માતબર જમીનની આવશ્યકતા રહે છે, જેના કારણે તેનો વિરોધ પણ વધી રહ્યો છે. જો સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવામાં આવે તો ઊર્જા કટોકટી નિવારી શકાય અને જમીનની જરૂરિયાત પણ રહે નહીં. આ હેતુસર મસ્ક સ્પેસએક્સ અને સ્ટારલિંક કંપનીઓની મદદથી ૨૦૨૭માં આ પ્રોજેક્ટ સાકાર કરવા સક્રિય થયા છે.

મસ્કના આ પ્રોજેક્ટ સામે વૈજ્ઞાનિકો અને ટેકનોલોજી નિષ્ણાતોએ અનેક ગંભીર સવાલો ખડા કર્યા છે. નિષ્ણાતો માને છે કે આ પ્રોજેક્ટ સમય કરતાં એક દશકો વહેલો વિચારેલો છે કારણ કે આપણી વર્તમાન ટેકનોલોજી હજુ સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા માટે સક્ષમ નથી. ઓપનએઆઈના સહસ્થાપક સેમ ઓલ્ટમેન પણ તેને માત્ર એક તુક્કો માને છે. જ્યારે ઓર્બિટલ ગેટવેના સ્થાપક બ્લેઈન કર્સિયોના મતે હાલની સ્થિતિમાં આ એક નાકામ અસાઈનમેન્ટ સાબિત થઈ શકે છે.

અવકાશમાં ડેટા સેન્ટર્સ સ્થાપવા પાછળના મુખ્ય અવરોધોમાં કૂલિંગ (ઠંડક) ની યોગ્ય વ્યવસ્થા કરવી અત્યારે લગભગ અશક્ય સમાન છે. આ ઉપરાંત સ્પેસની ડસ્ટ (ધૂળ), સૂર્યની પ્રચંડ ગરમી, હીટ રેડિયેશન તેમજ ઉલ્કાપિંડ જેવા જોખમી ફેક્ટર્સ ડેટા સેન્ટર્સને કેવી અને કેટલી અસર કરશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી. પૃથ્વીની બહાર આ ટેકનોલોજીને વ્યવહારુ બનાવવા માટે હજુ અનેક નવી વૈજ્ઞાનિક શોધો થવી અનિવાર્ય છે.

# યુક્રેન એડલ્ટ કન્ટેન્ટમાંથી નફો કરીને યુદ્ધ માટે 30,000 ડ્રોન ખરીદશે

(એજન્સી) કીવ । તા. 08

રશિયા સામે પોતાના અસ્તિત્વની લડાઈ લડી રહેલા યુક્રેનને શસ્ત્રો અને નાણાંની અત્યંત આવશ્યકતા છે. આ યુદ્ધ માટે નાણાં એકત્ર કરવા યુક્રેન એકદમ અનોખો અને ચર્ચાસ્પદ રસ્તો અપનાવવાની તૈયારી કરી રહ્યું છે. યુક્રેનમાં હાલમાં એડલ્ટ કન્ટેન્ટ (પુખ્ત મનોરંજન) બનાવવું અને જોવું કાયદેસર રીતે ગેરકાયદેસર છે, પરંતુ હવે ત્યાંની સરકાર સમક્ષ આ ઉદ્યોગને કાયદેસર બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ કન્ટેન્ટ પર ટેક્સ વસૂલવામાં આવે અને તેમાંથી મળતી કમાણીનો ઉપયોગ સીધો રશિયા સામેના યુદ્ધમાં ડ્રોન ખરીદવા માટે કરવામાં આવે તેવી યોજના છે.

‘ધ વોલ સ્ટ્રીટ જર્નલ’ના અહેવાલ મુજબ, યુક્રેનની સંસદની નાણાકીય સમિતિના અધ્યક્ષ અને સાંસદ યારોસ્લાવ ઝેલેઝનિયાકે આ માટે એક વિશેષ બિલ રજૂ કર્યું છે. તેમનો અંદાજ છે કે એડલ્ટ ઈન્ડસ્ટ્રીને કાયદેસર કરવાથી સરકારને દર વર્ષે લગભગ $25 મિલિયનનો ટેક્સ મળી શકે છે. આટલી રકમથી યુક્રેનની સેના માટે અંદાજે 30,000 ડ્રોન ખરીદી શકાય છે, જે રશિયા સામેના મોરચે અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે.

હાલમાં યુક્રેનમાં એડલ્ટ કન્ટેન્ટ બનાવવું અથવા પોતાની પાસે રાખવું ગેરકાયદેસર છે અને તેના માટે સાત વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે. કડક કાયદો હોવા છતાં આ વ્યવસાય ચાલી રહ્યો છે. સમસ્યા ત્યારે વધુ વણસી જ્યારે ટેક્સ વિભાગે આ કન્ટેન્ટ બનાવનારાઓ પાસેથી ટેક્સ વસૂલવાનું શરૂ કર્યું. એક વિચિત્ર સ્થિતિ એ સર્જાઈ કે જો કોઈ ક્રિએટર પ્રામાણિકપણે ટેક્સ ભરે તો પણ તે એડલ્ટ કન્ટેન્ટ બનાવવાના ગુના હેઠળ કાનૂની કાર્યવાહીનો ભોગ બની શકે છે.

## રોજીરોટીની શોધ બની મોતની મુસાફરી કાળ બની

# હાઈવે પર ટ્રકની ટક્કરમાં બોલેરો પડીકું થઈ ગઈ, 6લોકોના ઘટનાસ્થળે જ મોત

(એજન્સી) નવી દિલ્હી | તા 08

મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશના ગોંદિયા-બાલાઘાટ હાઈવે પર નાગરા ગામ પાસે ટ્રકે બોલેરોને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો. તેલંગાણા જતા મજૂર પરિવારના 3 વર્ષના બાળક સહિત 6 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે 7 ગંભીર રીતે ઘાયલ થયા. પોલીસે ટ્રકચાલક મોહસિન ખાન (ઉંમર 32) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશને જોડતા ગોંદિયા-બાલાઘાટ સ્ટેટ હાઈવે પર સોમવારે મોડી રાત્રે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. ગોંદિયા ગ્રામીણ પોલીસ સ્ટેશન હેઠળ આવતા નાગરા ગામ પાસે એક અનિયંત્રિત અને પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે સામેથી મજૂરોથી ભરેલી બોલેરો કારને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બોલેરોનો



કચડઘાણ નીકળી ગયો હતો અને ઘટનાસ્થળે જ 3 વર્ષના બાળકના મોત સાથે કુલ 6 લોકોએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે 7 લોકો ગંભીર રીતે ઘવાયા હતા. મધ્ય પ્રદેશના બાલાઘાટ જિલ્લાની કિરનાપુર અને લાંજી તહસીલના વિવિધ ગામોના મજૂરો પોતાના પરિવાર સાથે મજૂરીકામ માટે બોલેરો ગાડી (MP-15 T 3495)માં સવાર થઈને તેલંગાણા (હૈદરાબાદ) જવા નીકળ્યા હતા. રાત્રે આશરે 11:30 વાગ્યે ગોંદિયા શહેરથી 5 કિલોમીટર દૂર નાગરા ગામ પાસે પહોંચતા જ સામેથી બેદરકારીપૂર્વક આવી રહેલા ટ્રકે (MH-35 AJ-2547) બોલેરોને સામેથી ટક્કર મારી દીધી હતી. અકસ્માતનો અવાજ સાંભળીને સ્થાનિક લોકો અને વાહનચાલકો દોડી આવ્યા હતા. બોલેરોમાં ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે ગેસ કટરનો ઉપયોગ કરવો પડ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્તોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ડોક્ટરોએ 6 લોકોને મૃત જાહેર કર્યા હતા.

આ ગંભીર અકસ્માત અંગે ઈજાગ્રસ્ત રાજેન્દ્ર શિવચરણ પંધારેના નિવેદનના આધારે ગોંદિયા ગ્રામીણ પોલીસે ટ્રક ચાલક મોહસિન ખાન (ઉંમર 32 વર્ષ, નિવાસી ગોંદિયા) સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023 અને મોટર વહીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

## ખાંડના ભાવ વધતા તહેવારો પહેલાં મીઠાઈઓ મોંઘી થવાની આશંકા

નવી દિલ્હી : ખાંડ અને ગોળના ભાવમાં ૨.૭ ટકાના દરે છેલ્લાં ત્રણ-ચાર મહિનામાં વધારો થતાં મીઠાઈઓ, ચોકલેટ્સ સહિત ખાંડ-ગોળમાંથી બનતી પ્રોડક્ટ્સ મોંઘી થઈ ગઈ છે. ગણેશ ચતુર્થીના લાડુથી લઈને નવરાત્રિ અને દિવાળીની મીઠાઈઓ મોંઘી પડશે. તહેવારો પહેલાં દેશમાં મીઠાઈઓના ભાવમાં ૬-૭ ટકાનો વધારો ઝીંકાય તેવી શક્યતા છે. મીઠાઈ, ચોકલેટ્સ, બિસ્કિટ જેવી પ્રોડક્ટ આગામી મહિનાઓમાં મોંઘી થઈ જાય તેવી ભીતિ છે. ખાંડના ભાવ વધતાં સરવાળે લોકોના તહેવારો મોંઘા થશે. ગરીબ અને મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ જશે. ખાંડના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં હજુય કિલોનો ભાવ ૬૨ રૂપિયા હોવાથી આ સ્થિતિ આવી છે.કન્ઝ્યૂમર મંત્રાલયના આંકડાં પ્રમાણે જુલાઈમાં રિટેઈલ ખાંડનો કિલોનો ભાવ ૪૭ રૂપિયા હતો. મહિનાના અંતે ૪૮.૧૮ રૂપિયા સુધી પહોંચ્યો હતો. તે પછી દર મહિને ખાંડના ભાવમાં સરેરાશ ૨.૭ ટકાના દરે વધારો થતો રહ્યો છે. ખાંડના ભાવ ૭૦ સુધી પહોંચી ગયા પછી હવે ૩.૮૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

## News Brief

### વિયેનાની ગલીઓમાં જ્યારે રાજાની જેમ નીકળ્યા શશી થરૂર



નવી દિલ્હી : કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે વિયેનામાં ઓણમની ઉજવણી કરી. તેમણે ઉજવણીના ફોટા અને વીડિયો શેર કર્યા અને લોકો તેમની શૈલીની ખરેખર પ્રશંસા કરી રહ્યા છે.કોંગ્રેસના સાંસદ શશી થરૂરે તાજેતરમાં વિયેનામાં 'પ્રોસી' નામના મલયાલી રેસ્ટોરન્ટની મુલાકાત લીધી હતી અને સ્થાનિક મલયાલી સમુદાય સાથે ઓણમની ઉજવણી કરી હતી. તેમણે આ કાર્યક્રમના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. આ પ્રસંગે, કોંગ્રેસના સાંસદ પરંપરાગત પોશાક પહેરેલા જોવા મળ્યા હતા જે પોશાક તેમણે ઉધાર લીધો હતો. થરૂરે સોશિયલ મીડિયા પર ઉજવણીની ઝલક શેર કરી હતી, જેમાં વિયેનામાં તેમના સમય અને ત્યાંના સમુદાય સાથેની તેમની વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે મજાકમાં એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે તેમણે એ વાત તરફ ધ્યાન દોરવાનું ટાળ્યું હતું કે કેરળ અને ભારતના અન્ય ભાગોમાં ઓણમની ઉજવણી દસ દિવસ કરતાં વધુ સમય પહેલા પૂર્ણ થઈ ગઈ હતી. ફોટા શેર કરતા, શશી થરૂરે લખ્યું હતું કે તેઓ સપ્તાહના અંતે ઓણમની ઉજવણી કરવા માટે વિયેનામાં મલયાલીઓ દ્વારા સંચાલિત 'પ્રોસી' રેસ્ટોરન્ટની મુલાકાત લીધી હતી (જોકે થોડી મોડી). તેમણે આ પ્રસંગ માટે પરંપરાગત કપડાં ઉધાર લીધા હતા અને મેળાવડાને સંબોધિત કરી હતી, જેમાં નોંધપાત્ર સંખ્યામાં જિજ્ઞાસુ ઓસ્ટ્રિયન લોકો સામેલ હતા.

### રાજકીય જગતમાં કયા નેતા છે નીતિન ગડકરીને ફેવરીટ? પોતે જ કર્યો ખુલાસો



નવી દિલ્હી : કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી હંમેશા સ્પષ્ટ અને ખૂલીને વાત કરનારા નેતા છે. ત્યારે આ વખતે તેમણે રાજકારણને લઈને પણ સ્પષ્ટતાથી વાત કરી છે. ત્યારે આ વખતે તેમણે એવા બે નેતાના નામ આપ્યા છે જેમના પ્રત્યે તેમને ખાસ માન છે. કેન્દ્રીયમંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે બે નેતાઓ મારા હૃદયમાં એક પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે. એક છે જ્યોર્જ ફર્નાન્ડિસ અને બીજા નેતા છે અટલ બિહારી વાજપેયી. મને તે બંને તરફથી અપાર સ્નેહ અને માર્ગદર્શન મળ્યું છે. તેમણે યાદ કર્યું કે જ્યારે તેઓ મંત્રી બન્યા, ત્યારે જ્યોર્જ ફર્નાન્ડિસ મુંબઈના મલબાર હિલ પર તેમની મુલાકાત લેતા. ગડકરી ઘણીવાર ટિપ્પણી કરતા, "જ્યોર્જ-સાહેબ, તમારી પાર્ટીમાં ઘણા બધા અગ્રણી નેતાઓ છે, છતાં તેમાંથી કોઈ પણ એકબીજા સાથે મેળ ખાતા નથી."નીતિન ગડકરીએ શેર કર્યું કે જ્યારે તેમણે આ મુદ્દો ઉઠાવ્યો, ત્યારે જ્યોર્જ ફર્નાન્ડિસે જવાબ આપ્યો, "લોકશાહી એ જ છે." ગડકરીએ પૂછ્યું, "શું ઝઘડો કરવો એ લોકશાહી છે?" પછી ફર્નાન્ડિસે તેમને ખ્યાલ સમજાવ્યો, અને ગડકરીને સમજાયું કે રાજકારણ એ વિરોધાભાસ, મજબૂરીઓ અને મર્યાદાઓનો ખેલ છે. તેમણે નોંધ્યું કે વ્યૂહરચના અને દૃઢતા વચ્ચે તફાવત છે, અને વ્યૂહરચનાનો મુખ્ય નિયમ ચૂંટણી કેવી રીતે જીતવી તે જાણવું છે.તેમણે આગળ કહ્યું કે આજે પણ એ વાત સાચી છે કે હું અહીં બેઠેલા લોકો જેવા વિદ્વાન લોકો પર આધાર રાખીને સાંસદ બન્યો નથી. ચૂંટણીનો દિવસ તમારો છે. તમે કહો છો, 'હું પછી આવીશ,' અથવા 'હું આ સમયે અથવા તે સમયે આવીશ,' અને પછી સાંજે 5:00 વાગ્યે આવે છે, અને તમે મતદાન કર્યું નથી. છતાં, જ્યારે આપણે મળીએ છીએ, ત્યારે તમે પૂછો છો, 'આ દેશનું શું થશે?' તમે શા માટે પૂછો છો? જો તમે મતદાન પણ ન કરો તો તમારી સુસંગતતા શું છે? તમે અમારો સમય કેમ બગાડો છો? ફક્ત કોઈને પણ મત આપો."ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે લોકશાહી સામે સૌથી મોટી સમસ્યા રાજકીય પક્ષો કે રાજકારણીઓ નથી. તેના બદલે જનતા પોતે જ મુખ્ય સમસ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે જનતા શિક્ષિત બને છે અને જાતિ, સંપ્રદાય, ધર્મ અથવા ભાષાના વિચારથી ઉપર ઉઠીને સામાજિક કલ્યાણ, અર્થતંત્ર અને શિક્ષણ જેવા મુદ્દાઓ પર આધારિત યોગ્ય ઉમેદવારને મત આપે છે, ત્યારે લોકશાહીમાં પરિવર્તન આવશે.

## આંતરજાતિય પ્રેમ લગ્ન અંગે અનિરુદ્ધાચાર્ય મહારાજનો ખુલાસો, 'પ્રેમમાં પડતા પહેલા આધાર કાર્ડ તપાસો

(એજન્સી) નવી દિલ્હી | તા 08

અનિરુદ્ધાચાર્ય મહારાજે મહિલાના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે, લગ્ન ફક્ત બે લોકો વચ્ચેનો સંબંધ નથી. પરંતુ તેમાં પરિવારો અને ભાવિ પેઢીઓનો સમાવેશ થાય છે.અનિરુદ્ધાચાર્ય મહારાજે આંતરજાતિય પ્રેમ વિવાહ મામલે સલાહ આપી હતી કે, કોઈપણ સંબંધમાં ભવિષ્યનો વિચાર કરવો મહત્વપૂર્ણ છે.હરિયાણાના કરનાલ જિલ્લાના તારાવાડીમાં કથાકર અનિરુદ્ધાચાર્ય દ્વારા કથા દરમિયાન, એક યુવતીએ તેમને આંતરજાતિય પ્રેમ લગ્ન વિશે પૂછ્યું. અનિરુદ્ધાચાર્યએ જવાબ આપ્યો કે પ્રેમમાં પડતા પહેલા, વ્યક્તિએ પોતાના પરિવાર, મૂલ્યો અને ભવિષ્યનો વિચાર કરવો જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે પ્રેમમાં પડતા પહેલા વ્યક્તિએ પોતાનું આધાર કાર્ડ તપાસવું જોઈએ.

સવાલ-જવાબ સત્ર દરમિયાન, અનિરુદ્ધાચાર્યએ યુવતીને પ્રેમની વ્યાખ્યા પૂછી. મહિલાએ કહ્યું કે તે યુવાનને નિઃસ્વાર્થ પ્રેમ કરે છે. અનિરુદ્ધાચાર્યએ જવાબ આપ્યો કે તેણીએ તેની માતાનો નિઃસ્વાર્થ પ્રેમ પણ જોવો જોઈતો હતો. તેમણે પ્રશ્ન કર્યો કે તેણીને જન્મ આપનાર, તેને ઉછેરનાર, શિક્ષિત કરનાર અને તેના સપના પૂરા કરવા માટે પ્રોત્સાહિત કરનાર માતાના પ્રેમને કેમ સમજી શકતી નથી. તેમણે કહ્યું કે યુવતીએ તેની માતાનો પ્રેમ જોયો નહીં, પરંતુ તેણીએ છોકરાનો પ્રેમ જોયો.અનિરુદ્ધાચાર્યએ આજે પ્રેમ સંબંધો પર પણ ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે તેમના મતે, આકર્ષણ, વાસના અને ઈચ્છા આજે ઘણા સંબંધો પર પ્રેમ કરતાં વધુ પ્રભુત્વ ધરાવે છે. બાહ્ય સુંદરતા વિશે, તેમણે કહ્યું કે, જો કોઈ વ્યક્તિ સુંદર હોય, તો તેમને હજારો પ્રશંસકો મળી શકે છે. પરંતુ જો કોઈ શ્યામ અથવા ઓછો આકર્ષક હોય, તો લોકોનો તેમના પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાઈ જાય છે. તેમણે યુવતીને કહ્યું કે ફક્ત બાહ્ય આકર્ષણને પ્રેમ સમજવું યોગ્ય નથી. તેમના મતે, સંબંધને સમજવા માટે વ્યક્તિના ઉછેર, કુટુંબ અને જીવન મૂલ્યો જોવાની જરૂર છે. યુવતીને સમજાવતી વખતે, અનિરુદ્ધાચાર્યે તેના માતાપિતાના સંબંધનું ઉદાહરણ આપ્યું. તેમણે પૂછ્યું કે શું તેની માતા તેના પતિને પ્રેમ કરે છે. જ્યારે યુવતીએ હામાં જવાબ આપ્યો, ત્યારે તેમણે સમજાવ્યું કે તેની માતા તેના પતિથી ભાગી નથી, પરંતુ પરિવાર સાથે રહી છે. તેમણે યુવતીને કહ્યું કે તેના માતાપિતાએ જીવનમાં ચોક્કસ માર્ગ પસંદ કર્યો હોવાથી, તેણીએ પણ તેના પરિવાર અને સંબંધોના આધારે નિર્ણયો લેવા જોઈએ. તેમણે યુવતીને તેની માતા સાથે વાત કરવાની સલાહ પણ આપી હતી.

## દિલ્હીમાં ઘોંઘાટનો વિરોધ કરનારા મણિપુરના નિવૃત્ત મ્યુઝિક ટીચરની ઢોર માર મારીને હત્યા: 6ની અટકાયત

(એજન્સી) નવી દિલ્હી | તા 08

દિલ્હીના કિલોકરી ગામે 7 સપ્ટેમ્બરના રોજ મણિપુરના 54 વર્ષીય નિવૃત્ત સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહની હત્યાનો મામલો સામે આવ્યો છે. ઘર બહાર થતા ઘોંઘાટનો વિરોધ કરવા જતાં 6 ડિલિવરી બોય અને ઢાબાના કર્મચારીઓએ તેમને ઢોર માર માર્યો હતો. સારવાર દરમિયાન તેમનું મોત થતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી 6 આરોપીઓની ધરપકડ કરી છે.: દિલ્હીના કિલોકરી ગામમાં એક અત્યંત શરમજનક અને હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે. ઘરની બહાર થઈ રહેલા ઘોંઘાટ અને અશાંતિનો વિરોધ કરવા બદલ મણિપુરના 54 વર્ષીય નિવૃત્ત સંગીતકાર અને મ્યુઝિક ટીચર ચોંગથમ વિક્રમ સિંહની ઢોર માર મારીને કરપીણ હત્યા કરાતા હોબાળો મચી ગયો છે. નોર્થ ઈસ્ટના લોકોએ આ ઘટનાને વંશીય હુમલો (Racial attack) ગણાવીને ગુનેગારોને આકરામાં આકરી સજા કરવાની માંગ કરી છે. ઘટના 7 સપ્ટેમ્બરના રોજ બની હતી. દિલ્હી પોલીસના જણાવ્યાનુસાર, સનલાઈટ કોલોની પોલીસ સ્ટેશનને એક વ્યક્તિ સાથે મારપીટ થઈ હોવા અંગેનો PCR કૉલ મળ્યો હતો. માહિતિ મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, કિલોકરી ગામમાં રહેતા ચોંગથામ વિક્રમ સિંહ નિવૃત્ત સંગીતકાર હતા. તેમના ઘરની સામે કેટલાક ડિલિવરી બોય અને ઢાબાના કર્મચારીઓ ઘોંઘાટ અને હંગામો કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓ લોકોને ઘોંઘાટ બંધ કરવાનું કહેવા ઘર નીચે આવ્યા અને તેમણે ત્યાં હાજર લોકોને શાંત



રહેવાની વિનંતી કરી. આ અંગે બોલાચાલી વધતાં વિવાદ ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન આરોપી તેમના પર રીતસરના તૂટી પડ્યા. છ લોકોએ ભેગા થઈને તેમને મુક્કા, લાતો મારી, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ચોંગથામ વિક્રમ સિંહને તેમનો પુત્ર યાઈફાબા સારવાર અર્થે દિલ્હીની હોલી ફેમિલી હોસ્પિટલ લઈ ગયો હતો. જો કે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટના બાદ પોલીસે હત્યાની વિવિધ કલમો હેઠળ પોલીસ ફરિયાદ નોંધી છે. પોલીસના જણાવ્યા મુજબ, આ ઘટનામાં સંડોવાયેલા 6 આરોપીની અટકાયત કરાઈ છે, જેમાં કેટલાક સગીરો પણ છે. સગીર આરોપીઓ સામે કાયદા મુજબ આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.નોંધનીય છેકે, આ સમગ્ર ઘટનાક્રમની પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે. વિવાદની શરૂઆત કઈ રીતે થઈ, હુમલામાં કુલ કેટલા લોકો સામેલ હતા અને કયા આરોપીની શું ભૂમિકા હતી તેની માહિતી મેળવાઈ રહી છે.

### લોકોની રમુજી પ્રતિક્રિયાઓ અને "રાજસ્થાની જુગાડ"

## આ રાજસ્થાન છે સાહેબ! બસની છત પર થારની સવારી જોઇને લોકો પણ રહી ગયા દંગ!

જયપુર : રાજસ્થાનના જયપુર-અજમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગનો એક રમુજી વિડિઓ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં બસની ઉપર થાર ભરેલો દેખાય છે. આ દ્રશ્યે ખૂબ જ ચર્ચા જગાવી છે. રાજસ્થાનનો ઉલ્લેખ થાય એટલે આપોઆપ રણ, રેતી અને ગરમીની છબી આંખ સામે આવી જાય છે, પરંતુ અહીં ક્યારેક એવા અવિશ્વસનીય દ્રશ્યો જોવા મળે છે જે સૌને ચોંકાવી દે છે. હાલમાં સોશિયલ મીડિયા પર જયપુર-અજમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-48) નો એક અત્યંત રમુજી અને અનોખો વિડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.।માન્ય રીતે આપણે રસ્તા પર કાર અને બસ દોડતી જોઈ હોય છે, પરંતુ આ વાયરલ વીડિયોમાં એક ચાલતી બસની છત પર મહિન્દ્રા થાર કાર સવારી કરતી નજરે પડે છે. આ અકલ્પનીય દ્રશ્યે હાઈવે પરથી પસાર થતા મુસાફરો અને સોશિયલ મીડિયા યુઝર્સનું ભરપૂર ધ્યાન ખેંચ્યું છે.આ વીડિયો સામે આવ્યા બાદ યુઝર્સે તેના પર મનોરંજક



ટિપ્પણીઓનો વરસાદ કર્યો છે. લોકો તેને અનોખો "રાજસ્થાની જુગાડ" ગણાવી રહ્યા છે. એક યુઝરે લખ્યું, "વાહ, મેં આ પ્રકારનો જુગાડ પહેલી વાર જોયો છે." તો વળી અન્ય એક યુઝરે મજાકિયા અંદાજમાં કહ્યું કે અહીં તો થારને પણ બસમાં સવારી મળી ગઈ છે! કેટલાક લોકો આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે કે આખરે બસની છત પર ગાડી ચઢાવી કેવી રીતે હશે અને તેને ક્યાં લઈ જવામાં આવી રહી છે. જોકે, મનોરંજન અને મજાકથી હટાવીને લોકો આ પ્રકારે હાઈવે પર જોખમી રીતે વાહન વહન કરવા સામે સુરક્ષાને લઈને ગંભીર સવાલો પણ ઉઠાવી રહ્યા છે.

## રાહુલ ગાંધીને બોમ્બે HCનો ઝટકો, PM મોદી વિરુદ્ધ ટિપ્પણી મામલે અરજી ફગાવી

(એજન્સી) નવી દિલ્હી | તા 08

બોમ્બે હાઈકોર્ટ તરફથી રાહુલ ગાંધીને ઝટકો લાગ્યો છે. કોર્ટે PM નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવેલી કથિત વાંધાજનક ટિપ્પણીઓ સાથે જોડાયેલા માનહાનિના કેસને પડકારતી તેમની અરજી ફગાવી દીધી.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને બોમ્બે હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. મંગળવારે 8 સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટે PM નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણી અંગેના માનહાનિના કેસમાં મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા સમન્સને રદ કરવાનો ઈનકાર કર્યો હતો.ભાજપના એક કાર્યકર્તાએ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો, જેના પગલે મેજિસ્ટ્રેટ કોર્ટે સમન્સ પાઠવ્યુ હતુ. રાહુલ ગાંધીએ આ કાર્યવાહીને પડકારવા માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.બોમ્બે હાઈકોર્ટે આજે કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને મોટો ફટકો આપ્યો. કોર્ટે PM નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવેલી કથિત વાંધાજનક ટિપ્પણીઓ સાથે જોડાયેલા માનહાનિના કેસને પડકારતી તેમની અરજી ફગાવી દીધી. રાહુલ ગાંધીએ આ મામલે તેમની સામે શરૂ કરાયેલ માનહાનિની કાર્યવાહીને પડકારી હતી. હાઈકોર્ટના આ ચુકાદા બાદ કેસ અંગે તેમની કાનૂની મુશ્કેલીઓ વધી શકે છે.જોકે હવે બધાની નજર આગામી કાનૂની પ્રક્રિયા અને તેમની પાસે ઉપલબ્ધ વિકલ્પો પર રહેશે. રાહુલ ગાંધીની ટિપ્પણીએ અગાઉ રાજકીય વિવાદ ઉભો કર્યો હતો. કોર્ટના નિર્ણય બાદ આ મુદ્દા પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રાજકીય ઝઘડો વધુ તીવ્ર બનવાની શક્યતા છે. ફરિયાદી મહેશ શ્રીશ્રીમલે આરોપ લગાવ્યો હતો કે સપ્ટેમ્બર 2018 માં રાજસ્થાનમાં એક રેલી દરમિયાન રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ માનહાનિભર્યા નિવેદનો આપ્યા હતા. રાહુલ ગાંધીએ વડા પ્રધાનને "ચોરોનો સરદાર" અને "ચોર સેનાપતિ" તરીકે ઓળખાવ્યા હતા.ભાજપના કાર્યકર મહેશ શ્રીશ્રીમલે ગિરગાંવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ, ઓગસ્ટ 2019 માં, મેજિસ્ટ્રેટ કોર્ટે રાહુલ ગાંધીને હાજર રહેવાનો નિર્દેશ આપતા સમન્સ પાઠવ્યા હતા.

### ભાજપ નેતાઓ : અમને માછલી ખાતાં કોઈ નહીં રોકી શકે

## નવરાત્રિમાં નોન-વેજ ન ખાવાની ધીરેન્દ્ર શાસ્ત્રી ટકોર

(એજન્સી) નવી દિલ્હી | તા 08

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીએ હાવડાના લિલુઆમાં 3 દિવસીય કથા દરમિયાન હિન્દુઓને નવરાત્રી અને દુર્ગા પૂજામાં શાકાહારી ભોજન લેવા અપીલ કરતા વિવાદ થયો છે. પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ સામિક ભટ્ટાચાર્યે આ અપીલને ફગાવી, કહ્યું કે બંગાળીઓ માછલી-માંસ કેમ ન ખાઈ શકે? વિવેકાનંદે પણ મા કાળીને મટન ચડાવવાનું કહ્યું હતું. બાગેશ્વર ધામના મુખ્ય પુજારી અને 30 વર્ષીય ધીરેન્દ્ર કૃષ્ણ ગર્ગ/બાબા બાગેશ્વર દ્વારા પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના લિલુઆમાં ત્રણ દિવસીય હનુમંત કથા દરમિયાન હિન્દુઓને નવરાત્રી અને દુર્ગા પૂજામાં શાકાહારી ભોજન અપનાવવાની અપીલ કરવામાં આવી હતી. આ નિવેદન બાદ પશ્ચિમ બંગાળના રાજકારણમાં મોટો વિવાદ સર્જાયો છે. વિપક્ષી પક્ષો આક્ષેપ કરી રહ્યા છે કે આ પ્રકારના નિવેદનો દ્વારા બંગાળી સંસ્કૃતિ અને ખાનપાનની પરંપરાનું



અપમાન કરવામાં આવી રહ્યું છે.આ વિવાદ વચ્ચે પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ સામિક ભટ્ટાચાર્યે ધીરેન્દ્ર શાસ્ત્રીનું નામ લીધા વિના સ્પષ્ટ શબ્દોમાં આ અપીલને ફગાવી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે બંગાળીઓ માછલી અને માંસ કેમ ન ખાઈ શકે? સ્વામી વિવેકાનંદે પણ ઉલ્લેખ કર્યો હતો કે માં કાળીને મટન ચડાવવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ વિવેકાનંદ કે બંગાળી પરંપરાથી ઉપર જવાનો પ્રયાસ કરે તો તે યોગ્ય નથી. તેમણે ઉમેર્યું હતું કે પશ્ચિમ બંગાળના લોકો શું ખાશે અને શું પહેરશે તે અંગે કોઈ પક્ષ કે સાધુ ફરમાન જારી કરી શકે નહીં. બંગાળીઓ પોતાની પરંપરા મુજબ જ જીવન જીવશે અને બહારથી આવીને કોઈ શું કહે છે તેની ચિંતા કરવાની જરૂર નથી. આ સમગ્ર પ્રકરણ પર પત્રકાર અને લેખક અભિજીત મજૂમદાર તેમજ પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર સંજીવ સાન્યાલે પણ સોશિયલ મીડિયા પર સખત વિરોધ નોંધાવ્યો હતો. નિષ્ણાતોના મતે, માંસ શાક્ત હિન્દુ ધર્મનો એક અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ છે અને પ્રાચીન પરંપરાઓ અનુસાર દુર્ગા પૂજામાં માતાને ભોગ અર્પણ કરતી વખતે માંસનો પણ સમાવેશ થાય છે. આ પવિત્ર પરંપરામાં કોઈ પણ પ્રકારની દખલગીરી સ્વીકાર્ય નથી. આ દરમિયાન સોશિયલ મીડિયા પર યુઝર્સે આ ઘટનાની સરખામણી સત્યજીત રેની પ્રસિદ્ધ ફિલ્મ 'મહાપુરુષ'ના કાલ્પનિક પાત્ર 'બિરિંચી બાબા' સાથે કરીને કટાક્ષ કર્યો હતો.આ વિવાદ વચ્ચે રાજ્ય સરકાર દ્વારા આગામી દુર્ગા પૂજા માટે વિશેષ નિયમો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, જેમાં 16 ઓક્ટોબરથી 21 ઓક્ટોબર સુધી તહેવાર ઉજવાશે અને તમામ મૂર્તિ વિસર્જન 24 ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવાના રહેશે.

### નેતાઓ નહીં પણ બંધારણ પ્રત્યે અધિકારીઓ વફાદાર રહે : અલ્લાહાબાદ હાઈકોર્ટ

## લોકશાહીમાં જનતા જ માલિક અને અધિકારીઓ તેના સેવક : હાઈકોર્ટ

પ્રયાગરાજ : નોઇડાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મેધા રૂપમને એક લોની વિદ્યાર્થિનીની એનએસએ હેઠળ અટકાયતનો આદેશ આપવો ભારે પડી ગયો છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે ન માત્ર ડીએમનો આદેશ રદ કર્યો સાથે સાથે ડીએમ સહિતના અધિકારીઓ પાસેથી રૂપિયા પાંચ લાખ વસુલીને વિદ્યાર્થિનીને વળતર આપવા પણ કહ્યું છે. સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે અધિકારીઓ જનતાના સેવક છે, જનતા લોકશાહીમાં માલિક છે.નોઇડામાં મજૂરોના આંદોલનમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થિની આકૃતિની ધરપકડ કરી એનએસએ લગાવાયો હતો.એપ્રીલ મહિનામાં નોઇડાના વર્કર્સ દ્વારા હડતાળ પાડવામાં આવી હતી, જે મામલે દિલ્હી યુનિવર્સિટીની ૨૫ વર્ષીય વિદ્યાર્થિની આકૃતિ ચૌધરીની ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા ધરપકડ કરીને તેની સામે નેશનલ સિક્યોરિટી એક્ટ એનએસએ લગાવી દેવાયો હતો. સાથે જ એક પત્રકાર સત્યમ વર્માની સામે પણ આ જ કાયદા હેઠળ આકરી કલમો લગાવાઇ હતી. વેતન વધારવાના આ આંદોલનમાં અન્ય કેટલાક એક્ટિવિસ્ટ્સની પણ ધરપકડ કરાઇ હતી.

લોની વિદ્યાર્થિની અને એક્ટિવિસ્ટ આકૃતિ ચોધરી સામે એનએસએ હેઠળ કાર્યવાહીનો આદેશ ગૌતમબુદ્ધા નગરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મેધા રૂપમે આપ્યો હતો. અલ્લાહાબાદ હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે પોલીસ રિપોર્ટમાં માત્ર આરોપો છે, આરોપોને સમર્થન કરતી કોઇ જ સામગ્રી નથી. એવુ લાગી રહ્યું છે કે મજૂરો માટે અવાજ ઉઠાવનારાઓનો અવાજ દબાવવા એક ઉદાહરણ પુરુ પાડવા ડીએમ દ્વારા આ આદેશ અપાયો છે.હાઈકોર્ટે નોંધ્યું હતું કે ગેરકાયદે અટકાયતના આદેશ આપીને ડીએમએ વિદ્યાર્થિનીને બંધારણના આર્ટિકલ ૨૧ હેઠળના જે મૂળભૂત અધિકારો મળ્યા છે તેનું ઉલ્લંઘન કર્યું છે. અધિકારીઓ અને પોલીસે યાદ રાખવું જોઇએ કે તેમની વફાદારી બંધારણ પ્રત્યે છે, કોઇ રાજકારણી પ્રત્યે નહીં. અધિકારીઓ સેવકો છે, કે જેઓ જનતાની સેવા કરે છે. જનતા લોકશાહીમાં માસ્ટર છે. જો બ્યૂરોક્રેટ્સ અને પોલીસ અધિકારીઓ પોતાની શપથની વિરુદ્ધમાં કામ કરવા લાગશે તો જનતાની નજરમાં તેઓ બ્રિટિશ શાસકો જેવા દમનકારી બની જશે. આ પ્રકારના અધિકારીઓ યુપીને શોષણખોર રાજ્ય બનાવી નાખશે. જે પણ અધિકારીઓ, ડીએમ આ ગેરકાયદે ધરપકડ પાછળ જવાબદાર છે તેમના પગારમાંથી પાંચ લાખ રૂપિયા કાપીને વિદ્યાર્થિનીને વળતર આપવામાં આવે. અલહાબાદ હાઈકોર્ટે નોઈડાના DM મેધા રૂપમને લોની વિદ્યાર્થિની આકૃતિ ચૌધરીની NSA હેઠળ ગેરકાયદે ધરપકડ બદલ ફટકાર લગાવી છે. કોર્ટે DMના આદેશને રદ કરી, DM સહિતના અધિકારીઓના પગારમાંથી 5 લાખ રૂપિયા વસૂલી વિદ્યાર્થિનીને વળતર આપવા આદેશ કર્યો.

## વડોદરાવાસીઓ દ્વારા પ્રધાનમંત્રીને અનોખી ભેટ

વડોદરા | વડોદરાના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે આજરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત વેળાએ વડોદરાના નાગરિકો, સફાઈદૂતો અને વિવિધ સંસ્થાઓ દ્વારા તેમને અનોખી અને યાદગાર ભેટો અર્પણ કરવામાં આવી હતી. આ ભેટોમાં શહેરની સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબદ્ધતા, પર્યાવરણ રક્ષણ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઝાંખી જોવા મળી હતી.'મેરા શહેર, મેરી ઝિમ્મેદારી'ના સંકલ્પ સાથે શહેરની સફાઈમાં સતત કાર્યરત ૭ હજાર સફાઈદૂતો અને 'ક્લીન અપ વડોદરા'ના વોલન્ટીઅર્સ તરફથી વડોદરાના પ્રતીક સમાન વડના વૃક્ષનું બોનસાઈ વડાપ્રધાનશ્રીને ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું હતું.

## વડોદરાના આંગણે PM નું 'સેવા-સ્વચ્છતાથી સ્વાગત'

વડોદરા | પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં 35,000 કરોડથી વધુ મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, ઉદ્ઘાટન કર્યું અને રાષ્ટ્રને સમર્પિત કર્યા. આદરણીય મહાનુભાવોનું ઉષ્માભર્યું અભિવાદન કરીને પ્રધાનમંત્રીએ તેમના સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આ ભવ્ય પ્રસંગે પ્રત્યક્ષ રીતે અને ઓનલાઈન માધ્યમો દ્વારા જોડાયેલા નાગરિકોનું સ્વાગત કર્યું. 'હું મારા ગુજરાતના ભાઈઓ અને બહેનોનું સ્વાગત કરું છું,' શ્રી મોદીએ ટાંક્યું હતું. રાષ્ટ્રીય પ્રગતિને ઝડપી બનાવવા માટે હજારો કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સમર્પિત કરતા, પ્રધાનમંત્રીએ તેમના સ્વાગત માટે વડોદરાના નાગરિકો દ્વારા આયોજિત અસાધારણ સ્વચ્છતા અભિયાનની ઊંડી પ્રશંસા કરી.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં ₹35,000 કરોડથી વધુના વિકાસ કાર્યોનું શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કર્યું

### આપણે લોકો અને સામાનને વધુ ઝડપથી પહોંચાડવા, નવી તકો ઊભી કરવા અને આર્થિક વૃદ્ધિને બળ આપવા માટે ભારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરી રહ્યા છીએ: પ્રધાનમંત્રી

(એજન્સી) વડોદરા | તા 08

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં 35,000 કરોડથી વધુ મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, ઉદ્ઘાટન કર્યું અને રાષ્ટ્રને સમર્પિત કર્યા. આદરણીય મહાનુભાવોનું ઉષ્માભર્યું અભિવાદન કરીને પ્રધાનમંત્રીએ તેમના સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આ ભવ્ય પ્રસંગે પ્રત્યક્ષ રીતે અને ઓનલાઈન માધ્યમો દ્વારા જોડાયેલા નાગરિકોનું સ્વાગત કર્યું. 'હું મારા ગુજરાતના ભાઈઓ અને બહેનોનું સ્વાગત કરું છું,' શ્રી મોદીએ ટાંક્યું હતું. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના મેદાનમાં જીવંત વાતાવરણને ઉજાગર કરતા, પ્રધાનમંત્રીએ પ્રગતિના એક સામાજિક ઉત્સવ માટે એકઠા થયેલા વિવિધ ક્ષેત્રોના વ્યાવસાયિકોના અનોખા સંગમની ઉજવણી કરી. તેમણે વિકાસના આવા એકીકૃત ઉત્સવના સાક્ષી બનવા બદલ અપાર આનંદ વ્યક્ત કર્યો. 'અહીં બધું એક સાથે થઈ રહ્યું છે,' એવું શ્રી મોદીએ નોંધ્યું હતું. રાષ્ટ્રીય પ્રગતિને ઝડપી બનાવવા માટે હજારો કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સમર્પિત કરતા, પ્રધાનમંત્રીએ તેમના સ્વાગત માટે વડોદરાના નાગરિકો દ્વારા આયોજિત અસાધારણ સ્વચ્છતા અભિયાનની ઊંડી પ્રશંસા કરી. તેમણે વિકાસના આ ઉત્સવ દરમિયાન સેવા ભાવના દર્શાવવા બદલ સ્થાનિક વસ્તીનો આભાર માન્યો. 'આજે હું વિકસિત ભારતના પ્રયાણને વધુ ગતિ આપવા તમારી વચ્ચે આવ્યો છું,' શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું.લાલ કિલ્લા પરથી જાહેર કરાયેલા 'સપ્તધારા' સંકલ્પની રૂપરેખા આપતા, પ્રધાનમંત્રીએ ગતિ શક્તિ પહેલ દ્વારા ઝડપી કનેક્ટિવિટીની મહત્વપૂર્ણ જરૂરિયાત પર ભાર મૂક્યો, જે 2800-કિલોમીટરના ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ઐતિહાસિક પૂર્ણતાને દર્શાવે છે. તેમણે વડોદરાને ગતિ શક્તિ યુનિવર્સિટીના સાચા શહેર તરીકે બિરદાવ્યું જ્યાં આ વિશાળ પ્રોજેક્ટની અંતિમ કડીઓ જોડવામાં આવી હતી. '21મી સદીના ભારત માટેનું આ ઐતિહાસિક કાર્ય પૂર્ણ થયું છે,' જેની શ્રી મોદીએ પુષ્ટિ કરી હતી.2014 પછીની ઝડપી ગતિ દર્શાવતા, પ્રધાનમંત્રીએ પૂર્વ અને પશ્ચિમ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના સફળ અમલીકરણની ઉજવણી કરી જે હવે વાણિજ્યિક પરિદ્રશ્યને મૂળભૂત રીતે બદલી રહ્યા છે. તેમણે નોંધ્યું કે આ નેટવર્ક ઝડપથી રાષ્ટ્રના વેપારનો આધાર બની રહ્યું છે. 'અમે તેને ગતિ આપી અને 2800-કિલોમીટરના કોરિડોરનું કામ પૂર્ણ કરીને તે સાબિત કરી બતાવ્યું,' એમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.આ નવી રાષ્ટ્રીય જીવનરેખાની પરિવર્તનકારી અસર વિશે વિગતવાર જણાવતા, પ્રધાનમંત્રીએ વિગત આપી કે કેવી રીતે પેસેન્જર અને ફ્રેઈટ ટ્રાફિકને અલગ કરવાથી દરરોજ 430થી વધુ માલગાડીઓ દોડી શકે છે, જેનાથી 30-કલાકની ટ્રકની મુસાફરી ઘટીને માત્ર 10-12 કલાક થઈ ગઈ છે. તેમણે સમજાવ્યું કે 100 કિલોમીટરનું અંતર કાપવામાં હવે અગાઉના સમય કરતાં અડધાથી પણ ઓછો સમય લાગે છે, જેનાથી બળતણની બચત થાય છે, નૂર ભાડામાં ઘટાડો થાય છે અને પર્યાવરણનું રક્ષણ થાય છે. 'રોકાણ એક જ ટ્રેક પર કરવામાં આવ્યું હતું, પરંતુ તેનાથી અનેક ગણા ફાયદા થયા,' એમ શ્રી મોદીએ નોંધ્યું હતું. વિસ્તૃત લોજિસ્ટિક્સ નેટવર્કના નોંધપાત્ર કૃષિ લાભોને રેખાંકિત કરતા, પ્રધાનમંત્રીએ સમજાવ્યું કે કેવી રીતે પૂર્વ અને પશ્ચિમ ભારતના ખેડૂતો હવે ઝડપથી બગડી જતી વસ્તુઓને મોટા બજારોમાં ઝડપથી પહોંચાડી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મોસમી ફૂલો, શાકભાજી અને ફળો જેવી સંવેદનશીલ ચીજવસ્તુઓ આખરે ગ્રાહકો અને મંડીઓ સુધી યોગ્ય સમયે પહોંચી રહી છે. 'આનાથી ખેડૂતોને ખૂબ જ ફાયદો થયો છે,' એમ શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી.નવા કોરિડોર પર એક નોંધપાત્ર ઓપરેશનલ માઈલસ્ટોન શેર કરતા, પ્રધાનમંત્રીએ JNPT પોર્ટથી વડોદરા સુધી ડબલ-સ્ટેક કન્ટેનર ફ્રેઈટ ટ્રેનના સફળ સંચાલનની પ્રશંસા કરી. તેમણે નિર્દેશ કર્યો કે આ એક જ ટ્રેન મુસાફરીએ મુંબઈથી સીધા 250થી વધુ ટ્રકો જેટલા માલનું કુશળતાપૂર્વક વહન કર્યું. 'મોટા પ્રમાણમાં સામાન હવે દેશના એક ખૂણેથી બીજા ખૂણે ઝડપથી પહોંચી શકશે,' એવું શ્રી મોદીએ અવલોકન કર્યું હતું. પ્રધાનમંત્રીએ તેમના પ્રશાસન દ્વારા નવી રેલ સેવાઓના સતત રોલઆઉટ પર ભાર મૂક્યો જે આખરે ગુજરાત, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના અલગ પડેલા આદિવાસી વિસ્તારો સુધી પહોંચી રહી છે. તેમણે નવી શરૂ કરાયેલી ટ્રેનની ઉજવણી કરી જે છોટા ઉદેપુર અને અલીરાજપુરની મુસાફરી કરતા મુસાફરોને ખૂબ જ ફાયદો પહોંચાડશે.




# કંકોત્રી પર ક્લિક કરતા પહેલા ચેતજો




### સાયબર ગઠિયાની નવી મોડસ ઓપરેન્ડી : કાંકરિયાના યુવકે વોટ્સએપ પર આવેલી લિંક પર ક્લિક કરતા જ ખાતામાંથી ₹99 હજાર ઉપડી ગયા

(એજન્સી) અમદાવાદ | તા 08

લગ્નની કંકોત્રી હવે સાયબર ગઠિયાઓ માટે છેતરપિંડીનું નવું હથિયાર બની રહી છે. જેમાં અમદાવાદમાં યુવકને વોટ્સએપ પર મિત્રના નામે લગ્નની કંકોત્રીની લિંક પર ક્લિક કરવું ભારે પડ્યું છે. લિંક ખોલતાની સાથે જ મોબાઈલમાં APK ફાઈલ ઈન્સ્ટોલ થઈ અને ખાતામાંથી 99 હજાર રૂપિયા ઉપડી ગયા. આ અંગે યુવકે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે. કાંકરિયામાં ચોર્યાશીની ચાલીમાં રહેતા હસમુખ મકવાણા ટ્રાવેલ્સની ઓફિસમાં નોકરી કરે છે. 2 સપ્ટેમ્બરે રાત્રે તે ઘરે મોબાઈલ જોતા હતા ત્યારે તેમના વોટ્સએપ પર મિત્ર જગદીશના નામે લગ્નની કંકોત્રી આવી હતી. કંકોત્રી મિત્રની હોવાથી હસમુખે તેમાં આપેલી લિંક પર વિશ્વાસ કરી ક્લિક કર્યું હતું. લિંક પર ક્લિક રતાની સાથે જ એક પેજ ખુલ્યું હતું અને મોબાઈલમાં APK ફાઈલ ઈન્સ્ટોલ થઈ ગઈ હતી. હસમુખને આ ફાઈલ ઈન્સ્ટોલ થયા બાદ મોબાઈલમાં કંઈક શંકાસ્પદ થયું હોવાની જાણ થઈ હતી.તેમણે પોતાના બેંક ખાતાની વિગતો તપાસતાં તેમના ખાતામાંથી 99 હજાર રૂપિયાનું ટ્રાન્જેક્શન થઈ ગયું હોવાનું સામે આવ્યું હતું. અજાણ્યા શખસોએ લગ્નની કંકોત્રીના બહાને મોકલેલી લિંકનો ઉપયોગ કરી તેમના મોબાઈલમાં APK ફાઈલ ઈન્સ્ટોલ કરાવી હતી અને ત્યારબાદ બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લીધા હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે. આ અંગે હસમુખ મકવાણાએ કાગડાપીઠ પોલીસનો સંપર્ક કરી અજાણ્યા શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે મોબાઈલમાં મોકલાયેલી લિંક, APK ફાઈલ અને થયેલા ટ્રાન્જેક્શનની વિગતો મેળવી તપાસ શરૂ કરી છે.

## મોદીજી ઓરા, વડોદરામાં વડાપ્રધાનશ્રીના કાર્યક્રમમાં યુવાઓમાં છવાયો 'નમો'ઉત્સાહ

વડોદરા | વડોદરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રભાવશાળી 'ઓરા' સમગ્ર કાર્યક્રમ દરમિયાન છવાયેલો રહ્યો હતો. પરંપરાગત કાર્યક્રમોની સરખામણીએ યુવાઓ સાથે સીધો અને જીવંત સંવાદ સ્થાપિત થાય તેવો માહોલ સર્જાયો હતો. મંડપની વચ્ચે તૈયાર કરવામાં આવેલા વિશેષ રેમ્પ પરથી વડાપ્રધાનશ્રીએ યુવાઓ વચ્ચે ચાલીને તેમની સાથે આત્મીયતા વ્યક્ત કરી હતી.વડાપ્રધાનશ્રીના રેમ્પ પર આગમન સાથે જ યુવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. યંગ્ઝએ હર્ષનાદ અને ઉલ્લાસભેર વડાપ્રધાનશ્રીનું સ્વાગત કર્યું હતું. આ લાગણી અને ઊર્જાનો વડાપ્રધાનશ્રીએ પણ સહજતાથી સ્વીકાર કરી, સમગ્ર વાતાવરણને વધુ જીવંત બનાવ્યું હતું. તેમના આગમનને ટ્રેડિંગ સોંગ્ઝ અને ટ્યુન સાથે વધાવવામાં આવતા યુવાઓ ઝૂમી ઉઠ્યા હતા.યંગ જનરેશન સાથેના સંવાદ દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજના યુવા વર્ગમાં લોકપ્રિય બનેલી 'મિમ કલ્ચર'ની ભાષાશૈલીનો પણ અસરકારક ઉપયોગ કર્યો હતો. ગંભીર અને મહત્વપૂર્ણ મુદ્દાઓને સરળ, રમૂજી તથા યુવાનોને સ્પર્શે તેવી શૈલીમાં રજૂ કરતાં તેમણે યુવાનોને હસાવ્યા પણ હતા અને પોતાની વાત પણ સચોટ રીતે પહોંચાડી હતી. કેટલાક યુવાનોએ કલા પ્રદર્શિત કરતા વડાપ્રધાનશ્રીએ ચાલુ ભાષણ દરમિયાન જ એ કૃતિઓનો સ્વીકાર કરી પોતાની પાસે મંગાવી હતી. સમગ્ર કાર્યક્રમની રજૂઆતમાં પણ નવીનતા જોવા મળી હતી. કાર્યક્રમનું પ્રસારણ જાણે કોઈ સ્પોર્ટ્સ ઈવેન્ટનું જીવંત પ્રસારણ થઈ રહ્યું હોય તેવી ઊર્જાસભર શૈલીમાં કરવામાં આવ્યું હતું. મંચ પર ચાલી રહેલી પ્રવૃત્તિઓની સાથે યુવાનોની પ્રતિક્રિયાઓ અને લાગણીઓને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું, જેના કારણે કાર્યક્રમ વધુ રસપ્રદ અને કનેક્ટિંગ બન્યો હતો.

## આભારના આંસુ: વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જોઈને યુવા ચેસ ટ્રેનરે કહ્યું, 'આજે મેં મારા ભગવાનને જોયા'

વડોદરા | જૂનાગઢના વિશ્વા હિતેશભાઈ વાડોયા, જે (SAG) સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સાથે ચેસ ટ્રેનર તરીકે જોડાયેલા છે, વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જોઈને ભાવુક થઈ ગયા હતા. વડાપ્રધાનને નજીકથી જોઈને વિશ્વાની આંખોમાં આંસુ આવી ગયા અને તેમણે કહ્યું, "આજે મેં મારા ભગવાનને જોયા." જૂનાગઢના એક નાના ગામમાંથી આવતી ૨૩ વર્ષીય વિશ્વા માટે વડાપ્રધાનને આટલી નજીકથી જોવાની ક્ષણ યાદગાર બની રહી. તેમણે જણાવ્યું કે તેમનો પરિવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભગવાન સમાન માને છે અને તેમને રૂબરૂ જોવાનો દિવસ તેમના જીવનનો ક્યારેય ન ભૂલાય તેવો દિવસ રહેશે.વિશ્વાના પિતા હિતેશ વાડોયાએ તેમની કારકિર્દીમાં સતત સાથ આપ્યો છે. વિશ્વાએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા ખેલ મહાકુંભે તેમની કારકિર્દીમાં મહત્વનો વળાંક લાવ્યો. આ પહેલના કારણે તેમને નોકરી મળી અને રમત ક્ષેત્રે આગળ વધવાની તક મળી. વિશ્વાએ જણાવ્યું કે તેમના ગામમાં છોકરીઓને રમતગમતમાં ભાગ લેવાની મંજૂરી મળતી ન હતી. પરંતુ તેમના પિતાએ ખેલ મહાકુંભમાં તેમનું નામ નોંધાવ્યું, જે તેમની કારકિર્દી માટે મહત્વપૂર્ણ સાબિત થયું. ત્યારબાદ તેમણે રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય FIDE રેટિંગ ટુર્નામેન્ટમાં ભાગ લીધો અને આજે (SAG) સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચ તરીકે પોતાની કારકિર્દી બનાવી છે.

## લગ્નની ના પાડતા યુવકે પૂર્વ પ્રેમિકાની સગાઈ તોડાવી નાખી ભાઈઓને કેસમાં ફસાવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી, ઉપાડી જવાનું કહેતા પોલીસ ફરિયાદ

અમદાવાદ | શહેરના વેજલપુર વિસ્તારમાં એક યુવતીને પ્રેમ સંબંધનો ઈનકાર કર્યાં બાદ યુવક દ્વારા સતત હેરાન પરેશાન કરી ધમકીઓ આપવામાં આવતી હતી. આરોપીએ અદાવત રાખીને યુવતીની સગાઈ તોડાવી નાખી હતી.

અને ત્યારબાદ ફોન પર તેના ભાઈઓને ખોટા કેસમાં ફસાવી દેવા તેમજ યુવતીને ઉપાડી જવાની ધમકી આપી હતી. જે અંગે યુવતીએ પોલીસ ફરિયાદ કરી છે. જો કે યુવતી પહેલા યુવક સાથે પ્રેમમાં હતી અને તેના વ્યસનને લીધે પ્રેમ સંબંધ તોડ્યો હતો. જે બાદ યુવક હેરાન કરતો હતો.

વેજલપુરની એક સોસાયટીમાં રહેતા હરેશભાઈ પુરબીયા સાથે કામ કરવા આવતી યુવતીને એક વર્ષ અગાઉ પ્રેમ સંબંધ હતો. પરંતુ હરેશને નશો કરવાની આદત હોવાનું જાણવા મળતા યુવતીએ તેની સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ વાતની અદાવત રાખી હરેશ યુવતીની પાછળ જઈને તેને હેરાન કરતો હતો, તેમજ ગાળો બોલી અને ઝપાઝપી કરીને લગ્ન કરવા માટે દબાણ કરતો હતો. જો કે યુવતીની અન્ય જગ્યાએ સગાઈ નક્કી




થતા આરોપીએ ત્યાં પહોંચીને તેમના સંબંધ વિશે જણાવી યુવતીની સગાઈ તોડાવી નાખી હતી.

26 જુલાઈએ રાતે 11 વાગે હરેશે યુવતીના પિતાના મોબાઈલ નંબર પર ફોન કર્યો હતો. આ ફોન યુવતીએ ઉપાડતા આરોપીએ તેને ધમકી આપી હતી કે, ભાઈઓને કેસમાં ફસાવી દીધા છે અને જો તે બીજી કોઈ જગ્યાએ સગાઈ કરશે તો તે પણ તોડાવી નાખશે. હરેશે યુવતીને ઉપાડી જવાની અને તેના ભાઈઓને ફરીથી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ગાળો બોલી હતી.

## સગીરે ત્રણ સવારીમાં એક્ટિવાને નાગિન સ્ટાઈલમાં ચલાવી

અમદાવાદ | અમદાવાદના રામોલ વિસ્તારમાં સગીર પુત્રને એક્ટિવા ચલાવવા આપીને જોખમી રીતે વાહન ચલાવવાનો મામલો સામે આવ્યો છે. ત્રણ સવારી સાથે પુરઝડપે એક્ટિવા નાગિન સ્ટાઈલમાં ચલાવી રહેલા સગીરનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ બાદ સગીરની માતા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. વાયરલ થયેલા વીડિયોમાં એક યુવક ત્રણ સવારી સાથે એક્ટિવા ચલાવતો જોવા મળ્યો હતો. યુવક પુરઝડપે એક્ટિવા હંકારી રસ્તા પર સર્પાકાર રીતે વાહન ચલાવતો હોવાથી અકસ્માતની શક્યતા ઊભી થાય તેવી સ્થિતિ જોવા મળી હતી. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થતાં રામોલ પોલીસના ધ્યાન પર આવ્યો હતો. પોલીસે વીડિયોના આધારે એક્ટિવા ચલાવનાર યુવકની ઓળખ કરવા તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વાહન ચલાવનાર સગીર હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતાં સગીર પાસે વાહન ચલાવવાનું લાયસન્સ ન હોવાનું જાણવા મળ્યું હતું. \

## કોર્ટમાં હાજર ન રહેવું પડે તે માટે બોમ્બની ધમકી આપી : હાઈકોર્ટ અને સુરત કોર્ટને ઉડાવી દેવાનો ચેન્નઈથી મેઈલ કર્યો, NDPS કેસના બે આરોપી ઝડપાયા

અમદાવાદ | પાંચમી સપ્ટેમ્બરે ગુજરાત હાઈકોર્ટ અને સુરત કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના કેસનો ભેદ ઉકેલાયો છે. અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમે તપાસ કરતા હાઈકોર્ટ રજિસ્ટ્રારને જે ધમકીભર્યો મેઈલ મોકલવામાં આવ્યો તે ચેન્નઈથી કરાયાનું ખૂલ્યું. ટીમે ચેન્નઈ જઈ બે શખસોને દબોચી લીધા.

અમદાવાદ લાવી બંનેની પૂછપરછ કરાતા બંને NDPSના કેસમાં સુરતની લાજપોર જેલમાં બંધ હતા અને હાલ પેરોલ પર બહાર છે. 5મી સપ્ટેમ્બરે કોર્ટની તારીખ હોય તેમાં હાજર ન રહેવું પડે તે માટે ધમકીભર્યો મેઈલ કર્યાનું ખૂલ્યું.

શનિવારે ગુજરાત હાઈકોર્ટના રજીસ્ટ્રારના ઈમેઈલ આવ્યો હતો. જેમાં 'bomb rdx ahmedabad and surat court'. આ ઈમેઈલ મળ્યા બાદ તાત્કાલિક બોમ્બ સ્કોડ અને ડોગ સ્કોડ દ્વારા કોર્ટમાં તપાસ કરવામાં આવી હતી પરંતુ કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ મળી આવ્યો નહતો જેથી સાયબર ક્રાઈમે ખોટો ઈમેલ કરનાર સામે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું કે,કોર્ટને ધમકી ભરેલા ઈમેલ બાબતે સાયબર ક્રાઈમે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ




એનાલિસિસ કરતા આ ઈમેઈલ ચેન્નાઈથી થયા હોવાનું જાણવા મળ્યું .સાયબર ક્રાઈમની અલગ અલગ ટીમ ચેન્નાઈ પહોંચી હતી. ચેન્નઈ ATSની મદદથી ગીચ વિસ્તારમાં સર્ચ કર્યું ત્યારે હોટલમાંથી અશફાક અન્સારી અને રાજેશ મુનિયા મળી આવ્યા.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, બંને આરોપીઓ NDPSના કેસમાં સુરતની લાજપોર જેલમાં બંધ હતા. અશફાકે જામીન માટે પ્રયત્ન કર્યા હતા પરંતુ જામીન મળ્યા નહોતા. જેથી અશફાકને નવેમ્બર 25માં પેરોલ મળતા પેરોલ જંપ કરીને નાસી ગયો'તો. 5 સપ્ટેમ્બર કોર્ટ મુદત હતી પરંતુ કોર્ટમાં હાજર ન રહેવું ન પડે તે માટે અશફાકે સુરત અને હાઈકોર્ટને બોમ્બની ધમકીનો ઈમેલ કર્યો હતો .ધમકીનો ઈમેઈલ મળતા કોર્ટ બંધ રહે તો બીજી મુદત પડે અને કોર્ટમાં હાજર ન રહેવું પડે તે ઉદ્દેશ સાથે ઈમેલ કરવામાં આવ્યો હતો.

આરોપીઓએ થોડા દિવસ અગાઉ મુંબઈથી ચેન્નાઈ જતા સમયે ફેક ઈમેલ આઈડી બનાવ્યું હતું. ફેક આઈડી બનાવી 5 સપ્ટેમ્બરે મુદત હતી તે જ દિવસે ધમકીનો ઈમેઈલ કર્યો હતો.

## પિતા ઘટનાસ્થળે રડતા-રડતા દીકરીના મૃતદેહ સામે જોતા રહ્યા:કહ્યું-હું અહીંથી નહીં હટું, અમદાવાદમાં ડમ્પર ચાલકની ટક્કરથી માતાની નજર સામે જ 12 વર્ષની બાળકીનું મોત...

અમદાવાદ | અમદાવાદના થલતેજ વિસ્તારમાં સ્કૂલેથી છૂટીને માતા સાથે એક્ટિવા પર ઘરે જઈ રહેલી 12 વર્ષીય બાળકી આરાધ્યા બારોટનું ડમ્પરની ટક્કરે કરુણ મોત નીપજ્યું છે. ડમ્પરચાલકે માતા-પુત્રીને અડફેટે લેતાં માતાની નજર સામે જ દીકરીએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે નાના ભાઈને ઈજા પહોંચી છે. નોંધનીય છે કે, આ ડમ્પરે અગાઉ પણ એક અકસ્માતમાં બે લોકોનો જીવ લીધો હતો. દીકરીની ડેડબોડી જોઈને પિતા ઘટનાસ્થળે જ ભાંગી પડ્યા હતા, જેના કારણે કરુણ દૃશ્યો સર્જાયા હતા.

મૃતક આરાધ્યા બારોટ વસ્ત્રાપુરની સ્કુમ સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. ઘટના સમયે એક્ટિવા પર માતા, આરાધ્યા અને તેનો નાનો ભાઈ જઈ રહ્યા હતા. ડમ્પરની




ટક્કરથી આરાધ્યાનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે તેના ભાઈને ઈજા થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અકસ્માતમાં માતાને કોઈ ઈજા પહોંચી નથી. ઘટનાની જાણ થતાં જ એસ.જી. 1 ટ્રાફિક પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી ચાલકની ધરપકડ કરી ડમ્પર જપ્ત કર્યું છે, જ્યારે બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના એનાલિટિકલ સ્ટડી ઓફ રોડ એક્સિડન્ટ્સ ઈન ગુજરાત-2024ના અહેવાલમાં અકસ્માતના પ્રમાણને લઈને ચિંતાજનક ચિત્ર રજૂ કરાયું હતું. રિપોર્ટ અનુસાર, વર્ષ 2024માં સમગ્ર ગુજરાતમાં કુલ 15,588 માર્ગ અકસ્માત થયા હતા, જેમાં 7,717 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ સિવાય કુલ 14 હજારથી વધુ લોકો ઘાયલ થયા હતા જે પૈકી 9,301 લોકો તો ઈજાગ્રસ્ત થતાં અપંગતાનો ભોગ બન્યા હતા. આ રિપોર્ટ પરથી એવા તારણ બહાર આવ્યા છે કે, ગુજરાતમાં રોજ સરેરાશ 20 લોકો રોડ એક્સિડન્ટમાં મોતને ભેટે છે.

ગુજરાતના માર્ગો પર રોજ સરેરાશ 40 અકસ્માતો સર્જાય છે અને દરરોજ 20 લોકો મૃત્યુ પામે છે. અકસ્માતો પાછળનું સૌથી મુખ્ય અને મોટું કારણ વાહનોની ઓવર સ્પીડ હોવાનું સામે આવ્યું છે. નિયત ગતિ મર્યાદા કરતાં વધુ ઝડપે વાહન ચલાવવાની લ્હાયમાં નિર્દોષ નાગરિકો કાળનો કોળિયો બની રહ્યા છે.

## માદલપુર રેલવે ગરનાળામાં લક્ઝરી બસ ફસાઈ બસ ટકરાતા લોખંડની રેલિંગ ખસી ગઈ

અમદાવાદ | શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા માદલપુર રેલવે ગરનાળામાં રાત્રે એક લક્ઝરી બસ ફસાઈ ગઈ હતી. લક્ઝરી બસના ચાલક દ્વારા ગરનાળામાંથી બસ કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે બસના છતનો ભાગ રેલવે ગરનાળાની આગળના ભાગે લગાવવામાં આવેલી લોખંડની રેલિંગ સાથે અથડાયો હતો અને રેલિંગ પણ ખસી ગઈ હતી.

લક્ઝરી બસ ફસાઈ જવાના કારણે બાદલપુર ગરનાળામાંથી પસાર થતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ક્રેન બોલાવીને રેલિંગનો ભાગ ઉંચો કરવામાં આવ્યો અને ત્યાર બાદ બસને બહાર કાઢવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે બસચાલકની આ બેદરકારી અને રેલવે ગરનાળાને નુકસાન થતાં તેની સામે કાર્યવાહી થઈ શકે છે. મળતી માહિતી મુજબ શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં ગુજરાત કોલેજ તરફ જવાના રોડ પર અમદાવાદ-ભાવનગર- બોટાદ રેલવે લાઈન પર માદલપુર રેલવે ગરનાળું આવેલું છે. ગરનાળાની હાઈટ ખૂબ જ નીચી આવેલી છે, જેથી લક્ઝરી બસ સહિતના મોટા વાહનો ત્યાંથી પસાર થઈ શકતા નથી તેમ છતાં પણ ગઈકાલે સાત સપ્ટેમ્બરના રોજ રાત્રે એક ખાનગી લક્ઝરી બસના ચાલક દ્વારા માદલપુર ગરનાળામાંથી બસને કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગરનાળુ નીચું હોવા છતાં પણ બસ ચાલે કે બસ નીકળી જશે તેમ માની અને બસ ગરનાળામાં નાખી હતી જેના કારણે બસની છતનો ભાગ આગળના ભાગે લગાવેલી રેલિંગને અથડાયો હતો.

છતની ઉપરનો ભાગ રેલિંગને અથડાતા આખી રેલિંગ ખસી ગઈ હતી અને બસના છતના ભાગને પણ નુકસાન થયું હતું. ગરનાળાની વચ્ચે બસ અટવાઈ ગઈ હતી, જેના કારણે વાહનચાલકોને હાલાકી પડી હતી. બસ વચ્ચે ઉભી રહી ગઈ હતી અને રેલિંગના નુકસાન થયું હતું. ત્યાર બાદ પોલીસ અને રેલવે પોલીસ પણ સ્થળ ઉપર પહોંચી હતી.